યૌવનનાં સ્મરણો.

સૌ. પ્રમદા.

યૌવનનાં સ્મરણો.

લેખિકા:

સૌ. પ્રમદા.

પ્રકાશક:

રામુ ઠક્કર.

મુંબઇ.

સોલ એજંટ:—મોતીલાલ શામળદાસ શર્મા.

નં. ૧૦, સેંડહર્સ્ટ રોડ, મુંબઇ.

સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

આ પુસ્તક, મુંબઈ, "ભારત-સેવા" પ્રિંટિંગ પ્રેસ-નં. ૪-૬, મરીન ક્રોસ લેન, બેન્ક સ્ટ્રીટમાં રા. હરજીવન કાલિદાસ મહેતાએ છાપ્યું અને રામુ ઠક્કરે સર્વંટસ ઓફ ઈંડીઆ સોસાયટી-સેંડહર્સ્ટ રોડ, ગિરગામમાં પ્રકટ કર્યું છે.

પ્રસ્તાવના.

છેક નાની ઉમરથી મેં ડાયરી લખવાની ટેવ પાડી છે. જિન્દગીના કોઈક કોઇક દિવસે કોઇ ખાસ જાણવા જેવો અને સ્મરણમાં રાખવા જેવો બનાવ બને તે ડાયરીમાં નોંધી રાખું છું. આવા કેટલાક બનાવોને એક વાર્તા રૂપે સંકલિત કરીને આ પુસ્તકના આકારમાં પ્રસિદ્ધ કર્યા છે.

લાંબા લાંબા સમયને અન્તરે બનેલા બનાવોને વાર્તારૂપે જોડી દેવાને માટે મૂલ લખાણમાં ઘણે સ્થલે નવા ઉમેરા કરવા પડયા છે.

એક યુવાન પત્નીની ડાયરીમાં સ્વાભાવિક રીતે રસ અને સ્નેહના ઉભરાઓ સિવાય વાંચકોને વધુ અપેક્ષા રાખવાનું કારણ નથી. એથી વિશેષ આપવાનો મેં પ્રયત્ન કર્યોજ નથી.- એમ કરવાની મારામાં શકિતયે નથી. મારી વાર્તા અમુક વર્ગના વાંચકોનેજ રૂચે તેવી છે. એ વર્ગ તેની કદર કરે તો મને સન્તોષ છે, તારીફને યોગ્ય તો તેમાં હું કશું જોતી નથી.

પુસ્તકમાં ભુલો રહી ગઇ છે એવું લેખકને ભાન હોય છતાં, એ ભુલો સહિતનું પુસ્તક પ્રકટ કરીને તેમાંની ભુલો માટે વાંચનારની માફી માગતા ઘણા લેખકોને મેં જોયા છે. મારા પુસ્તકમાં ભુલો હશે ખરી, પણ એને માટે ક્ષમા

માગવાની હું જરૂર જોતી નથી. યુવાન પત્નીના ઉછળતા હૃદયના ઉભરાઓમાં ઘણે સ્થલે અપૂર્ણતા હશે. વાંચનારાઓએ ધ્યાનમાં રાખવું કે આ પુસ્તક તે મારી ડાયરીનાં પાનાં છે અને તે મેં મારા પોતાનાજ ઉપયોગને માટે લખેલાં. પ્રકાશકની વિનતિથી તે હું જાહેરમાં મુકું છું—એનાપર કશી ટિકા થવી જરૂરની નથી.

What is writ is writ.
Would it were worthier. *

મુમ્બઈ.
તા. ૧૫ મી ઓગસ્ટ
૧૯૨૦.

સૌ. પ્રમદા.

---

* Lord Byron:

જે લખાયું તેજ લખાઈ ગયું.

હું ઇચ્છું છું કે એ વધારે સારૂં લખાયું હોત.

પ્રકાશકનું નિવેદન.

આ પુસ્તક લખીને તૈયાર કરવામાં સૌ. પ્રમદા બ્હેનને અને પ્રકાશનમાં મ્હને પોતાને અનેક સન્નારીઓ અને સજ્જનો મિત્રો-સમ્બન્ધીઓ તરફથી અનેકવિધ સાહાય્ય મળી છે. એ માટે લેખિકાની વતી તેમજ મ્હારા પોતાના અન્તઃકરણથી તે સૌનો હું આભાર માનું છું.

લખાણમાં કેટલેક ઠેકાણે વ્યાકરણની અગર ભાષાની ભુલો રહી ગઈ છે તે સુધારવાનું મ્હને કહેવામાં આવેલું પણ અવકાશને અભાવે એ કાર્ય મુલતવી રાખવું પડયું છે. આ ભુલોને માટે લેખિકાની પ્રસ્તાવનામાં યોગ્ય ખુલાસો કરવામાં આવ્યો છે તેથી મ્હને સન્તોષ છે.

છાપની કોઈ કોઈ ભુલો માટે છાપખાનું જવાબદાર છે. એ તો નજીવી છે અને સમજુ વાંચનાર જાતેજ સુધારી લેશે એવી આશાથી શુધ્ધિપત્ર નથી આપ્યું.

પ્રકાશક.

ચન્દ્રની સોળ કલાઓ ખીલી અને

તને વિકસાવવા તેણે પ્રયત્ન

આદર્યો તેવામાંજ ચુંટાઇ

ગયેલ અણ વિકસ્યું

કુમુદ!

તને અર્પણ.

દિન એક ગયો પછી લાખ ગયા,
શિરમાં પળીયાં પણ આવી ચુક્યાં,
ઉરનું જલવુંય શમીજ જશે
પણ તે ચટકું ફરી ક્યાં મળશે?

*　　　*　　　*

કંઈ બાકી રહ્યું, હરિ માગી લઉં
ન સુકાય ભલે જલ નેત્ર તણું
પણ તે દિનને વિસરાવીશ ના
સ્મૃતિ તે રહી તો દુઃખ લાખ ભલા.

કલાપી.

યૌવનનાં સ્મરણો.

૧.

ઘણાં વરસો પહેલાંની આ વાત છે.

એક દિવસ હું મારા વર ઉપર કાગળ લખવા બેઠી. વરને કેમ કાગળ લખાતો હશે એ મને ખબર ન્હોતી. મારી ઘણી સહિયરો પરણેલી હતી અને પોતાના વરને વારંવાર કાગળો લખતી; પણ મને તેમને પૂછતાં એટલી બધી શરમ લાગતી કે અત્યાર સુધી હું એ કલાથી અજ્ઞાતજ રહી હતી.

હું પરણી ન્હોતી—છતાં મારે વર હતો. અમારી ન્યાતના રિવાજ પ્રમાણે પ્રથમ વેવિશાળ થાય અને પછી અમુક વખત વીત્યે લગ્ન થાયછે. વેવિશાળ અને લગ્ન વચ્ચેનો સમય પતિ–પત્નીના હૃદયનું ઐક્ય કરવામાં ગાળવો એવો નિયમ અસલ હશે ખરો, પરંતુ અત્યારે તો એ નિયમ અમારી ન્યાતમાંથી નષ્ટ થએલો છે. અત્યારે તો એવો રિવાજ છે કે લગ્ન થયા પહેલાં પતિ–પત્ની એકાન્તમાં મળી શકેજ નહિ.

મારી ઝિન્દગીની ભર જુવાની શરૂ થયેલી હતી. મારી આસપાસના સંજોગો, વાતાવરણ, મારી સોબત અને મારું વાચનઃ એ બધાંએ મને બહુ રસિક બનાવી હતી. પતિ–પત્નીના સમ્બન્ધને હું સમજતાં શિખી હતી અને મારૂં લગ્ન જલદી થાય એવું ઇચ્છયાં કરતી હતી. મારા વરને મેં મારી ઝીણી સાડીના અન્તરપટમાંથી વારંવાર જોયા હતા. અમારી ન્યાતમાં લાજ કાઢવાનો રિવાજ છે. કુમારી હતી ત્યાં સુધી હું મારા વરની લાજ કાઢતી, છતાં લાજના આવરણમાંથી મે હું બધું

જોઇ શકતી. મારા વર કદિ મારૂં મ્હોં જોઇ શકતા નહિ. હું તેને જોતી ત્યારે મારા હૃદયમાં અવનવા ભાવો ઉત્પન્ન થતા, અને લોકલજ્જા રૂપી મોટું વિઘ્ન અમને બન્નેને વાત કરતાંય અટકાવતું એ જાણી સન્તાપ થતો.

પ્રબલ લાગણીઓ ઝાઝો વખત દાબી રાખી શકાતી નથી. નિરન્તર મને મારા વરનાજ વિચારો આવ્યા કરતા અને પરણ્યા પછીના મારા વિલાસો કેવા થશે તેની કલ્પના થયા કરતી. કવચિત્ તો હું કલ્પનામાં એટલી ઉંડી ઉતરી જતી કે જ્યારે કલ્પના ઉડી જાય ત્યારે મારી કોઇક પ્રિય વસ્તુ ખોવાઇ ગઇ હોય તેટલો મને ખેદ થતો. એવી સુન્દર કલ્પનાઓ શું કંઈ ઘડી ઘડી થોડીજ આવે છે?

એક વેળા મારા વરને મળવાની ઇચ્છા મને બહુ થતી, પણ એ બનવું અશક્ય લાગતું અને તેથી મેં મારા હૃદયની લાગણીઓને પત્રદ્વારા રસ્તો આપવાનું મન કર્યું. ઘણા ઘણા વિચારો કર્યા પછી હું નિશ્ચય ઉપર આવી. વરને શું લખાય તે ખબર ન્હોતી, છતાં લખતાં તો હું શિખી હતી, એટલે જેવું આવડે તેવું પણ કંઇક લખવુંજ એમ નક્કી કરી રાખ્યું.

એક સાંજે હું ઘરકામથી પરવારી, કાગળ અને પેન્સીલ લઇ એક ઓરડામાં પત્ર લખવા બેઠી. ઓરડાની બહાર કે અન્દર એ વખતે કોઇ હતું નહિ, એટલે મારૂં લખેલું કોઇ આવીને વાંચી જશે એ બ્હીક મને ન્હોતી.

પેન્સીલ હાથમાં લીધી, કાગળપર શબ્દો પાડવાનો પ્રયત્ન કર્યો. શરૂઆત કેમ કરવી તેજ સમજાયું નહિ. હાથ ધ્રુજવા લાગ્યા અને શરીરે પરસેવો થઇ ગયો. કદિ ન અનુભવેલી એવી એક લાગણી હૃદયમાંથી પસાર થઇ ગઇ. વાંચનાર બ્હેન! પતિને પહેલો પત્ર લખતી વેળા શું લાગણી થઇ હતી, યાદ છે ને?

છેવટે શરૂ તો કર્યું.

"પ્રિયતમ—"

એક શબ્દ તો લખાયો. એ શબ્દ લખવાનો તો મેં ઘણા દહાડાથી નિશ્ચય કરી રાખેલો, એટલે તરતજ લખી કાઢયો. પણ પછી આગળ હાથ ચાલ્યો નહિં. એટલામાં બહાર કંઇક ખખડાટ થયો. હું એકદમ ઉભી થઇ ગઇ, પત્ર ચોળીના ખીસામાં જેમ્‌તેમ દેસવી દીધો, અને બહાર ગઇ ત્યાં કોઇજ ન્હોતું. પવનના ખાલી ખખડાટથી ડરી એથી મને શરમ આવી, પણ વાંચનાર! તને ખ્યાલ તો છે ને કે કેટલીક સ્થિતિમાં તો એક સળી હલે તોય આપણે સાવધ થઇ જવું પડે છે?

પાછી લખવા બેઠી. ખીસામાંથી કાગળ કાઢયો, પણ તે ચોળાઇ ગયેલો લાગ્યો તેથી બીજો લીધો. પેલા કાગળમાં એકજ શબ્દ લખેલો હતો, છતાં તેના ઝીણા ઝીણા કટકા કરી, છુટાછુટા વેરી નાંખ્યા.

બીજીવાર લખવા માંડયું—એજ શબ્દ પાછો લખ્યો.

"પ્રિયતમ!..."

વળી અટકી, પણ છેવટે કાગળપર શબ્દો પાડયા ખરા.

"આજ તો અચાનક તમને પત્ર લખવાની ઉર્મિ થઇ આવી છે, પણ બહુ વિચાર કરૂંછું તોય શું લખવું અને કેમ લખવું તે સુઝતું નથી. મારી અપૂર્ણતા તરફ નજર ન કરતાં, જેવું તેવું મેં લખ્યું છે તે સ્વીકારી લેશો. વ્હાલા! આ એકજ લીટી લખુંછું, તે વાંચી કૃપા કરી, ધ્યાનમાં રાખશો.

'પ્રભુ મને પલકે વિસરશોમાં.' *

લિ. તમારી **પ્રમદા.**"

---

* અનન્તપ્રસાદ.

આપણું પોતાનું લખેલું ગમે તેવું નિર્માલ્ય હોય, તો પણ આપણને તો વાંચવા ગમે. અને તેમાંય આ તો પ્રિયતમને લખેલ પહેલો પત્ર! મેં એ વાંચ્યો, બીજીવાર વાંચ્યો–વાક્યે વાક્યે હૃદયને જાણે વિજળીનો ધક્કો વાગતો હોય નહિ!

૨.

મારૂં પીયેર અને સાસરૂં એકજ ગામમાં હતાં. કુમારી વહુ પર સાસુ સસરાને બહુજ સ્નેહ હોય છે; તેવો સ્નેહ તેમનો મારા પર પણ હતો. અમારી ન્યાતના રિવાજ પ્રમાણે દરેક સારે અવસરે મને મારે સાસરેથી તેડું આવતું. સવારથી સાંજ સુધી હું સાસરે રહેતી અને સાસુ નણન્દનો સ્વભાવ તથા ઘરની રીતભાત જાણી લેવા પ્રયત્ન કરતી. જે દિવસે મેં પત્ર લખ્યો તેને બીજેજ દહાડે મને મારે સાસરેથી તેડું આવ્યું. તે દિવસે મારા વરની સાલગીરી હતી.

હું ગઇ. આગલે દિવસે પત્ર લખેલો તે કેમ જાણે કંઇક શરમ ભરેલું કાર્ય કર્યું હોય નહિ, તેમ મને મારા મનમાં શરમ લાગ્યા કરતી હતી. મારા વર તો મારૂં મ્હોં જોઇ શકે તેમ ન્હોતા, પણ હું મારા સાળુના આવરણમાંથી તેને જોઇ શકતી અને જોઇ જોઇને શરમાતી હતી. વખતે, ઘરનાં બીજાં માણસોને પણ મારા લખેલા કાગળની ખબર પડી ગઇ હશે એમ માનીને તે બધાંથી યે શરમાતી. કોઇ મારા સામું જોઇને સ્મિત કરે તો પણ જરૂર આને ખબર પડી છે, એમ ધારીને હું તેનાથી દૂર ખસી જવા પ્રયત્ન કરતી. આવી લાગણીનો, વાંચનાર બ્હેન! તેં કદિ અનુભવ કર્યો છે ખરો?

થોડાક દિવસો જતાં એ શરમ ચાલી ગઇ. પત્રનો જવાબ આવ્યો. એ વાંચતી વેળા મને જે લાગણી થઇ તે વર્ણવવાનો મિથ્યા પ્રયત્ન હું કરતી નથી. તમને કોઇને એ લાગણીનો અનુભવ હશે તોજ સમજાશે.

પત્રવ્યવહાર આમને આમ ચાલુ રહ્યો અને એ દ્વારા અમે એક બીજાનું મન કેટલેક અંશે સમજી શક્યાં. મારા વરનો સ્વભાવ કેવો છે એ મને કંઇક સમજાયું. તેના પ્રેમનું યોગ્ય પાત્ર બનવાને માટે મારે કયા કયા ગુણો પ્રાપ્ત કરવા, કયા કયા ખિલવવા, શું વાંચવું, કેવી રીતે વર્તવું, વગેરે બાબતો પર તે પત્રમાં જે જે સૂચનાઓ કરતા તે હું ધ્યાનમાં રાખી તેનો અમલ કરવા બનતો પ્રયાસ કરતી. આમને આમ કેટલોક વખત વહી ગયો અને મારું લગ્ન થવાનો દિવસ આવી પહોંચ્યો.

મારી સહિયરો પરણે ત્યારે માંડવો મ્હાલીને અને મારા મિત્રો પરણે ત્યારે જાન મ્હાલીને લ્હાવો લેવાની મને કાયમ હોંસ રહ્યાં કરતી. સગાં અને સ્નેહીઓના લગ્નમાં બન્ને પક્ષ તરફથી વારંવાર હું લગ્નોત્સવ મ્હાલવાને જતી, પરંતુ લગ્નના વિધિ તરફ મને એટલો બધો અણગમો છે કે, બનતાં સુધી લગ્નક્રિયામાં હાજર રહેતી નહિ. ક્રિયા પ્રસંગે ફરજીયાત હાજરી આપવીજ પડે એવા પ્રસંગો પણ ક્યારેક આવ્યા હતા, પણ તેવે વખતેય હું છટકી જતી અને કંઇક બ્હાનું કાઢી મંડપમાંથી ન્હાસી જતી. લગ્નનો વિધિ એકાદવાર થતો જોયા પછી કોણ જાણે શાથી મને એના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો હતો એટલે એ વિધિ જોવા મન થતું નહિ. મારો એવો અભિપ્રાય છે કે લગ્નનો અત્યારે જે વિધિ છે તે કાં તો સારો થાય અને કાં તો નષ્ટ થઇને તેને બદલે કોઇક બીજો વિધિ ગ્રહણ કરવામાં આવે.

છતાંયે મારું લગ્ન એ વિધિ અનુસારજ થવાનું હતું. લગ્નનો દિવસ આવ્યો અને સવારથી સાંજ સુધી હું મારા દેહને શણગારવામાંજ રહી. મને ઇશ્વરે ઘણું સૌન્દર્ય આપેલું છે. "હું સુન્દર છું" એવું ભાન જે સ્ત્રીને હોય છે તે પોતાનાં કપડાં ઘરેણાં

પહેરવામાં, ન્હાવા ધોવામાં, વાળ ઓળવામાં, બોલવા ચાલવામાં અને ટુંકામાં પોતાના દરેક કામમાં બહુ સાવધ રહે છે. જે વસ્ત્રોથી પોતાનું સૌન્દર્ય વધારે ખિલે તે વસ્ત્રો તે પહેરે છે, અને તેજ પ્રમાણે બીજી બધી બાબતોમાં પોતાના મૂલ સૌન્દર્યને વધારે મોહક બનાવવાની કાળજી રાખે છે. હું સુન્દર છું એ વાતની મને સાચી પ્રતીતિ હતી. અને આજે કેમ વધારે સુન્દર લાગું એ ખ્યાલમાં ને ખ્યાલમાં આખો દિવસ મેં ભાતભાતના વસ્ત્રો–આભુષણો પહેરવામાં અને ફરીફરી આરસીમાં મ્હોં જોવામાંજ વીતાડ્યો.

સાંજે મોટા વરઘોડા સાથે ઘોડે ચ્હડીને મારા વર પરણવા આવ્યા. વિધિ અનુસાર લગ્ન સમાપ્ત થયું અને જગતની દૃષ્ટિએ હું મારા વરની થઇ–મારા મનથી તો હું ક્યારની તેની થઇ ચુકી હતી.

એ દિવસ અગાઉ કેટલીક નાની નાની બાલાઓ મારા ઘર પાસેના ચોકમાં ફરતી ફરતી એક નાનકડો રાસ ગાતી હતી તે મને આખો વખત યાદ આવ્યા કરતો હતો.

“અમે એક એકલીઓ
અમે બેય બ્હેનડીઓ
અમે ત્રણ તારાઓ
અમે ચાર ચતુરાઓ
અમે પાંચ પનોતી
અમે છય છબીલી
અમે સાત સાહેલી
અમે આઠ અલબેલી

અમે નવ ન્હાનકડી
અમે માળાની ચકલીઓ
અમે કાલે ઉડી જાશું
અમે ઘરધંધામાં પડશું " ......વગેરે.*

હું કાલે ઉડી જવાની હતી—બાપનું ઘર છોડીને સાસરે જવાની હતી.

બીજે દિવસે જાન વળી ત્યારે,

" અમે રે લીલા વનની ચકલીઓરે,
આજે દાદાજીને આંબલીએરે,
કાલે દેશ પરદેશજો "

એ ગીત સ્ત્રીઓ ગાતી હતી અને મારી માતા એને બીજી સ્ત્રીઓ–સખીઓ રડતી હતી. ડુસકાં અને નિઃશ્વાસો વચ્ચે મેં બાપનું ઘર છોડયું અને બીજું ઘર મારૂં કરવા સાસરે આવી. લગ્ન જેવા આનન્દના ઉત્તમ અવસરે ય આમ આંસુઓ પડે છે એ તો વાંચનાર ને ખબર હશે.

સાસરે આવી ત્યાર પછી વળી કેટલોક વિધિ કરવાનો હતો તે સમાપ્ત થયો. થોડી વારે સગાં વ્હાલાંઓ વિખરાઇ ગયા અને ધીમે ધીમે, મોડીરાત થઇ ત્યારે મને મારા શયનખંડમાં મોકલવામાં આવી.

૩.

મારો શયનખંડ આજે ખૂબ ઠાઠથી શણગારવામાં આવ્યો હતો. છવિઓ તો જે કાયમ રહેતી તેજ દેખાતી હતી–ફક્ત રાધા કૃષ્ણના નિર્મલ શ્રંગારના એક બે ચિત્રો વધારે મુકવામાં આવ્યાં હતાં. ચિત્રોની નીચે ન્હાની ન્હાની અભરાઇઓ પર સુવાસિક અગરબત્તીઓ સળગી રહી

* બાલગીતોમાંથી.

હતી અને છવિયોને મોગરાના ને ગુલાબનાં ફુલોના હાર પહેરાવવામાં આવ્યા હતા. ઓરડાની બધી બારીઓને કાચની રંગબેરંગી સુન્દર ભુંગળીઓને તોરણોથી અને ઝીણા શંખલાના પડદાઓથી શણગારી હતી. એક તરફની બારી પાસે એક પલંગપર સુન્દર શૈયા બીછાવી ઉપર સુફેદ ચાદર પાથરી હતી અને તે પર અનેક પ્રકારના સુગન્ધી ફુલો વેરેલાં હતાં. એક તરફ એક ટેબલ તથા બે ત્રણ ખુરસીઓ પડેલી હતી અને ટેબલ પર અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને બીજી ભાષાઓનાં ઘણાંક પુસ્તકો પડેલાં હતાં. ચોતરફ બધું સ્વચ્છ અને મોહક લાગતું હતું—આખા વાતાવરણમાંજ રસિકતા જણાતી હતી. ફુલ અને ધુપની સુગંધથી મન ઉન્મત્ત બનતું હતું. પ્રથમ તો આખા ખંડમાં ફરીને હું બધું જોઇ વળી અને પછી એક ખુરસીપર બેસી, એક ચોપડી હાથમાં લીધી અને ઉઘાડી—મેઘદૂત નીકળ્યું. પાનાં ફેરવતાં ફેરવતાં અચાનક આ શ્લોક પર દૃષ્ટિ પડી—

*शापान्तो मे भुजगशयनादुत्थिते शार्ङ्गपाणौ
शेषान् मासान् गमय चतुरो लोचने मीलयित्वा।
पश्चादावां विरहगुणितं तंतमात्माभिलाषं
निर्वेक्ष्यावः परिणतशरच्चन्द्रिकासु क्षपासु ॥

---

* ઉત્તર મેઘ.

યક્ષ પોતાની પત્નીને કહેવરાવે છે કે "આવતી દેવદીવાળીને દહાડે મારો શાપ પુરો થાય છે (માટે) હવે ચાર મહીના આંખ મીંચીને કાઢી નાંખજે. પછી તો આપણે વિરહને લઈને બમણા થયેલા આપણા આત્માના બધા અભિલાષો શરદ ઋતુની ચાંદની રાતોમાં આનન્દથી ભોગવીશું."

લગ્ન પહેલાં ચાર માસે મારા વરે એક પત્ર લખેલો તેમાં આ શ્લોક વાંચ્યાની મને સ્મૃતિ થઇ. ચાર માસ પુરા થઇ ગયા હતા અને હવે તો ચાર મીનીટમાંજ મારા વર મને મળવાના હતા. આ વિચાર કરૂંછું એટલામાં કોઇકે આવીને પાછળથી મારી આંખો દાબી.

એ વખતે મારી છાતી એટલા બધા જોસથી ધબકવા લાગી કે ધબકારા સ્પષ્ટ સંભળાયા. અતિ હર્ષ અને અતિ ભય એ બન્ને પ્રસંગે આમ છાતી ધબકે છે એ અનુભવ તો છે ને? વ્રીડાની લાગણી એ વખતે મેં પ્રથમ અનુભવી. શરમથી હું હાથ છોડવી શકી નહિ—એક અક્ષર બોલી શકી નહિ. પત્રો લખતી વખત હું ખૂબ છુટથી મારૂં હૃદય ખુલ્લું કરતી અને આજેજ થોડીવાર પહેલાં તો 'આમ વાતો કરીશ,' 'આમ બોલીશ' અને 'આમ સ્મિત કરીશ' એવા વિચારો કરતી હતી પણ આંખો દબાયા પછી કશો ઉચ્ચાર કરી શકી નહિ. એ લાગણી! એના વર્ણન કરતાં એનો અનુભવજ વધારે સારો ખ્યાલ આપશે.

થોડીક ક્ષણો આમ ચાલી ગઇ. અન્તે મને હિંમત આવી અને હું ખુરસી ઉપરથી ઉભી થઇ. ઉભી થતાંની સાથેજ મારી આંખો પરથી હાથ ખસી ગયા. આંખો ઉઘાડીને મેં જોયું તો મારા વર હસતે મ્હોંએ મારી સામે ઉભેલા હતા. મેં શરમાઇને નજર ફેરવી નાંખી, તેમનાથી દૂર ખસી ગઇ—અને તેમના તરફ પુઠ ફેરવી ઉભી રહી.

હાથ લંબાવીને તેમણે મારો હાથ ઝાલ્યો—મને પોતાના તરફ ધીમેથી ખેંચી. પરવશ થઇ જઇને હું ખેંચાઇ. મારા બેઉ હાથ તેમણે પોતાના હાથમાં પકડી લીધા અને દાબ્યા. હવે મને કૈંક હિંમત આવી પણ એકે અક્ષર તો મ્હોંમાંથી કાઢી શકીજ નહિ. થોડીવાર આ સ્થિતિજ રહી—છેવટે મારા વર બોલ્યા.

"કેમ છે?" આટલું પુછીને મ્હોં મલકાવી હસ્યા.

મં કૈં જવાબ આપ્યો નહિ. સામેના ચિત્રપર નજર કરી. એક વૃક્ષ નીચે શિલાપર કૃષ્ણ બેઠેલા છે અને તેના હાથમાં બેઉ હાથ મુકી રાધા જમીન પર ગુંઠણ ભેર બેઠેલાં છે—બેઉના મોંપર સ્મિત ઝળકી રહેલું છે.

મને ગુંઠણંભર બેસીને આવો દેખાવ કરવાનું મન થયું પણ તેમ કરતાં શરમ થઇ. વળી એક બે ક્ષણ આ ને આ સ્થિતિમાં ગઇ. ફરીથી પ્રશ્ન થયો.

"કેમ કૈં બોલતી નથી?"

હું મુંગીજ રહી. એક ક્ષણ પછી વળી મારા વર બોલ્યા.

"આટલી બધી શરમ! કૈંક બોલ તો ખરી."

મેં બોલવાનો યત્ન કર્યો—ગદ્‌ગદ્ કંઠે આટલા શબ્દો માંડ બોલી શકી.

"આવી મસ્ખરી શું કરો છો?"

અતિ હર્ષે માણસને રડવું આવેછે. મારી આંખોમાં આંસુ ભરાઇ ગયાં. થોડાંક આંસુ મેં પડવા દઇ, લુંછી નાંખ્યાં.

હું બહુ સુન્દર છું એ તો હું કહી ગઇ છું. મારા બધા હાવભાવ પણ બહુ મોહક છે. દરેક વાક્ય બોલતાં હું ઘણીવાર ગરદન નચાવી, સ્મિત કરૂંછું અને એથી હું બહુ વધારે મોહક લાગું છું. સુન્દર સ્ત્રીઓની કેટલીક સાધારણ ચેષ્ટાઓ પણ રસિક હૃદયના પુરૂષોને મુગ્ધ બનાવી દે છે. મારા એકજ વાક્યથી મારા વર મારા પર બહુજ મોહાઇ ગયા લાગ્યા, અને બોલ્યા.

"અહા! આવું મીઠું બોલતાં આવડે છે એ તો આજેજ ખબર પડી."

"આવી મશ્કરી કરતાં આવડેછે એ પણ આજેજ ખબર પડી, હો." મેં કહ્યું.

ધીમે ધીમે મને બોલવાની હિંમત આવતી ગઇ, અને મારા વર મને સવાલો પુછવા લાગ્યા તેના વિવિધ અભિનયો કરી મીઠા સ્વરથી ઉત્તર આપતી ગઇ. રાત આમને આમ આગળ ચાલી–તે રાતે અમે બિલકુલ ઉંઘ્યાંજ નહિ.

×× ×× ×× ××

આજે વરસો વીતી ગયાં છે, છતાં એ સ્મૃતિ ભુલાઇ નથી. એ રાત યાદ કરૂં છું ત્યારે અજબ આનન્દ થાય છે. વાંચનાર બ્હેન ! તને યાદ છે ને, પતિના સમાગમની પહેલી રાત કેવી સરસ વીતી હતી ?

વખત ચાલતો ગયો અને રોજ રોજ અમારી રાત અનેક પ્રકારની વાતો કરવામાંજ ચાલી જતી. થોડે વખતે, મને જે શરમ લાગતી હતી તે ચાલી ગઇ, અને પછી મારૂં અન્તર હું મારા વર પાસે વધુ વધુ ખુલ્લું કરતી ગઇ. આમ અત્યન્ત સુખમાં સમય વહી જતો હતો અને થોડા વખતમાં તો મારૂં લગ્ન થયાને છ માસ પુરા થયા–એટલો લાંબો વખત ક્યાં ચાલ્યો ગયો તે મને તો ખબરે પડી નહિ.

એ છ માસ દરમીઆન સાસરામાં હું નવી જૂની થઇ ગઇ હતી. સાસુનો પ્રેમ મેળવી શકી હતી અને સાસરાજીનું સારૂં 'સર્ટિફીકેટ' પ્રાપ્ત કર્યું હતું. મારા વર સાથે મારૂં હૃદય એક કરી નાંખ્યું હતું, અને એ છ માસમાં ઘણું ઘણું વાંચી નાંખ્યું હતું.

હું છોકરી મટી સ્ત્રી થઇ હતી. મારામાં કૈંક ગાંભીર્ય આવવા માંડ્યું હતું અને એની સાથે મારા સૌન્દર્યમાં ઘણો વધારો થયો હતો.

બોલવાની મીઠાશ વધુ મોહક બની હતી અને શરીરના હાવભાવ વધુ આકર્ષક થતા જતા હતા. મારા વરના ઘણા મિત્રો સાથે હું વાતચિત કરતી હોઉં ત્યારે તેઓ ઘણીવાર મારા તરફ આશ્ચર્યથી જોઇ રહેતા. વિવિધ વિષયો કાઢી મારી સાથે વાત કરવાનો પ્રસંગ શોધતા અને મને વારંવાર મળવા ઇચ્છતા. આ બધું મારી જાણ બહાર ન્હોતું.

આપણા સમાજમાં સ્ત્રીઓને પુરૂષો સાથે હરવા ફરવાની છુટ હોતી નથી. અમારી ન્યાત સુધારામાં ઘણી પછાત હતી. ન્યાતમાં કેટલાંક કુટુમ્બોમાં ખોટી મર્યાદા એટલે સુધી સચવાતી કે કોઇ પરાયો પુરૂષ મળવા આવે ત્યારે ઘરમાં કોઇ પુરુષ હાજર ન હોય તો સ્ત્રીઓ તે મળવા આવનાર સાથે એક શબ્દ પણ બોલે નહિ, અને મળવા આવનારને શરમાઇને પાછા ચાલ્યા જવું પડે. મારા પિયેરમાં અને સાસરામાં આવાં બન્ધનો ન્હોતાં. પતિના સૌ મિત્રો સાથે હું છુટથી વાતો કરી શકતી કેમકે મને મારા ચારિત્ર્યની નીતિમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. જો સ્ત્રી નીતિમાન્ રહેવા ધારે તો પુરુષમાં એટલું સામર્થ્ય નથી કે એ નીતિનો તે ભંગ કરાવી શકે. હું દરેક રીતે સંતુષ્ટ હતી, માટે કુમાર્ગે જવાનું મને સ્વપ્નેય સુઝતું ન્હોતું. મારા સ્વામીને મારાપર પુરતો વિશ્વાસ હતો અને તેથી મારા મિત્રમંડલમાં પુરુષો પણ ઘણા હતા. કોઇ વાંચનારાઓને કદાચ આ વાક્ય વાંચી આશ્ચર્ય લાગશે. આપણા સમાજની સ્ત્રીને પુરુષ મિત્રો! પણ હા. જેટલા મારા વરના મિત્રો તે સૌ મારાય મિત્રો હતા. મારી ઘણી સહિયરો તેમના વરના અંગત મિત્રોનાં નામ પણ જાણતી નથી. કોઇક મિત્ર પોતાના વરને મળવા આવે ત્યારે કેમ જાણે પોતાનું હરણ કરવા આવ્યો હોય તેમ ભડકીને તેઓ ઘરના અંદરના ભાગમાં છુપાઇ–સંતાઇ–જાય છે. આવા દેખાવો મને વારંવાર જોવા મળતા ત્યારે મારી ઘણી સહિયરોની અને તેમના વરની હું દયા ખાતી.

૪.

રસ્તે ચાલતી કોઇ મદોન્મત્ત સુન્દરીને તમે જોઇ છે? 'સુન્દરી' એટલે 'સ્ત્રી' એટલુંજ નહિ. ઘણા લેખકો 'સ્ત્રી' ના અર્થમાં 'સુન્દરી' શબ્દ વાપરે છે, પણ હું જ્યારે 'સુન્દરી' લખું ત્યારે 'સુન્દર સ્ત્રી' એમ સમજવું. યૌવનના પુર બ્હારમાં, સરસ વસ્ત્રાભુષણો પહેરીને, હાથીની ગતિથી કોઇ સુન્દરીને કોઇવાર રસ્તે ચાલતી જોઇ છે? અને, જોઇ હોય તો, વાંચનાર યુવાન! તારા હૃદયને પુછી જો કે તને ઘડીભર ઉન્નત વિચારો આવ્યા છે કે નહિ? રસ્તે ચાલનાર સ્ત્રીઓની સામું ટીકી ટીકીને જોયાં કરવાની અને એથીય આગળ વધીને કવચિત્ અણઘટતા શબ્દો તેમને સંભળાવવાની કેટલાક દુષ્ટોને ટેવ હોય છે. એવાને મારો આ સવાલ નથી. હું તો સત્પુરુષોને પુછું છું. જેના હૃદયમાં મલિન વાસનાને અવકાશ નથી તેવા સદાચારી યુવાનોને પુછું છું કે તમને કદિ એવી સુન્દરીઓ જોવા મળી છે? અને મળી હોય તો તેમને જોઇને તમે શું શું વિચારો કરો છો એ ખ્યાલ છે?

પ્રભુએ સ્ત્રીઓને સુન્દર બનાવી છે તે માત્ર વિકારોની તૃપ્તિ અર્થે નહિ, પરંતુ એ સુન્દરતા પરથી પ્રભુત્વનો વિચાર કરવા માટે. સૌન્દર્યમાં પ્રભુત્વ છે એટલે સુન્દરીઓ તરફનો શુદ્ધ, નિષ્કામ પ્રેમ પ્રભુની વધારે નિકટ લઇ જાય છે એ વાત સત્પુરુષો! સદાય સંભારી રાખજો. સાથે સાથે એટલુંય યાદ રાખજો કે:—

"સૌન્દર્યો વેડફી દેતાં નાના સૌન્દર્ય સાંપડે,
સૌન્દર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે." *

દેહના વિલાસોને અર્થેજ જગતમાં સૌન્દર્ય નથી, પણ આત્માની ઉન્નતિને અર્થે છે.

---

* કલાપી.

સ્ત્રીઓમાં અજબ મોહિની છે. એ છતાં બિલકુલ ખરાબ વિકાર વગર પણ પર સ્ત્રી તરફ દૃષ્ટિ પાત કરી શકાય છે અને વાત ચિત કે સ્મિત પણ કરી શકાય છે. પરંતુ એ સ્થિતિએ પહોંચનાર પુરૂષને ઘણા સબલ હૃદયની જરૂર છે. મારા પરિચયમાં એવા ઘણા સદાચારી યુવકો આવેલા, અને તેઓ સુન્દરીઓના સહવાસથી જીવનમાં ઉંચા ચ્હડતા જતા હતા અને સ્ત્રીઓને માટે દિવસે દિવસે વધુ વધુ માન ધરાવતા જતા હતા.

સ્ત્રીઓમાં બે પ્રકારની શરમ હોય છે. એક તો જેને સંસ્કૃતમાં ત્રપા કહે છે તે—અટલે કે લજ્જા. સ્વાભાવિક રીતેજ સ્ત્રી લજ્જાળ હોય છે. બીજી એક ખોટી શરમ—ઉપરના દેખાવવીજ શરમ—વ્રીડા. સ્ત્રી ધારે ત્યારે એ બન્નેમાંથી એક અથવા બન્ને પ્રકારની શરમ બતાવેછે. પોતાના પતિની સાથે પત્ની એકાન્તમાં હોય અને જ્યાં વ્રીડાનો લેશ માત્ર આવિર્ભાવ નહોય ત્યાં પણ કુદરતી લજ્જા કૈંક ટકી રહેછે ખરી. કોઇ પણ અપરિચિત પુરૂષની સાથે પ્રથમ વાતચિતનો પ્રસંગ આવતો ત્યારે સ્વાભાવિક લજ્જા ઉપરાંત ખોટી શરમ પણ હું બતાવતી. પરિચય વધતાં, એ ખોટી શરમનો ત્યાગ કરી માત્ર સ્ત્રીના અભુપણ રૂપ જે લજ્જા છે તેજ ટકાવી રાખતી.

મારા પરિચયમાં આવનાર અનેક યુવાનોમાંના એકમાં મને ખાસ આકર્ષણ લાગતું, અને એના પર મને બહુ સ્નેહ બંધાયો હતો. પરપુરૂષ ગમે તેટલો સુન્દર હોય તો પણ તેને વિષે મને કદિ વિષયી વિકાર ઉત્પન્ન થતો નહિ એ વાતની મને પોતાને તેમજ મારા વરને પૂર્ણ પ્રતીતિ હોવાથી ગમે તે માણસ સાથે વગર સંકોચે હું વાતચિત કરી શકતી અને મિત્રો સાથે તો એથી પણ વધુ છુટ લઇ શકતી.

જે યુવાનની હું વાત કરવાની છું એ પણ મારા વરનો એક નિકટનો મિત્ર હતો. નિશાળમાં સહાધ્યાયી હોઇને પ્રથમ એને મારા વર સાથે દોસ્તીની ગાંઠ પડલી અને પછી ધીમે ધીમે એ દોસ્તી એટલી બધી જામી ગઇ કે મારા વરનું અને તેનું હૃદય લગભગ એકજ થઇ ગયાં.

એ યુવાન બહુ ખુબસુરત હતો. એના આખા સુન્દર વદનમાં એની બે આંખો એટલી બધી મોહક હતી કે જોનાર બે ઘડી જોઇજ રહે. એને માથે સુન્દર કાળા વાળના રેશમી જુલ્ફો હતાં, અને તે જુલ્ફો એ બહુ સફાઇથી ઓળતો. સાદાં વસ્ત્રો પણ એટલી સ્વચ્છતાથી પહેરતો કે આંખો પ્રસન્ન થાય. એ કદિ સ્મિત કર્યા વગર બોલતો નહિ, અને બોલતો તે એવું મીઠું કે જાણે સાંભળ્યાજ કરીએ. એને સંગીતની કુદરતી બક્ષેસ હતી. ગાતો એવું મીઠું, અને વળી જુદા જુદા વાજીત્રો પણ એવા સરસ વગાડી શકતો કે સાંભળનારાઓ મુગ્ધ થઇ જાય.

પ્રથમ પરિચયેજ એનું મનોહર નિર્દોષ વદન જોઇનેજ મને એને માટે ઘણો સરસ મત બંધાયો હતો કેમકે જેમનું વદન સુન્દર હોય તેમનો આત્મા પણ સુન્દર હોય છે એવો મારો અનુભવ છે. એણે તે વેળા મારી સાથે ઘણીવાર વાતો કરી છતાં એની સુન્દર આંખોમાં શરમની લાગણી સ્પષ્ટ દેખાઇ આવતી. કેટલાક સુન્દર પુરૂષોમાં પણ સ્ત્રીઓના જેવી વ્રીડા હોયછે—એવી વ્રીડા મને એનામાં ભાસતી.

જેમજેમ મને તેની સાથે પરિચય વધતો ગયો તેમતેમ તેના તરફ મને વધુવધુ સ્નેહ ઉપજતો ગયો અને તે એટલી હદ સુધી કે છેવટે મારૂં—મારા વરનું અને તેનું એ ત્રણે હૃદયો એક થઇ ગયાં.

એ યુવાનનું શરીરનું વર્ણન મેં જરૂર જેટલું લખ્યું, અને એનું અંતઃકરણ પણ હવે વાંચકોને નિવેદન કરીશ. મને એની કસોટી કરવાના પ્રસંગો મળ્યા હતા અને સુવર્ણ જેમ તપાવ્યાથી વધુ દીપ્તિમાન બને છે તેમ તે કસોટીથી શુદ્ધતર બન્યો હતો. તેના ઉન્નત અન્તઃકરણનો કંઇક ખ્યાલ આપવાને માટે તેના જીવનના બે પ્રસંગો હું હમણાં નોંધીશ.

૫.

મારી આ વાતો વાંચનારમાં જો કોઇ યુવાન્ પુરૂષ હોય તો તેને હું એક પ્રશ્ન કરૂં છું કે પાંચ સાત અથવા તો ફક્ત બે ત્રણજ યુવાન્ સુન્દરી ઓ બેઠેલી હોય, અને વિનોદ કરતી હોય, ત્યાં જવાનો પ્રસંગ આવ્યો હોય ત્યારે તમે વગર સંકોચે જઇ શકયા છો? વગર ક્ષોભે તેમાંની કોઇ સાથે સસ્મિત વાતચિત કરી શકયા છો? અથવા, તમારા ત્યાં જવાથી તેઓને આનન્દનું કારણ થઇ શકયા છો?

તમારા અન્તઃકરણને એ પ્રશ્નો પુછોઃ શું જવાબ મળે છે? જો નકાર મળે તો સમજો કે તમારૂં હૃદય નિર્બલ છે અથવા તો તમારા હૃદયમાં કોઇ અયોગ્ય વાસના છે. જો હકાર મળે તો સમજો કે તમે શુદ્ધ ચરિત્રવાળા અને સબલ હૃદયના પુરૂષ છો.

કોણ જાણે કેમ, આપણા સમાજનું બન્ધારણજ એવું છે કે સ્ત્રીને ઉદ્દેશીને જો કોઇ પણ યુવાન્ ક્યાંય વાતો કરે તો લોકો એને વિષયી માણસજ ધારી લે છે. પરસ્ત્રી પર જરાકજ દૃષ્ટિપાત કરનાર યુવાનને અન્ય માણસો દુરાચારી માની લે છે. અને જો કોઇ યુવાનને પરસ્ત્રી સાથે મૈત્રી હોય, તો તો પછી એ બન્ને વચ્ચે અનિષ્ટ સમ્બન્ધ માની લેવામાં સમાજ જરાય અચકાતો નથી. આ

વસ્તુસ્થિતિમાં બધે અંશે સમાજનો દોષ નથી, કેમકે અમને સ્ત્રીઓને પુરૂષોએ અત્યાર સુધી લાજના ઘુંઘટમાં અને ઘરના અન્ધારામાંજ રાખી મુકી છે, એટલે પર પુરૂષોમાં સારા, વિદ્વાન્, સુન્દર અને ગુણવાન્ પુરૂષોને બદલે અમે કાયમ ઘરના ઘાટી, ભૈયા અને ભટ ચાકરના પરિચયમાંજ રહી જઇએ છીએ, અને આ વાતનાં ઘણાં અનિષ્ટ પરિણામો સમાજથી અજાણ્યાં નથી. વળી ઘણા પુરુષો પણ એટલા ભીરૂ અને નિર્વીર્ય થઇ ગયા છે કે સુન્દરીઓ તરફ માન અને પ્રેમની શુદ્ધ લાગણી ધરાવી શકતાજ નથી. આવા સંયોગોમાં કોઇક સ્ત્રીને પરપુરૂષથી મૈત્રી હોય એમાં બીજાઓ શુભ કલ્પના કરેજ નહિ કેમકે આપણા સમાજમાં એ તત્ત્વજ નવું છે. સ્ત્રીપુરુષને એકબીજાથી દુર રાખવાના પ્રયત્નમાંજ આપણો સમાજ નીતિ ખોઇ બેઠો છે. જો સ્ત્રીઓને પુરુષોની સાથે છુટથી હરવા ફરવા દેવામાં સમાજ વાંધો ન લેતો હોય તો આપણા સમાજની નીતિ હાલ છે તેના કરતાં ઘણી વધારે સારી થાય એવો મારો મત છે.

એક બીજી વાત જુઓ. અમે સ્ત્રીઓ સ્વાભાવિક રીતેજ પુરુષોના કરતાં ઘણી વધારે રસિક, વિલાસપ્રિય અને ઉન્મત્ત હઇએ છીએ. ખિલતી જુવાનીનો ઉછળતો મદ અમને વળી વિશેષ ઉન્મત્ત બનાવેછે, અને માટેજ સંસ્કૃત કવિયોએ અમને યુવતિયોને પ્રમદા કહી છે. સ્ત્રી પુરૂષના સમ્બન્ધને સમજતાં અમે પુરૂષો કરતાં ઘણી વ્હેલી શિખી જઇએ છીએ. પુરૂષોમાં પરસ્ત્રીને મોહમાં નાંખવાની જે શકિત હોય છે તેના કરતાં પુરૂષોને મોહમાં નાખવાની શક્તિ અમે દસગણી વધારે ખિલવી શકીએ છીએ. અમને રૂપવાન્ હોવાની ઇચ્છા સહજ છે અને જો પરમેશ્વરે સુન્દરતા આપી હોય, તો કપડાં, ઘરેણાં અને હાવભાવથી એ સૌન્દર્ય અમે વધુ મોહક બનાવીએ છીએ. રસ્તે ચાલનારાઓનું ધ્યાન અમારા

તરફ ખેંચાય એ હેતુથીજ રસ્તે ચાલતી વખતે અમારો દેખાવ અમે આકર્ષક રાખીએ છીએ. આ બધું ખરૂ–પણ એ સાથે અમારી–આર્ય સ્ત્રીઓની–નીતિ ઘણીજ દૃઢ હોયછે. સારા સંસ્કારવાળી સ્ત્રી કદિ અનીતિમાં સહેલાઇથી ફસી જતી નથી. બીજી કેટલીક બાબતોમાં અમારાં અન્તઃકરણો ભલે પુરૂષોના કરતાં નિર્મલ હોય, બીજી કેટલીક શક્તિઓ ભલે અમારામાં પુરૂષોના કરતાં ઓછી હોય, પણ એટલું તો ચોક્કસ કે આર્ય સ્ત્રીઓએ પોતાના શીલને પૂર્વ–કાલમાં જેમ બીજા બધા ભોગે સાચવી રાખ્યું છે તેમ હાલ પણ 'આર્યા' નામને લાયક બધી સ્ત્રીઓ સાચવે છે અને ભવિષ્યમાં સાચવી રાખશે. અમારી ઉન્નતિ કરવાને જે સાધનો તમો પુરૂષોના હાથમાં છે તે ઉપયોગમાં લ્યો, અમને રસ્તે ચડાવો અને પછી જુઓ કે,

"જે પારણાની દોરી તાણે તેજ તારે દેશને" *

×× +× ×× +×

મારા એ મિત્ર પર જેમજેમ મારો સ્નેહ વધતો ગયો તેમ તેમ તેની સાથે હું વધારે છુટથી અને લાગણીથી વર્તવા લાગી. સ્વચ્છંદી સ્વભાવને લઇને મને કોઇના ગેરવાજબી અંકુશમાં રહેવું પસન્દ ન્હોતું. મારા પર મારા વરનો એટલો બધો વિશ્વાસ હતો કે મધરાતે હું પરપુરૂષની સાથે એકલી બેઠી હોઉં તોપણ તેમને કદિ મારા વર્તન વિષે શંકા થતી ન્હોતી. તેના આ વિશ્વાસનો મેં કદિ ભંગ કર્યો ન્હોતો. સુન્દરતા, વિદ્યા, લક્ષ્મી અને સરલ સ્વભાવઃ એ સદ્ગુણોને લઇને તેમનાથી હું સમ્પૂર્ણ સંતુષ્ટ હતી, અને એ બધા ઉપરાંત

* The hand that rocks the cradle rules the world.

Napoleon.

મારા તરફના તેના પ્રેમમાંજ એટલું બધું જોમ હતું કે એના સિવાયના બીજા બધા પુરૂષો મને એનાથી ઉતરતા લાગતા. વિશ્વાસ પ્રેમનો નિરંતર સહગામી છે. શુદ્ધ પ્રેમ વિશ્વાસ વગર ઝાઝું ટકી શકે નહિ.

૬.

એ મિત્ર વિષે થોડું લખ્યા પછી એક સ્મરણ હું નોંધીશ.

એ નિર્દોષ હતો—તદ્દન નિર્દોષ. જે કાળી આંખો તેની શારીરિક સુન્દરતામાં ઘણો વધારો કરતી હતી તેજ કાળી આંખોમાં તેના અન્તરની નિર્દોષતા સ્પષ્ટ દેખાઇ આવતી હતી. નિર્દોષ હતો એટલે કે એણે કદિ દોષ કર્યો ન્હોતો; દોષનું સ્વરૂપ તો તે અલબત્ત સમજતો, પણ જાતે કદિ દોષ કર્યો ન્હોતો. એ એટલો બધો સુન્દર હતો કે સ્ત્રીઓને સ્વાભાવિક રીતેજ એના તરફ મોહ ઉત્પન્ન થતો, અને એ મોહમાંથી ઘણીવાર સ્નેહ જન્મ પામતો. આ સ્નેહ તેની નિર્દોષતાને લીધે હમેશાં નિષ્કલંકજ રહ્યો હતો.

પન્દર સોળ વરસની એક સુન્દરી મારી મિત્ર હતી. તે પરણેલી હતી અને સુખી હતી. એક દિવસ તે મારે ઘેર આવી તે વખતે મારો એ મિત્ર તેની નઝરે પડયો. મેં એ બન્નેની પરસ્પર ઓળખાણ કરાવી. પહેલીવાર મારી સખીએ એને જોઇને આંખ ફેરવી લીધી, બીજીવાર જરા વધારે વખત એનાપર આંખ ઠેરવી, ફરી એકવાર બરાબર નઝર માંડીને જોયું—બસ. થોડીવાર એ બન્નેએ વાતચિત કરી. ત્યાર પછી તેઓ મળ્યાં હતાં કે કેમ એ વાતની મને લાંબા વખત સુધી ખબર પડી ન્હોતી.

પરંતુ એ બનાવ વાર્તામાં હવે પછી આવતા બનાવો સાથે ઘણો સમ્બન્ધ ધરાવે છે. મારી હાજરીમાં તેઓ હજી એકજવાર મળ્યાં

અને પરસ્પર ઓળખાણ કરી સ્હેજ હસ્યાં-કંક વાતચિત કરી. થોડા વખત સુધી તો મને એ બનાવ હમેશાં યાદ આવતો. એક સુન્દર પુરૂષની સાથે એક સુન્દરી હસી હસીને નિર્દોષ વાતો કરે એ દેખાવ એટલો બધો સરસ લાગતો હતો કે બહુ લાંબા કાલ સુધી મને એનું સ્મરણ રહી ગયું—પછી ભુલી ગઇ. મારો મિત્ર ત્યાર પછી મને અને મારા વરને મળવા વારંવાર આવતો પણ પેલી સુન્દરી ત્યાર પછી ઘણા વખત સુધી આવી ન્હોતી.

૭.

મને પરણ્યાને ધીમે ધીમે એક વરસ થઇ ગયું અને લગ્નની પહેલી રાત્રે કરેલો આનન્દ કંક જૂનો થતો જતો હતો. આવામાં એક રાત્રે મારા વર સાથે હું અગાસીમાં બેઠી હતી. ચાંદની ખિલી હતી, અમે બન્ને મુંગાં બેઠાં હતાં તેવામાં મને અચાનક એક લીંટી યાદ આવી તે મેં ગાઇ.

"પ્રભુ મને પલકે વિસરશો માં"

"ઓહો ! ઘણે વખતે પાછી એ લીંટી ફરીથી સાંભળી." મારા વરે કહ્યું.

"ત્યારે આગળ વળી ક્યાંય સાંભળેલી ?"

"સાંભળી ન્હોતી."

"ત્યારે ?"

"ક્યાંક વાંચ્યાનું સ્મરણ થાય છે."

કોઇક ચોપડીમાં ખરૂં ? એ ચોપડી લાવી દઇશ ? મારે એ ગીત આખું મ્હોંયે કરવું છે.

"ચોપડીની કે કશી મને ખબર નથી. મેં તો એ લીંટી ક્યાં વાંચી હતી તે બતાવું."

ઉભા થઇને તેણે એક પેટી ઉઘાડી, અન્દરથી એક કાગળોનું બંડલ કાઢ્યું. એક કાગળ ઉઘાડી, જોઇને મારા હાથમાં મુકયો.

ઉપર અને અન્દર મેં મારા અક્ષર ઓળખ્યા. મારા વરને મેં લખેલો આ પહેલો પત્ર. "અહા! શું હજી સુધી આ બધા નમાલા પત્રો તેં સાચવી રાખ્યા છે?" મેં કહ્યું અને એક પછી એક બધા પત્રો લઇ લઇને હું વાંચવા લાગી. વળી પાછો પેલો પત્ર વાંચ્યો.

"પ્રભુ મને પલકે વિસરશો માં"

"મારા વ્હાલા! મને તુ કદિ ભુલીશ ખરો?"

"કેવો સવાલ! તું મને કદિ ભુલીશ?"

"એ તો બનેજ કેમ?"

"અને બને તો?"

મને જરા માઠું લાગ્યું. મસ્ખરીમાંય આવો પ્રશ્ન તેના મ્હોંમાથી નીકળ્યો તેમાં કૈંક અનિષ્ટ સૂચન થતું હોય તેવું મને લાગ્યું. હું કંઈ બોલી નહિ.

"કેમ જવાબ ન મળ્યો?"

"તને ખબર જા, મને એવી મસ્ખરી નથી ગમતી."

× × × ×

મારા મિત્રને હું સુન્દર કહીને બોલાવતી.

એક દિવસ સ્હાંજે સુન્દર મને મળવા આવ્યો. હું ઘરમાં એકલીજ હતી. તરતની ઉંઘમાંથી ઉઠેલી હતી અને સામે અરિસામાં જોયું, તો વિખરાયલા વાળ અને અવ્યવસ્થિત કપડાં મારા સૌન્દર્યમાં કૈંક અજબ વધારો કરતાં લાગતાં હતાં એટલે એમને એમ સુન્દર સાથે વાત કરવા

બેઠી. હજી ઉંઘ પુરી ઉડી ન્હોતી અને ઉંઘમાં એક સરસ સ્વપ્ન જોયાની સ્મૃતિ થયા કરતી હતી. સુન્દર પર જરા નઝર ફેરવીને હું કૈં બોલ્યા વગર બેઠી. સુન્દર થોડી વાર રહીને હસ્યો અને કૈંક બોલવા જતો હતો તેવામાં મને એક અપૂર્વ લાગણી થઇ આવી. સુન્દર હમેશાં હસતો તેમજ આજ હસ્યો. પણ આજ મને એમાં કૈંક વિશેષતા લાગી. એ બોલતો હતો તે સાંભળવા કરતાં એનું મ્હોં જોયા કરવામાંજ મેં વધારે ધ્યાન આપ્યું. હૃદયમાં કૈંક વિચિત્ર લાગણીઓ ઉત્પન્ન થઇ, અને થોડાજ વખતમાં હું સમજી શકી કે મારા પવિત્ર હૃદયમાં આજે એક વિકાર પ્રકટ્યો છે. સુન્દર શું બોલે છે તે સાંભળવાને બદલે બોલતી વખતે એના મોતી જેવા દાંત કેવા સરસ દેખાય છે અને એના મ્હોં પરની લાગણીઓથી એ કેવો મોહક લાગેછે એજ જોયા કર્યું. હમેશાં હું એને જોતી–હમેશાં એની સાથે વાત કરતી–હમેશાં એનું સૌન્દર્ય જોઇ પ્રસન્ન થતીઃ આજે એ બધા ઉપરાંત હું તેના પર મોહાઇ ગઇ. હૃદયમાં જે વિકાર પ્રકટ્યો હતો તે અપવિત્ર હોવા છતાં મને બહુ રમણીય લાગતો હતો. સુન્દર આજે મને બહુ સુન્દર લાગતો હતો. ઘણીવાર સુધી હું કૈં બોલી શકી નહિ. છેવટે મારામાં કૈંક ફેરફાર થયોછે એમ સુન્દરને માલમ પડયું હોય તેમ લાગ્યું, તેથી, એ ઉભો થઇ જવા લાગ્યો એ વખતે હું બોલી ઉઠી.

"કયાં જાયછે ? થોડીવાર બેસને."

"નહિ, મને જવું છે."

"પણ તું બેસે છે એ મને બહુ ગમે છે. આજ તું મને આમ મુકીને નજા." મારા મ્હોં પર દીનતાની લાગણી પ્રકટેલી મેં સામા અરિસામાં જોઇ.

સુન્દર કૈંક ચમકયો લાગ્યો, અને બોલ્યો, "તારા વર કયારે આવશે ?"

મારા વર ! મારા વર મને યાદ આવ્યા. મને કંઇક થઇ ગયું. મારા વરમાં શું ન્યૂન છે કે આજે હું સુન્દર તરફ એટલી બધી ઢળી જઉં છું ? આ મલિન વિકાર મને છાજે છે ? સુન્દરને મેં ભાઇ કહીને નથી બોલાવ્યો ?......... વળી વિચાર થયોઃ મારા વર ઘણા સુન્દર છતાં સુન્દર તો એથીયે વધુ સુન્દર છે. ‘ આ સારૂં છે, પણ પેલું આના કરતાંય વધુ સારૂં છતાં મારૂં નથી,’ એ વિચાર બહુવાર માણસને મુઝવે છે. મારો વિકાર વધારે પ્રબલ થતો ગયો અને મારા વરના મારા પરના અપાર પ્રેમને હું ભુલી ગઇ લાગી. ‘ સુન્દર મારો વર હોય તો ! ’ એ વિચાર મગજમાં આવ્યો. મને લાગ્યું કે એ વિચાર માત્રથીજ હું મારા વર તરફ બેવફા થઉં છું, છતાં એ વિચાર દૂર કરી શકી નહિ. હૃદયમાં બહુ ભાંજગડ થવા લાગી, હું કંઇજ બોલી શકી નહિ. થોડા દહાડા પહેલાં અગાસીમાં મારા વરે મને પુછ્યું હતું, “ તું મને ભુલીશ ? ” તે વાત મને સાંભરી. એ પુછતાં વખતનો તેમનો સ્મિતભર્યો ચ્હેરો યાદ આવ્યો. હું તેને ખરેખર ભુલું છું એવું ભાન ઘડીક થયું, પણ પ્રબલ વિકાર પાસે બીજા બધા વિચારો ઉડી ગયા અને શું બોલવું તે ન સમજાયાથી હું મુંગીજ ઉભી રહી.

સુન્દરે ફરીથી રજા માગી “હું જાઉં છું ”

હું કંઇ બોલું ત્યાર પહેલાં એ ચાલ્યો ગયો. મેં એને જતાં જોયો પણ ફરીથી તેને રહેવાનું કહેતાં જીભ ચાલી નહિ. એ ઘર બ્હાર ગયો તે પછી મને વળી તેને બોલાવવાની ઇચ્છા થઇ. હું બારીએ ઉભી રહી. સુન્દર રસ્તે ચાલતો હતો–નઝર મળે તો એને પાછો બોલાવું એમ વિચાર કર્યો, પણ સુન્દરે પાછું વાળી બારી તરફ જોયું નહિ. એ નઝર બ્હાર નીકળી ગયો અને હું શુન્ય જેવી બારીમાંજ ઉભી રહી.

મારા મ્હોંમાંથી અચાનક ઉદ્ગારો નીકળી પડયા:

"ખુદ સુન્દરતાથી યે અધિક સુન્દર સુન્દર ! તારૂં કેવું ક્રૂર હૈયુ !"

આ વાકય બોલાઇ ગયા પછી મને ભાન થયું કે આવા શબ્દો મોટેથી ન્હોતા બોલવા જોઇતા. 'કોઇકે સાંભળ્યું હશે તો?' એમ શંકા થતાં પાછું વાળીને જોયું તો મારા વર હસતા ઉભેલા ! હું ઝંખવાણી પડી ગઇ અને નીચું જોઇ ગઇ. 'અરરર આ વાકય તેણે સાંભળ્યું હશે તો તેને શું શું કલ્પનાઓ થશે?' હું ભ્રષ્ટ ન્હોતી થઇ, પણ મારા અન્તરમાં વિકાર તો પ્રકટયો હતોજ અને એની છાયા હજી મારા વદન પર હતી. મને વફાદાર માની મારામાં અત્યન્ત વિશ્વાસ રાખનાર મારા વરને મેં છેતર્યા છે એવું ભાન તરત થયું. શરીરે પરસેવો વળવા લાગ્યો અને હું બહુજ શરમાઇ ગઇ. એક ઘડી પહેલાં સુન્દર પર આખું હૃદય ઓવારી નાંખી મારા સ્વામી તરફ બેવફા થવા પ્રેરાઇ હતી અને કંઇક પ્રબલ દૈવયોગે એમ કરતી અટકી, પણ હજી વિકાર પુરો શમ્યો ન્હોતો. 'મારે માટે મારા સ્વામી શું ધારશે?' આવા અનેક વિચારો મને મુઝવવા લાગ્યા. થોડીવારે જરાક દૃષ્ટિ ઉંચી કરી, સામેની ભીંત પર ફેરવી. મોટા, રંગીન અક્ષરે ત્યાં લખેલું હતું:

*** विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।**

હું વિવેકથી ભ્રષ્ટ થઇ હતી? કર્મથી નહિ તો વિચાર અને મનથી તો ખરીજ. પણ સૂર્યના તેજ આગળ જેમ ધુમસ વિખરાઇને ઉડી જાય છે તેમ મારા વરને જોતાંજ સુન્દર વિષેના મારા અપવિત્ર વિકારો ચાલ્યા ગયા. પહેલું મારા વર કંઇક બોલે તો ઠીક એમ ધારી ગુન્હેગાર હૃદયે હું ચુપ થઇ ઉભી રહી.

---

* વિવેકથી ભ્રષ્ટ થનારાઓનું સોગણું પતન થાય છે" (ભર્તૃહરિ).

ધીમે પગલે તે મારી પાસે આવ્યા. મારો હાથ પોતાના હાથમાં લીધો. મેં હવે ઉંચુ જોવાની હિંમત કરી–તેમના મ્હોં પર ક્રોધ કે નાખુશીને બદલે સ્મિત દેખાતું હતું. થોડીવાર તો એક બીજાના મ્હોં સામું જોઇને અમે મુંગાજ ઉભા રહ્યા. મારૂં ગુન્હેગાર અન્તર મને ડંખતું હતું, એટલે એમની ચુપકીનો અર્થ મેં એવો કર્યો કે મારો ગુન્હો એ કળી ગયા છે. હું એની દૃષ્ટિ બ્હાર જવાને માર્ગ શોધતી હતી; એના હાંથમાંથી હાથ છોડાવી નીચી નઝરે મેં ચાલવા માંડયું–ત્યાં તે બોલ્યા.

“ કેમ, બેસને ! ”

મેં એની સામું જોયું ને જરા ખમચી. એનો હજી હસતાજ હતા.

આપણું અન્તઃકરણ ગુન્હેગાર હોય ત્યારે આપણને એમજ લાગ્યા કરે કે આપણી આસપાસના બધા માણસો આપણો ગુન્હો કળી ગયા છે. વળી, મારા શબ્દો તો તેમણે ખરેખર સાંભળ્યા હતા એટલે મને ચોકખો ખ્યાલ હતો કે એ શબ્દો પરથી ધારે તેવું. અનુમાન તે બાંધી શકે તેમ હતા. આવી પરિસ્થિતિમાં સામા માણસનું બધું બોલવું આપણને ટકોર ભર્યુંજ લાગે, અને એને કશી ખબર ન હોય તોપણ તે જે બોલે તે ઠપકા રૂપેજ બોલે છે એમ સમજીએ છીએ. આવો અનુભવ મને આજેજ થયો.

હું પાસેની ખુરસીપર ધબ દઇને બેસી ગઇ, અને હસવાનો પ્રયત્ન કર્યો. મ્હોંપર જરા સ્મિત આણ્યું એ ખરૂં.

“ અહિં હમણાં સુન્દર આવ્યો હતો ? ” મારા વરે પ્રશ્ન કર્યો.

ન્યાયમન્દિરમાં ગુન્હેગારની જુબાની લેતી વેળા ન્યાયાધીશ તેને પ્રશ્નો પુછવા માંડે તે વખતે ગુન્હેગારના હૃદયમાં થતા ભિન્નભિન્ન ભાવોનો

મને કૈંક ખ્યાલ આવ્યો. જુઠ્ઠું બોલવાની તો હિંમતજ ચાલી નહિ, અને મારી જુવાનીનુ શું પરિણામ આવશે તેનો વિચાર કરવો મુકી દીધો. કમ્પતે હૃદયે, ધીમે–લથડતે સ્વરે મેં જવાબ આપ્યો.

"હા."

"કેટલીકવાર બેઠો ?"

"લગભગ પા કલાક."

"સારું. પણ અહિં મારી પાસે આવને, એમ આઘી આઘી કેમ નાસતી ફરે છે ?"

આ શબ્દોથી મને વધુ હિંમત આવી. હું ધીમે પગલે તેમની પાસે ગઇ. મને બાથમાં લઇ, ચાંપીને એણે એક ચુમી કરી.

મારી આંખોમાં ઝળઝળીયાં ભરાઇ ગયાં. હૃદય જોસથી ધબકવા લાગ્યું. મેં બોલવાનો પ્રયત્ન કર્યો અને ધીમે–ધ્રુજતે અવાઝે બોલી.

"વ્હાલા ! મારાથી આજે એક અપરાધ થયો છે."

"તારાથી અપરાધ ! કોનો ?"

"મારા અંતઃકરણનો, તારો, અને ઇશ્વરનો–ત્રણેનો."

મારા વર હસી પડયા. "એવું શું છે વળી ?"

ગુન્હો કબુલ કરી માફી મળવવાનો અત્યુત્તમ અવસર હાથથી જવા દેવો એ ઠીક લાગ્યું નહિ. બધી હિંમત એકઠી કરી હું બોલી.

"વ્હાલા ! આજ તારી ગેરહાજરીમાં સુન્દર અહિં આવ્યો–હંમેશાં આવે છે તેમ આજે આવ્યો. એ આવ્યો ત્યારે હું ઉંઘતી હતી. ઉંઘમાં

હું એક સરસ સ્વપ્ન જોતી હતી—એક સુન્દર કુમારિકા પોતાના નાજુક નાનકડા હાથ સુન્દરના હાથમાં મુકી ગુંઠણીએ પડી, ઉંચી નઝરે સુન્દરના મ્હોં સામું જોઇ રહી હતી. તેનો અધર ચુમવા જાણે સુન્દર જરા નીચો વળે છે અને પેલી જરા શરમાતી શરમાતી ચુમી દેવા માટે વદન ઉંચુ કરે છે.........આવું કંઇક અસમ્બદ્ધ સ્વપ્ન મને આવ્યું. સુન્દરને મેં ભાઇ જેવી પવિત્ર લાગણીથી ચાહ્યો છે એટલે આવું સરસ સ્વપ્ન જોઇ ઉંઘમાં મને અતિ આનન્દ થતો હતો તેવામાં હું જાગી. મારા જાગવાની રાહ જોઇ સુન્દર બેઠો હતો. હજી સ્વપ્ન ચાલતું હોય એવી મને ભ્રાન્તિ થઇ, પણ પેલી કુમારિકા દેખાતી ન્હોતી. તરતજ મને મારી જાગ્રત અવસ્થાનું ભાન થયું અને સ્વસ્થ થઇ સુન્દર સાથે વાતો કરવા બેઠી......મારા વ્હાલા ! હું તારાથી મારા હૃદયનું પાપ નહિ છુપાવું......મને ઘટે તે શિક્ષા કરજે......હું દૂષિત છું.

સ્ત્રીસ્વભાવ પ્રમાણે મને આટલું બોલતામાં ઘણું રડવું આવી ગયું. ડુસકાં ભરતી ભરતી હું બોલતી અટકી ગઇ. મારા આંસુઓ મારા વરે લ્હોઇ નાંખ્યાં અને મને હૃદય સરસી ચાંપી શાન્ત કરવા લાગ્યા. તેના અત્યન્ત સ્નેહભર્યા આ ભાવો મને અધિક દુઃખ દેવા લાગ્યા. મનથી ભ્રષ્ટ થયેલી હું તેના આટલા બધા પ્રેમને પાત્ર નથી એમ મને લાગ્યું. અન્તર ડંખતું હતું છતાં બધી વાત નિવેદન કરી માફી મેળવવા મેં નિશ્ચય કરેલો હતો. મારો વિકાર શમી ગયો હતો અને એવો નીચ વિકાર મારા હૃદયમાં પ્રકટ્યો એથી હું શરમાતી હતી —પસ્તાતી હતી.

થોડીવાર રહી મેં બોલવું ચાલુ રાખ્યું;

"વ્હાલા ! સુન્દર સાથે વાતો કરતાં કરતાં મને મારા સ્વપ્નની સ્મૃતિ થયા કરતી હતી અને હળવે હળવે મને સુન્દરમાં કંઇક મોહિની લાગવા

માંડી. સુન્દરમાં મને કૈંક અજબ સૌન્દર્ય દેખાવા માંડયું અને વ્હાલા ! ...... ખરૂંજ કહું છું......હું ગુન્હેગાર છું...... મને એક વિચાર આવ્યો કે 'સુન્દર મારો વર હોય તો ?' મારા હૃદયમાં પ્રકટેલો વિકાર ચતુર સુન્દર કળી ગયો હોય તેમ લાગ્યું કેમકે એ તરત ઉભો થઇ ચાલતો થયો. મેં દીનતાસૂચક શબ્દોમાં એને ઘડીક બેસવા વિનતિ કરી. એણે મને પુછ્યું; 'તારા વર કયારે આવશે ?"'

"પ્રિયતમ ! આ પ્રશ્નની સાથેજ તારી આકૃતિ મારી કલ્પનામાં ખડી થઇ. સુન્દર તરફ બહુ ઢળી જવાથી આજે તારા તરફ બેવફા થઉં છું એવું ભાન થયું. તે દિવસે અગાસીમાં તેં મને પુછયું હતું, 'તું મને ભુલીશ ?' એ પ્રસંગ સાંભર્યો. મને લાગ્યું કે હું તને ભુલું છું, પણ પ્રબલ વિકાર પાસે એ વિચાર એક ક્ષણે પ્રકટી બીજી ક્ષણે શમી ગયો, અને મારો અપવિત્ર વિકાર વધુ વધુ પ્રબલ થતો ગયો. હું કૈંક બોલું ત્યાર પહેલાં સુન્દર ચાલ્યો ગયો, અને એને અંહિ પાછો બોલાવવા હું બારીએ જઇ ઉભી, પણ તેણે મારી સામું જોયુજ નહિ. એ વખતે મારા મ્હોંમાંથી નીકળેલા શબ્દો તેં સાંભળ્યા છે. એ પરથી તું ગમે તે અનુમાન ન બાંધી લે એ માટે મારો અપરાધ હું પોતેજ તારી પાસે ખુલ્લો કરૂં છું. મારા સ્વામિ ! તને મારાપર જરાપણ વિશ્વાસ હોય તો માનજે કે હું ખરા અન્તઃકરણથી એ ભુલને માટે પસ્તાઉં છું. તારાથી હું સર્વથા સંતુષ્ટ છું. ફરીથી કદિ આવા અધમ વિચારને હૃદયમાં સ્થાન નહિ આપું. વ્હાલા ! મને કહે, તું મને માફ કરીશ ?"

હું રડી પડી. મારા વર આવ્યા પછી મારી આસપાસનું વાતાવરણ બધું બદલાઇ ગયું હતું. મેં કદિ પાપ કર્યું ન્હોતું એટલે મારૂં નિર્દોષ અન્તઃકરણ મને મારી ભુલ માટે સખ્ત ઠપકો આપતું હતું. તરત તો મને લાગ્યું કે હું પવિત્રજ છું અને પવિત્રજ રહીશ. આથીજ મારો અપરાધ

મેં મારા વરને ખુલ્લે હૃદયે જણાવી દીધો. મનનો ભાર કંઇક હલકો થયો લાગ્યો અને મારા વર એથી પ્રસન્ન થયા જણાયા. થોડી વાર રહી એ બોલ્યા:

"તને હું માફ કરું છું. સુન્દરથી અનેક સ્ત્રીઓ મુગ્ધ થઇ છે અને તું ય સ્ત્રી છો એટલે તને એ ભુલને માટે માફી છે. પણ મને બ્હીક એજ રહે છે કે તારી આ ભુલનું સુન્દરને જો જ્ઞાન થયું હશે તો એ નિર્દોષ પુરુષ તારાથી દૂરજ રહેશે."

ખરૂં. સુન્દર મારાથી દૂર રહ્યો—પણ તે થોડા વખત માટેજ.

એ વખતે મેં મારી જાતને શુદ્ધ થયેલી માની. એ વખતે મારો વિકાર તદ્દન શમી ગયો હતો.

૮.

થોડાક દિવસો ચાલ્યા ગયા. દરમીઆન પશ્ચાતાપથી મેં મારૂં અન્તઃકરણ શુદ્ધ બનાવી દીધું હતું. રબ્બરના દડાને હાથમાંથી ઝમીન પર પછાડીએ અને એ ત્યાંથી ઉછળીને આપણા હાથ કરતાંય ઉંચો જાય તેમ ભ્રષ્ટ થયેલું મારું હૃદય જ્યારે પાછું શુદ્ધ થવા લાગ્યું ત્યારે પ્રથમ કરતાંયે વધુ શુદ્ધ બન્યું. થોડોક વધુ વખત ગયો અને પછી મેં કરેલી ભુલ હું વિસરી ગઇ, અને અમે દમ્પતી અસ્ખલિત સહવાસ સુખ ભોગવતાં રહ્યાં.

પણ આટલા એક ન્હાનકડા બનાવે મને ઘણી નવી વાતો શિખવી દીધી.

પરણ્યા પહેલાં હું મારા વરને જોતી ત્યારે મને લાગતું કે એ ઘણા ખૂબસુરત છે. હું સાસરે ગઇ હોઉં ત્યારે તેને ઘરના માણસો સાથે વાત કરતા સાંભળીને મને થતું કે તે મીઠા બોલા અને વિનોદી

સ્વભાવના છે. દર વરસે પરીક્ષાનું પરિણામ આવે ત્યારે મારા વર પાસ થયા છે એમ સાંભળીને મને લાગતું કે અભ્યાસમાં તે હુશીઆર છે. મારા સસરા પાસે સારી દોલત છે એવું ગામમાં કહેવાતું સાંભળીને મને લાગતું કે મારા વર ધનવાન્ છે. એ પછી મેં તેમને એક પત્ર લખીને અમારા વચ્ચે પત્ર વ્યવહાર શરૂ કર્યો. એમના પત્રો વાંચીને મને લાગતું કે મારા વર રસિક અને વિલાસપ્રિય છે. ઘણીવાર મને બંગડીઓની જોડ, રૂમાલ, સાબુ, સેંટ અત્તરની શીશીઓ વગેરે મોકલ્યા કરતા તે ઉપરથી મને લાગતું કે તેમને મારે માટે લાગણી છે. આ બધાથી મને તેમના ઉપર પ્રથમથીજ બંધાયલો પ્રેમ વિકસ્યો હતો. પરણ્યા પછી એમનો સ્વભાવ વિશેષ જાણ્યો. મારી દરેક વાજબી ઇચ્છા પુરી પાડે, મારી મરજી પ્રમાણે મને વર્તવા દે, મારા સ્વચ્છન્દી સ્વભાવને આડા ન આવે: આવી તેમની પ્રકૃતિ માલમ પડી, એથી મને તેના પર વધુ વધુ સ્નેહ ઉપજયા કરતો. ટુંકામાં–મારા ઉંચામાં ઉંચા આદર્શોમાં પરણેલી સ્ત્રીનું જેવું જીવન હું કલ્પતી તેવું હું ભોગવતી હતી. મારા વરને પ્રસન્ન રાખવા હું બધા પ્રયત્નો કરતી, તેમનું હૃદય સમજવા મથતી અને મારાથી તે સન્તુષ્ટ રહેતા જોઇ અપાર આનન્દ પામતી. પરંતુ તેના એક ઉમદા સદ્ગુણથી તો હું આજ સુધી લગભગ અજાણીજ રહી હતી. તે સદ્ગુણ મને તે દિવસે જાણવાની તક મળી.

વાર તહેવારે, મિત્રોને ઉજાણીઓ આપતી વેળા, ગરીબોને દાન આપવામાં કે મારે માટે વસ્ત્રો ઘરેણાં કે મોજશોખની ચીઝો વસાવવામાં મારા વર વારંવાર મોટીમોટી રકમો ખરચી નાખતા એથી હું એટલું તો સમજતી કે તે બહુ ઉદાર હૃદયના છે. પણ ઉદાર હૃદયનો મેં એટલો સંકુચિતજ અર્થ કર્યો હતો. પરન્તુ, ઉદાર હૃદય એટલે પોતાના એકના એક પુત્રનું ખુન કરનાર લુટારાને લાખો અશરફીઓ ઇનામમાં આપનાર ચુસુફનું

હૃદય, એ હું સમજી ન્હોતી. ઉદાર હૃદય એટલે પોતાને અત્યન્ત વ્યથા ઉપજાવી ક્રુરતાથી મારી નાખનાર લોકોને માટે " Father forgive them; for they know not what they do " * એ શબ્દો બોલનાર જિસસ ક્રાઇસ્ટનું હૃદય, એ મને ખબર ન્હોતી. મારા વરનું હૃદય જોઇ મને આજે એ મહાત્માઓના હૃદયનો કૈંક ખ્યાલ આવ્યો. પોતાનું સર્વસ્વ માની લીધેલી પ્રિય પત્નીના મ્હોંમાંથી બેવફાઇના શબ્દો સાંભળ્યા પછી, પત્નીએ પોતેજ બેવફા થયાનો અપરાધ કબુલ કર્યા પછી, શિક્ષા કે તિરસ્કારને બદલે " હું તને માફ કરૂં છું " એ શબ્દો અને મીઠાં ચુમ્બનો પત્નીને આપે એ પતિનું હૃદય કેટલું ઉદાર ! પત્નીના વર્તન પર સ્હેજ પણ શંકા પડતાં અથવા કેવલ ખોટી વાતોથી ભંભેરાઇને પત્નીને સખ્ત શિક્ષા કરનારા અને તેનું જીવતર ઝેર કરનારા પતિયોના દાખલા નાટક નવલકથાઓમાંજ નહિ, પણ જીવતા જાગતા સંસારમાંય નઝરે નથી પડતા ? અરે, એવી એકાદ પત્નીના જેવી મારી સ્થિતિ કરવાને તે મુખ્ત્યાર ન્હોતા ?

પોતાને ગાળ દેનાર નોકરને ગમે તે રાજા ધારે તે શિક્ષા તો કરી શકે, પણ ક્ષમા તો લાઠીનો સુરસિંહજ આપી શકે. ઇનસાન ગુન્હા તો કરેજ, પણ બધા ગુન્હેગારોનાં હૃદય એક સરખાં હોતાં નથી. અને કેટલાક-ને તો શિક્ષા કરતાં ક્ષમાજ વધારે અસર કરે છે. પણ એ ક્ષમાને પાત્ર માણસો વધુ છતાં એ ક્ષમા કરનારા ઓછા હોય છે. મારા વરે મને આજે માફી આપી એ વખતે મને તેના દિલની ઉદારતાનો ખરેખરો ખ્યાલ આવ્યો.

બીજું કૈંક સુન્દરને વિષેય નવું શિખવાનું મળ્યું. સુન્દર મારો નિકટનો મિત્ર થયો ત્યારથીજ ઘણા લોકો અમારે વિષે વાતો કરતા. એવી

---

* પિતા ! એમનો અપરાધ માફ કર કેમકે તેઓ શું કરેછે એજ પોતે સમજતા નથી. St. Luke, XXIII.-34.

ઘણી વાતો મારે કાને આવતીયે ખરી પણ હું પવિત્રજ હતી એટલે એવી વાતોને ધિક્કારી કાઢતી. સુન્દરને મેં નિર્દોષતાની મૂર્તિરૂપજ માન્યો હતો અને તેથી એના વર્તનને માટે ઉડતી કેટલીક ગપ્પો હું માનતીજ નહિ. સુન્દરથી ઘણી સ્ત્રીઓ મોહાઇ હતી પણ એકેને પોતાની વાસના સુન્દરથી તૃપ્ત થઇ શકે એમ ન લાગવાથી તેમાંની કેટલીકે ઉલટું સુન્દરનેજ અનીતિમાન્ ઠરાવવાના પ્રયત્નો આદર્યા હતા, અને એથી એવી અફવાઓ જન્મ પામતી. હું તે હસી કાઢતી.

આટલું છતાં, જે દિવસે હુંજ સુન્દરથી મોહાઇ, અને તેને મારો કરવા ઇચ્છા કરી તે દિવસે મને ખાતરી હતી કે સુન્દર ગમે તેટલો નિર્દોષ તોયે મારા હાથમાંથી આજ છટકી શકશે નહિ. મોટા જ્ઞાની, તપસ્વી ઋષિ મુનિયો પણ સ્ત્રીમાં ભાન ભુલી ગયા છે એ વિચારથી મારા નિશ્ચયને ઉત્તેજન મળતું ગયું, અને હમણાં હું સુન્દરને સાધી લઇશ એમ માની મેં મોહજાળ પાથરવા માંડી. પણ નહિ, એવા ઘણા ઋષિ મુનિયો અને મહાપુરૂષો કરતાં જ્ઞાન અને તપોબલમાં અતિ ઉતરતો સુન્દર વિષય વાસનામાંય તેઓથી અતિ ઉતરતોજ હતો. એકસરે ની મદદ વડે સરજનને પગના ઉંડાણમાં ભોંકાઇ ગયેલી સોય દેખાઇ આવે તેવી રીતે મારા મ્હોં પર પ્રકટેલી લાગણીઓ પરથી મારા અન્તરના વિકારો તેને સમજાઇ ગયા. એ વિકારો મારા હૃદયમાંથી દૂર કરવાનો જરા પણ યત્ન કર્યા વગર સુન્દર પોતેજ મારાથી દૂર થઇ ગયો.

એ કસોટી કૈં જેવી તેવી ન્હોતી. આજ કાલ ઘણા યુવાનો પવિત્ર હોવાનો ડોળ બ્હાર બતાવતા ફરે છે. આનું કારણ એ છે કે કાં તો તેમનામાં સ્ત્રીઓને આકર્ષવાની શકિત હોતી નથી અથવા તો તેમની એવી શકિતને સ્ત્રીઓ કશામાં લેખતી નથી. પણ એ બધા અન્તઃ–

કરણથી પવિત્ર છે એવું કૈં એથી સાબીત થતું નથી. સુન્દરમાં તો મોહની ભુરકી હતી–એ અનીતિમાન્ થવા ઇચ્છે તો કેટલીય સ્ત્રીઓ એની અનીતિનો લાભ લેવા આતુર હતી. આ સ્થિતિમાં પવિત્ર રહેવું એજ પવિત્રતાનું ખરું સ્વરુપ. હું રમ્ભા કે ઉર્વશીની ઉપમાને લાયક તો નહિજ, છતાં આસાધારણ ખૂબસુરત છું. સુન્દરને તે પ્રસંગે મેંજ ભ્રષ્ટ થવા વિનવ્યો હતો. એકાન્ત હતું, હું નાટકના તખ્તાપરની નટીના જેવા અભિનયો કરતી હતી, અને કોઇપણ સામાન્ય હૃદયના પુરુષને એ વેળા ભુલવવામાં હું થાપ ખાઉં તેમ ન્હોતી. પણ સુન્દરે તો મનેય ભુલવી.

તે પ્રસંગ પછી સુન્દર દુનિયાના ઘણા યુવાનો કરતાં અતિ ઉન્નત આત્મા અને હૃદય ધરાવે છે એમ મને પ્રતીતિ થઇ.

એ પ્રસંગથી મને મારી પોતાની પણ એક ખામી જણાઇ ગઇ. ગમે તેટલી પવિત્ર છતાં, પ્રસંગવશાત્ હું વિકારને અધીન થઇ જઉં એટલી નિર્બલતા મારામાં છે એ મને ખબર પડી. એ નિર્બલતાને દૂર કરી, ભવિષ્યમાં એવો વિકાર પ્રકટે તો તેને હઠાવી કાઢે એવું સબલ હૃદયને બનાવવાનો મેં નિશ્ચય કર્યો.

× × × ×

પન્દરેક દિવસ વધુ વીતી ગયા.

તે દિવસ પછી સુન્દર ફરીથી મારે ઘેર આવ્યો ન્હોતો અને તરત તો મને તેને બોલાવવાની ઇચ્છાય ન થતી. પણ જ્યારે પશ્ચાતાપથી મારા હૃદયનો બધો મેલ ધોવાઇ ગયો, ત્યારે સુન્દરને ફરીથી ઘેર આવતો કરવા માટે એકવાર નિમન્ત્રણ કરવાની ઇચ્છા મેં મારા વરને કહી બતાવી. એ વાતમાં તેની સંમતિ મળવાથી તેને વંચાવાને નીચેનો સન્દેશ મેં સુન્દરને લખી મોકલ્યો.

"ભાઇ સુન્દર,

"તું મને છેલ્લો મળવા આવ્યો ત્યારે કૈંજ વાત કર્યાં વગર મને છોડીને ચાલી ગયો હતો. એ વખતે અલબત્ત, તું ગયો એ મને ગમ્યું ન્હોતું, પણ ત્યાર પછી તારૂં એ કૃત્ય મને બહુ વાજબી લાગ્યું હતું. પણ તે વખતની મારી સ્થિતિ બદલાઈ ગઇ છે—અત્યારે હું પ્રથમ હતી તેવીજ છું—તેવીજ રહીશ. તો પ્રથમ પ્રમાણેજ તું હવે મારે ઘેર આવતો રહે. આવતી કાલે સાંજે જો તું આવે તો મારા વર ઘેર હશે અને આપણે ત્રણે જણાં એક નાનકડી ઉજાણી કરશું.

લિ. તારી બ્હેન પ્રમદા."

બીજે દહાડે સાંજે સુન્દર મારે ઘેર આવ્યો.

એનો એજ હસતો ચ્હેરો—એજ કાળી આંખો મેં ઝાઝે દિવસે જોઇ. હમેશ પ્રમાણે હસીને મેં તેને સત્કાર્યો. આજે પેલો વિકાર ન્હોતો. ભાઇને બ્હેન સત્કારે તેમ મેં આજે સુન્દરને સત્કાર્યો. અમે ત્રણે જણાંએ ઘણી ઘણી સરસ વાતો કરી અને પછી મેં કરી રાખેલી યોજના પ્રમાણે એક સાદી ઉજાણીમાં અમે આનન્દથી ભાગ લેવા માંડયો—એવામાં એક ચોથી વ્યક્તિ અમારી પાસે આવી ચડી.

એ આવનારને વાંચકો ભુલી નહિ ગયા હોય. આગળ હું એક મારી મિત્ર સુન્દરી વિષે થોડુંક લખી ગઇ છું. સુન્દરની હાજરીમાં એ એકજ વાર મારે ઘેર આવી હતી અને તે દિવસે સુન્દર સાથે હસી હસીને વાતો કરી ગઇ હતી. તે સુન્દરી આજે ઘણે વખતે પાછી સુન્દરની હાજરી-માંજ મારે ઘેર આવી. તેને અમારી ઉજાણીમાં ભાગ લેતી કરીને અમે ચારે જણ વાતોએ વળગ્યાં.

હું ગુજરાતી નિશાળમાં ભણતી ત્યારથીજ એ સુન્દરી મારી સાથે હતી. તેનો પિતા એક ધનાઢ્ય વિધુર હતો—માતા તેને નાની મુકીને મરી ગઇ હતી. તેને ભાઇ કે બ્હેન કોઇ ન્હોતું. માતાના અને ભાઇ બ્હેનના સ્નેહની ભુખી એ વારંવાર મારે ઘેર આવતી અને મારાં બાનું તેના પર વ્હાલ જોઇને ઘડીભર પોતાને મા છે એવું સમજતી. મારા ભાઇઓ–બ્હેનોની સાથે ભળી જઇ, ઘરનું એક બાલકજ બની રહી હતી અને અમે બધાં તેને અમારીજ ગણી કુટુમ્બસ્નેહની અધરાઇને કુટુમ્બસ્નેહનો સ્વાદ ચખાડતાં.

અંગ્રેજી નિશાળમાં પણ અમે એક સાથેજ દાખલ થયાં, અને બન્નેએ અંગ્રેજી અભ્યાસ સાથેજ છોડયો. હું ભણતી હતી તે અરસામાંજ મારું વેવિશાળ થયું અને પછી થોડે વખતે મેં નિશાળ છોડી. મારે લીધેજ તેને નિશાળમાં મોકલનાર પિતાએ પોતાની લાડકવાઇ દીકરીને ભણતી ઉઠાડી લીધી. સુધારાના પ્રવાહમાં તે બીચારો થોડો થોડો તણાયો હતો. દીકરીને મોટી કરી અને અંગ્રેજી ભણાવ્યું પણ ન્યાતમાં યોગ્ય વર મળતો ન્હોતો. પોતે વૃદ્ધ થવા આવ્યો હતો એટલે ઝટ દીકરીને પરણાવી ઠેકાણે પાડવા વિચાર કર્યો અને ઘણે ઠેકાણે બનતી તપાસ કરાવી પણ કયાંય યોગ્ય વર મળ્યો નહિ. એવામાં એક ઠેકાણું ખાલી પડયું. એક તવંગર વેપારીની વહુ મરી ગઇ અને હવે રાહ જોઇશ તો આ તક પણ જશે એમ માનીને ત્રીસ વરસના બીજવર સાથે પોતાની ચૌદ વરસની દીકરીને પરણાવી. પોતાને માથેથી ભાર ઉતર્યો ગણ્યો અને ભોળા દિલનો પ્રૌઢ પિતા દિકરીને સાસરે વળાવ્યા પછી એકાદ માસમાંજ પોતાની લાખ રૂપીઆની દોલત તેને વારસામાં આપીને મરી ગયો.

એ પરણીને સાસરે ગઇ. તેનો વર કાપડનો વેપારી હતો અને શ્રીમન્ત ગણાતો હતો. એનું વય ત્રીસ વરસનું હતું છતાં શરીર સંરક્ષણ

અને જરૂરી કસરતના અભાવે એ વધારે મોટો દેખાતો. પોતાની પત્ની કરતાં એ વધારે ભણેલો ન્હોતો અને મુંબઇના બીજા વેપારીઓ કરતાં એનું જીવન જૂદું ન્હોતું. પોતાની પત્નીને કપડાં ઘરેણાં પહેરાવતો—પણ એને સારાં પુસ્તકો લાવી આપવાની જરૂર જોતો નહિ. મોડી રાતે ઘેર આવીને પત્ની સાથે થોડી ઘણી વાતો કરતો તે સિવાય લગભગ બધો દિવસ દુકાનેજ વીતાડતો. મારી સહિયર અંગ્રેજી ભણી હતી, નવલકથાઓ મારી સાથેજ વાંચતી, નાટકો જોવા મારી સાથેજ આવતી. અમે વિલાસની, વરની અને પ્રેમની વાતો સાથેજ કરતાં અને એથી એના જીવનમાં રસિકતા આવી હતી. તે ઘણીજ નાજુક અને ખુબસુરત હતી. વરના અમારા આદર્શો સમાન હતા પણ હું જેમ મારા આદર્શ પ્રમાણે પતિ મેળવી શકી હતી તેમ તે મેળવી શકી ન્હોતી. તેનો વર વેપાર અને વ્યવહાર સિવાય અન્ય વિષયની વાતો કરવા અસમર્થ હતો. પત્ની સ્નેહની ભૂખી હતી તેથી રોજરોજ એવા લપ સાંભળી કંટાળતી. આમ તેનું અન્તર અસંતુષ્ટ હતું છતાં તે અવનવી ફેશનનાં કપડાં પહેરવામાં, નવી સ્ટાઇલનાં ઘરેણાં પહેરવામાં, માથાના વાળનો સેંથો અમુકજ ફેશનમાં ઓળવામાં અને એવા બીજા મોજ શોખમાં મચી રહેતી તેથી બ્હારના લોકો ધારતા કે એ ઘણી સુખી છે. હું પણ પહેલાં તો એમજ ધારતી.

એનું લગ્ન થયા પછી મારે ઘેર એ ભાગ્યેજ આવતી, કારણકે સ્ત્રીઓ બ્હાર જાય તે ઠીક નહિ, એવો તેના વરનો નિયમ હોવાથી પોતાની પત્નીને કદિ ખાસ કારણ સિવાય બ્હાર જવા દેતો નહિ. મને તો લગ્નથી મનગમતો વર અને ઘણા નવા મિત્રો મળ્યા હતા. એટલે એની ખોટ વરતાઇ નહિ. કોઇકવાર હું એને ઘેર જતી ત્યારે એની રીતભાત વગેરે પરથી જાણતી કે તે સુખી છે. પરન્તુ પોતાના પતિથી એ અસન્તુષ્ટ છે એવું તો મેં બહુ મોડું જાણ્યું હતું.

પછી, સુન્દરની હાજરીમાં તે મને છેલ્લી મળવા આવી ત્યારે પણ મને તેના વિષે ગામમાં કહેવાતી અનેક વાતોની ખબર ન્હોતી. મારી બાલસખીને મારે ઘેર આવતી જોઇને હું હમેશાં ખુશી થતી તેમ તે વખતે પણ રાજી થઇ.

તે પછી આજે ઘણે લાંબે વખતે એ મારે ઘેર આવી. દરમીઆન એને વિષે મેં ઘણે મ્હોંયે ઘણું બોલાતું સાંભળ્યું હતું. એના પાડોશની સ્ત્રીઓ વાત કરતી કે ફલાણી પોતાની સાડા ચારસો રૂપીઆની કંઠી–મહારાજના લાલજીને આપી આવી. કોઇ કહેતું કે અમુક વખતે મેં પોતે એને–મહારાજના મન્દિરમાં જતી જોઇ. આતો ગામ ગપાટા. બાકી, મારી કેટલીક બ્હેનપણીઓ પણ એને વિષેની કેટલીક છુપી વાતો જાણતી, અને તેમનાથી મેં પણ એવી વાતો જાણી હતી. તે બધી મને કહેતી કે હવે એના વર્તન વિષે સારો મત રાખવા જેવું નથી. આવી વાતો ઉપરાંત તેણે પોતેય એકાદવાર મને પોતાની અને પોતાના વરની વય, રસિકતા અને સુન્દરતા અને તે સૌ ઉપરાંત વિચારો વચ્ચે રહેલા મોટા તફાવત વિષે અસંતોષ બતાવેલો. આ બધું વિચારતાં–વરથી આટલી સન્તુષ્ટ છતાં હું સુન્દરથી મોહાઇ હતી એ વાત યાદ કરતાં–તેને વિષે કહેવાતી વાતો કંઇક માનવા જેવી લાગી. કોઇકવાર, એવી વાતો સાચીજ છે એમ માની તે વિષે તેને કહેવા જવા મન થતું, પણ એક બે દિવસે એ વાત ભુલી જતી અને એને પણ ભુલી જતી.

પણ, આજે એ આવીને બેઠી કે તરતજ મારા મનમાં અનેક વિચારો ઉત્પન્ન થયા. છેલ્લી મેં એને આવેજ એક પ્રસંગે સુન્દર સાથે રસથી વાતો કરતી જોઇ હતી અને એ પ્રસંગનું સ્મરણ મને લાંબા વખત સુધી આનન્દ આપતું. એવોજ દેખાવ આજે પાછો પ્રત્યક્ષ થયો. એના વિષે કહેવાતી અનેક વાતો સાંભરી. જો એ ખરેખર ભ્રષ્ટ

ચઇજ હોય તો પછી એને સુધારવા પ્રયત્ન કરવો કે ત્યજી દેવી એ સમજાયું નહિ. મને એમ ખાતરી હતી કે એની સુન્દર સાથે મેં પહેલી ઓળખાણ કરાવી ત્યાર પછી એ સુન્દરને કદિ મળી નથી—ક્યાંથી મળે?—પણ નહિ; આ માન્યતામાં હું છેતરાઇ.

એ આવી કે તરત પહેલું સુન્દર સામું જોઇ હસી. સુન્દર સામું હસ્યો અને બોલ્યો,

"કેમ મોડાં આવ્યાં?"

એ પ્રશ્નનો મને એ વખતે ખાસ અર્થ લાગ્યો નહિ. અમારી ઉજાણી લગભગ પુરી થવા આવી હતી એટલે સુન્દરે આવો પ્રશ્ન કર્યો હશે એમ લાગ્યું. એના જવાબમાં "હજી છેક મોડી નથી." એટલું બોલીને વળી એણે એક મોહક સ્મિત કર્યું. એ ઉત્તરમાં પણ કૈં ખાસ અર્થ હોય એવું મને એ વખતે લાગ્યું નહિ.

પણ પછી તો ધીમેધીમે એ બેઉ વાતે વળગ્યાં. એ વાતો કૈં એકજવાર મળેલી વ્યક્તિયોની વાતો જેવી ન્હોતી. એ વાતો તો જૂના—અંગત મિત્રોની વાતો જેવી લાગતી હતી. "તમારી ચીઠ્ઠી મને મળી તે પહેલાં હું તમારે ઘેર આવી ગઇ હતી પણ તમે મળ્યા નહિ."... એવાં એવાં વાકયો તે બન્ને બોલવા લાગ્યા. હું તો આભીજ બની ગઇ! જે પોતાના પતિની બન્ધીને લીધે કયાંય બ્હાર જતી ન્હોતી તે સુન્દરને મળવા જાય? સુન્દર એને ચીઠ્ઠી લખે? સુન્દરની નિષ્કલંક રહેણી પર મને શંકા ઉપજી. શું એ આખરે ફસાયોજ હશે? અરે એ ભ્રષ્ટ થવાનો હોત તો તે દહાડે મને તરછોડીને શામાટે ચાલ્યો જાત—શું મારા કરતાં એ વધુ રૂપાળી છે? પણ ના,ના. સુન્દર ભ્રષ્ટ થાયજ

નહિ. પણ જો આને વિષે કહેવાતી વાતો એ જાણતો હોય તો પછી તેની સાથે આવી ગાઢ મૈત્રી શામાટે રાખે? ...... આવા વિચારોના વમલમાં હું ચડી ગઇ અને બીજાઓ જે વાત કરતા હતા તેમાં મારૂં ધ્યાન રહ્યું નહિ. એ બે જણાં બહુ વાતે વળગ્યા પણ એ વાતો શું હતી તે હું સમજતી ન્હોતી. વખતે કોઇક મને કંઇક પુછે ત્યારે હું "શું ?" કહી શૂન્ય જેવી થઇ પુછનારના મ્હોં સામું જોઈ રહેતી.

હું આમ મુઝાવા લાગી અને કંઇ અનુમાન પર આવી શકી નહિ. સૌ સાથે હસવામાં ને વાતો કરવામાં ભાગ લેવા પ્રયત્ન કર્યો પણ પહેલાંની પેઠે બોલી શકી નહિ. એક બેવાર કંઇકને બદલે કંઇક બોલાઇ જતાં સૌ હસી પડયા પણ મહાકષ્ટે તે વખતે તો મેં મારી લાગણીઓ દબાવી રાખી. વખત થતાં સુન્દર અને મારી પેલી સહિયર જવા ઉઠયાં અને જતાં જતાં વળી મને એક વધુ વ્હેમ પસાડતી હોય એમ પેલીએ સુન્દરને કહ્યું. "ત્યારે હમણાંજ મારે ઘેર ચાલોને."

પણ સુન્દરે કહ્યું, "હમણાં તો નહિ, પછી વળી આવીશ."

એ બન્ને વિદાય થયાં.

મારી એ સખીનું નામ મુગ્ધા.

× × × ×

રાત્રે મારા વર ને હું એકલાં પડયાં. પરણ્યાને થોડોક વખત વીતે એટલે ઘણાં દમ્પતીઓના જીવનમાંથી શરુઆતના ભાવો ઉડી જાય છે, અને માત્ર મોહજ હોય તે શમી જાય એટલે કોઇ કોઇ નાનકડા કલહોથી જીવન નીરસ બની જાય છે. અમારે તેમ બન્યું ન્હોતું. અમે તો હમેશાં તરતના પરણેલાં રસિક દમ્પીતના જેવો વિનોદ ઘણા વરસ માણ્યો પણ આજે મારૂં મન બીજી બાબતના વિચારોથી ભરપુર હતું. આજે હું પ્રણયના શબ્દો કે અભિનયોને માર્ગ આપી શકી નહિ. મારા વર

આજે મારૂં મૌન જોઇ કંઇક વિસ્મિત થયા અને એનું કારણ એ પુછે ત્યાર પહેલાંજ હું બોલી.

" વ્હાલા ! મુગ્ધાને માટે લોકોમાં જે વાતો કહેવાય છે તે તારે કાને આવી છે ખરી ? "

" હા."

" તું એ ખરી માને છે ? "

" બેશક."

" પણ તે ગામમાં ચાલતી અફવાઓ પરથીજ કે તારી પાસે એ માનવાનું કંઈ કારણ છે ? "

" અફવાઓ ખરી માની લેવા જેટલો હું બેવકુફ નથી. મુગ્ધા નીતિભ્રષ્ટ થયેલી છે એ વાત ખરી છે. મારી પાસે એમ માનવાનાં મજબુત કારણો છે. તને મારે એક વાત એટલીજ કહેવાની છે કે એની મૈત્રીથી તને ભલે કૈં નુકસાન નહોય તોપણ માત્ર તેને એક ધડો આપવાની ખાતરજ જો એની મૈત્રી છોડી દે તો સારૂં."

" મને એની સાથે હવે મૈત્રી રહીજ નથી. કોઇકવાર મળવાનો સમ્બન્ધ રહ્યો છે તેય હવે બન્ધ કરવા યત્ન કરીશ. પણ વ્હાલા ! મને ક્યારનો એકજ વિચાર મુઝવ્યા કરે છે કે સુન્દરને એની સાથે આટલી હદ સુધી દોસ્તી શી રીતે થવા પામી હશે ? "

"કેમ, તને એની ઇર્ષ્યા થાય છે ? "

આ સવાલ પુછવામાં તેનો કૈં ખાસ આશય હોય કે ન હોય પણ મને તો એ શબ્દો છાતીમાં ભોંકાયા. મારી પેલી ભુલને ઉદ્દેશીને તે આ વાક્ય બોલ્યા હશે ? સુન્દરને મારો કરવામાં હું ન્હોતી ફાવી અને મુગ્ધા

ફાવી ગઇ છે એવું મને લાગ્યું છે એમ ધારીને તે એવું બોલ્યા હશે. ? મને બહુ લાગી આવ્યું. હજી વખતે, મારા વરના મનમાં મારે માટે શંકાનું કારણ રહ્યું હશે એ વિચારે હું દિલગીર થઇ ગઇ.

"પ્રિયતમ ! મારી ભુલ તદ્દન વિસરી જવાનું તેં મને વચન આપેલું છે–મેં એવી ભુલ કદિ ન કરવાનું વચન આપેલું છે. તારી વ્હાલી પત્નીને કોની ઇર્ષ્યા થાય, પ્યારા ! પણ હું તો એટલા માટે પુછું છું કે સુન્દર એના વર્તન વિષે કહેવાતી વાતો જાણે છે કે નહિ ? અને લોકોમાં એ એની મૈત્રીને લઇને કંઈ બોલાય છે ખરૂં ?"

"આ પ્રશ્નોના જવાબ તને હમણાંજ જોઇએ ?"

"હા. વ્હાલા ! હમણાંજ. તને ખબર છે કે અમે સ્ત્રીઓ જિજ્ઞાસા તૃપ્ત કરવાને માટે બહુ અધીરી થઇ જઇએ છીએ."

"પણ જિજ્ઞાસા દાબી રાખવાથી ધીરજનો ગુણ ખીલે છે એ તને ખબર છે ?"

"મારામાં ધીરજની ખામી છે એમ તને લાગતું હોય અને તેથી તું નાખુશ થતો હો તો ધીરજનો ગુણ ખિલવવા હું તયાર છું–પણ અધીરતા એ અમારો સ્વભાવ છે એટલે એ બદલવાની હું ખાતરી નથી આપી શકતી." આટલું બોલીને હું એવી સરસ રીતે હસી, કે મારા વરની કૃત્રિમ ગંભીરતા ટકી શકી નહિ. આવેશમાં આવી જઇ, મને ચાંપીને તેણે એક ચુમી કરી. પછી કહ્યું.

"સાંભળ, તને હું એ વાત કહેવાનોજ હતો–આજે તું પુછે છે એટલે કહું. સુન્દર મુગ્ધાને વિષે કહેવાતી બધી વાતો જાણે છે અને એ વાતો ખરી છે એવી સાબિતી અમે બન્નેએ સાથેજ કરેલી છે. છતાં સુન્દર એનો મિત્ર થયો છે–એ વાતમાં એક ભેદ છે. સુન્દરની ઉજવલ કીર્તિને

વગોવવામાંય લોકોએ બાકી નથી રાખી. આજ સુધી તારાથી એ વાતો છાની રાખવાનું મને કશું કારણ ન્હોતું. પણ એ વાતનું શું પરિણામ આવે છે તે જોયા પછી તને હું કહેવા ઇચ્છા રાખતો હતો. હવે આપણે બન્ને એ પરિણામ સાથે રહીનેજ જોઇશું.

"તને યાદ હશે કે સુન્દર સાથે એની મૈત્રી કરાવનાર તુંજ છે. અંહિ એ બન્ને પહેલાં મળ્યાં તેજ વખતે હું તેની આંખમાં વિકાર જોઇ શકયો હતો. તે પછી થોડે દિવસે સુન્દર પર એક ચીઠ્ઠી આવી, તે ચીઠ્ઠી મારી પાસેજ છે–જો તારે વાંચવી હોય તો આ રહી."

એ ચીઠ્ઠી મેં વાંચી;

"સુન્દર !"

"પ્રમદાને ઘેર આપણે પહેલાં મળ્યા ત્યારેજ તમને જોઇને હું બહુ પ્રસન્ન થઇ હતી. તમારી સાથે મૈત્રી વધે એવી મને અભિલાષા છે. હું માનું છું કે તમે મને નિરાશ નહિ કરો. હરકત ન હોય તો તમને અનુકૂલ સમયે એકવાર ફરી તમને મળવા તમારે ઘેર આવવા હું ઇન્તિજાર છું.

લિ. મુગ્ધા."

ચીઠ્ઠી વાંચીને મને બહુ અજાયબી થઇ. અબલાની હિંમત કેટલી બધી પ્રબલ થઇ જાય છે! સ્ત્રીઓ બન્ધનમાં રહેવા ઇચ્છે ત્યાં સુધી ગમે તેટલા ઢીલા બન્ધનોમાં બંધાઇ રહે છે, પણ એકવાર બન્ધન છોડવાની ઇચ્છા કરી, પછી ગમે તેટલાં સખ્ત બન્ધનો પણ તેને રોકી શકતાં નથી.

મારા વરે બોલવું ચાલુ રાખ્યું.

"સુન્દરને ઘેર એ એકવાર ગઇ, પછી પાછી બીજીવાર ગઇ અને વારંવાર જવા લાગી. સુન્દર જાણતો હતો કે મુગ્ધા નીતિભ્રષ્ટ છે

છતાં એણે એને તરછોડી નહિ. એક વખત સુન્દરની એથી જે નિન્દા થતી હતી તે વિષે તેને જાણ કરીને મેં મુગ્ધાથી દૂર રહેવા તેને ચેતવણી આપી, પણ સુન્દરે મને કહ્યું કે 'વાત હજી છેક હાથથી ગઇ નથી. મુગ્ધા સ્વભાવથી ભ્રષ્ટ નથી અને એને સુધારવા હું પ્રયત્ન કરીશ. જો ઇશ્વર મને એ પ્રયાસમાં ફાવવા દેશે તો એ દમ્પતીનું જીવન સુખી થયેથી હું આનન્દ પામીશ.' આજે સાંજે સુન્દરને તેં અહિં બોલાવ્યો તે વખતે મુગ્ધાને પણ તેણે અહિં આવવા કહી રાખેલું."

"હં. ત્યારેજ ભાઇ સાહેબે એને પુછ્યું કે 'કેમ મોડાં આવ્યાં?'"

"હા."

"પણ ત્યારે આ બધું સુન્દરે મને કેમ ન કહ્યું?"

"તે દિવસે સુન્દર તને એ બધી વાતો કહેત—પણ રંગ બદલાયલો જોઇને એણે ન કહી."

તે દિવસ! અફસોસ! મને હમેશાં એમ થયા કરતું હતું કે તે દિવસનું મારા વરને સદાને માટે વિસ્મરણ થઇ જાય તો કેવું સારું!

મેં એક નિઃશ્વાસ નાખ્યો. મારા વરે બોલવું ચાલુ રાખ્યું.

"તે દિવસે મેં તને કહ્યું હતું કે 'સુન્દરથી ઘણી સ્ત્રીઓ મુગ્ધ થઇ છે તેમાં મુગ્ધાનીય ગણતરી હતી. હજી સુધી મુગ્ધાએ પોતાના હૃદયના ભાવો સુન્દર પાસે સ્પષ્ટ શબ્દોમાં ખુલ્લા કર્યા નથી. અને સુન્દર એ ભાવો સમજી ગયો છે પણ ખુલ્લા થવાની રાહ જોઇ રહ્યો છે. તે પછીજ એને સુધારવા યત્ન કરવો એવો તેનો વિચાર છે."

"તમે પુરૂષો કેવા ભોળા છો! શું એમ સ્ત્રીઓ પોતાના હૃદયના એવા ઉંડા નાજુક ભાવો કદિ સ્પષ્ટ શબ્દોમાં ખુલ્લા કરે ખરી કે?"

"ના. બીજા માણસો પાસે તો ન કરે પણ સુન્દર એટલો મક્કમ છે કે તેની પાસે જો મુગ્ધા ચોકખાજ શબ્દો નહિ બોલે તો સુન્દર તો કંઇ જાણતો ન હોય તેમજ વર્તન કરવાનો."

"પણ સુન્દર એમાં ફસાઇ જશે તો?"

"તને એમ લાગે છે? તારાથી ન ફસ્યો તે સુન્દર મુગ્ધામાં ભુલ ખાશે?"

"ના, ના. એની દૃઢતા વિષે તો મને ખાતરી છે. આપણે જોઇએ હવે આ વાતનું શું છેવટ આવે છે તે. પણ વ્હાલા! સુન્દરના મનમાં હવે મારે વિષે કંઈ વ્હેમ તો નહિ રહ્યા હોયને?"

"એમ હોત તો તો એ તારી પાસે આજે આવતજ નહિ."

"ત્યારે, પ્રિયતમ! તારા મનમાં હવે મારે વિષે કંઈ રહ્યું છે ખરૂં?"

"હા."

"શું?"

"એટલુંજ કે તારા જેવી પત્ની મને મળી ન હોત તો પત્નીનો પ્રેમ શું એ મને કદાચ ન સમજાત."

આ શબ્દો સાંભળીને મને અજબ સન્તોષ થયો. હું મારા વરને ગળે વળગી પડી અને તેણે મને પ્રેમથી–આવેશથી–છાતી સરસી ચાંપી. આવી મીઠી ક્ષણો, વાંચનાર! તારા જીવનમાં કેટલીક આવી છે?

૧૦

થોડા દિવસો સુધી મારા મનમાં નિરંતર સુન્દર અને મુગ્ધાનુંજ રટણ રહ્યા કર્યું. હમેશાં એના એજ વિચારો આવ્યા કરતા. સુન્દરની એક બીજી કસોટી આવવાની હતી. આગળ થઇ ગયેલી એક કસોટીમાં સુન્દર વિજયી નિવડયો હતો. હવે બીજી કસોટી આવનાર હતી તે જરા વધારે સખ્ત હતી. સુન્દર અને મુગ્ધાની વચ્ચે વારંવાર ચીઠ્ઠીઓ પસાર થતી અને મુગ્ધા વારંવાર સુન્દરને ઘેર જતી એમ મને ખબર મળ્યા કરતા. પણ મને સુન્દરે કદિ આ વિષે વાત કરી નહિ. મેં એની પાસેથી આ વાત કઢાવવાનો બહુ પ્રયાસ પણ કર્યો નહિ. એ બન્ને વચ્ચે પસાર થતી ચીઠ્ઠીઓમાંથી ઘણી ખરી મારા વર પાસેથી મને વાંચવા મળતી. મને બધા સંજોગો જોતાં એમ લાગ્યા કરતું હતું કે મુગ્ધાના દિલમાં વિષય-વાસનાનો જે અગ્નિ ધુંધવાઇ રહ્યો છે તે અચાનક કોઇવાર ફાટી નીકળશે. એ પ્રસંગ આવતાં સુન્દરનું દિલ કઇ તરફ નમશે એ જોવાની મને બહુ ખ્વાહિશ હતી. ઉંડી ઉંડી મારા અન્તરમાં બ્હીક રહેતી કે કદાચ સુન્દર ફસી તો નહિ જાય ?

વળી મને બીજા પણ વિચારો આવતાઃ મુગ્ધાના વર સાથે સુન્દરને કશી ઓળખાણ ન્હોતી. કદાચ પરસ્પરને એ લોકો કદિ મળ્યાયે નહિ હોય. ત્યાર પછી, સુન્દરને ઘેર મુગ્ધા જતી એ એની જાણ બ્હાર જતું હશે ? અગર જાણવામાં હોય તો એ વ્હેમી પતિ પોતાની જુવાન પત્નીને એવા રૂપાળા પરપુરૂપ સાથે રાજી ખુશીથી મળવા દેતો હશે ? આ બધો ભેદ બહુ બહુ વિચાર કરતાંય મને સમજાતો ન્હોતો. પણ એ વાતો જાણવાની જરૂર હતી. મેં મારા વરને એ પુછી જોવા નિશ્ચય કર્યો.

એક દિવસ કંઇક પ્રસંગ નીકળતાં મેં તેને પુછ્યું:

" વ્હાલા ! પેલાં નવાં દોસ્તોની દોસ્તી કેવીક જામતી જાયછે ? "

" મજબુત, પણ મને લાગેછે કે હવે તરતમાંજ કાંતો એ દોસ્તી તુટશે અને નહિ તો એનું સ્વરૂપ બદલાશે."

" એટલે ? "

" જો આ ચીઠ્ઠી વાંચીજો બધું સમજાશે. " એક ચીઠ્ઠી તેણે મને આપી તે મેં વાંચી.

" સુન્દર !

" મારા હૃદયમાં કેટલીક વાતો મેં ઘણા વખતથી છુપાવી રાખી છે—પણ હવે મારૂં મન કહ્યું કરતું નથી. વધારે વખત મારી લાગણીઓને હવે હું દબાવી રાખવા ઇચ્છતી નથી. આજે મારા વર વેપારના કંઇક કામ અર્થે બ્હાર ગામ જવાના છે અને બે દહાડા ત્યાં રહેવાના છે. તમને એકાન્તમાં મળીને હું કેટલીક વાતો કહેવા માંગુ છું. કાલે રાતે તમે મારે ઘેર આવો તો યોગ અનુકૂલ છે.

લિ. મુગ્ધા."

હવે વાત પ્રકટ થઇ ચુકી. પહેલી ચીઠ્ઠીમાં મુગ્ધાએ લખ્યું હતું કે તમે મને નિરાશ નહિ કરો એમ હું માનું છું. આમાં લખ્યું કે તમને હું એકાન્તમાં મળવા ઇચ્છું છું ને યોગ અનુકૂલ છે ! વાહ ! કેવી મજાની વાત ! ...... મને મુગ્ધાના જીવન ઉપર તિરસ્કાર આવ્યો— પછી વળી તેના ઉપર દયા આવી. અરેરે, પતિથી અસંતુષ્ટ સ્ત્રાની આવી દશા !

મારા વરે પુછ્યું, " કેમ શું ધાર્યું ? "

"મેં તો ધારીજ રાખ્યું હતું, પણ હું એમ પુછું છું કે મુગ્ધાના વરને સુન્દર સાથેની તેની દોસ્તીની કશી ખબર નથી?"

"ના."

"ત્યારે તે લોકો એક બીજાને ઘેર આવે જાય છે એ બધું તેની જાણ બ્હાર છે?"

"સુન્દર તો હજી કોઇ વાર મુગ્ધાને ઘેર ગયો નથી, અને મુગ્ધા એને ઘેર વારંવાર જાય છે, અને એ બન્નેની વચ્ચે જે ચીઠ્ઠીઓ પસાર થાય છે તે એવી ખુબીથી બને છે કે કોઇના જાણવામાંજ ન આવે."

"કેવી રીતે?"

"તું અમીલતા ને ઓળખે છે?"

"અમીલતા કોણ?"

"સુન્દરની પાડોશણ."

"ના."

"એ અમીલતા એક દેશી ખ્રીસ્તી વિધવા છે. સુન્દરના ઘરમાંજ એ પેટાભાડુત તરીકે રહે છે અને મુગ્ધાને સીવણ, ભરત ગુંથણ શિખવવા જાય છે. અમીલતાને ઘેર આવવાને બ્હાને સુન્દરનેય મુગ્ધા વારંવાર મળે છે. કોઇવાર કોઇ ચીઠ્ઠી મોકલવી હોય તો બેઉ આ અમીલતા મારફતજ મોકલે છે."

કોઇ નાટક કે નવલકથાનો બનાવ હોય એવી આ વાત મને લાગી. સુન્દર આવી છુપી રીતે મુગ્ધાને મળે એ મને ગમ્યું નહિ. અમીલતાને હું ઓળખતી ન્હોતી પણ કોણ જાણે શાથી મને તેને માટે જોયા કારવ્યા વિના માત્ર મારા વરે કહી એટલી વાતોથીજ એની

સાથે ઓળખાણુ કરવા ઇચ્છા થઇ. સુન્દરે એના વિષે મને કૈં કહ્યું નહિ. માટે સુન્દર પર ગુસ્સો ઉત્પન્ન થયો.

ઘણા સવાલો પુછીને હું મારા વરને કંટાળો આપવા લાગી એટલે પછી છેવટમાં તેણે મને એકજ જવાબ આપીને આ વાત બંધ કરવા કહ્યું.

" પ્રમદા ! સુન્દર જેવો પવિત્ર છે તેવોજ રહેવાનો છે. મુગ્ધા એના પરિચયથી સુધરશે એમ મારી ખાતરી છે. અમીલતાનો આશય ખરાબ નથી, જે સમાજમાં એ રહી છે તે સમાજમાં સ્ત્રી પુરુષોની મૈત્રી અને પરસ્પરની સાથનો છુટો વ્યવહાર સામાન્ય છે એટલે આ વસ્તુસ્થિતિમાં તેને કૈં નવું લાગતું નથી. ભરત-ગુંથણ શિખવવાનો તેનો ધંધો છે અને મુગ્ધા ને સુન્દરને મિત્રો સમજીને બેઉના સંદેશા-કેવલ નિર્દોષ સંદેશા એ લઇ જાય તેમાં હું કૈં ખોટું જોતો નથી."

"પણ એ દેશી ખ્રીસ્તી વિધવા સુન્દરના ઘરમાં રહેવા ક્યાંથી આવી ચડી ?"

"એ તું સુન્દરનેજ પુછજે."

"ત્યારે એક છેલ્લો સવાલ પુછી લઉં. સુન્દર કાલે મુગ્ધાને ઘેર જવાનો છે ?"

"ના. એથી ઉલટું એણે મુગ્ધાને પોતાને ઘેર કાલે રાતના નવ વાગે બોલાવી છે અને એ વખતે એના ઘરનાં બીજાં સૌ માણસો બ્હાર જવાનાં છે."

"ત્યારે આપણે એ પ્રસંગ જોઇ ન શકીએ ?"

" શી રીતે ? "

હું ખડખડાટ હસી પડી.

" એજ મુશ્કેલી છે ને. કૈંક રસ્તો કરવો જોઇએ. પણ મારે એ જોવું અવશ્ય."

વિક્રમ રાજા અન્ધાર પછેડો પહેરીને નગરચર્યા જોવા નીકળતો તેવો અન્ધાર પછેડો પ્રાપ્ય હોય તો સુન્દર કે મુગ્ધા ન દેખે તેમ ત્યાં હું ઉભી રહું; અથવાતો કોઇ ભુવો, જતિ કે જાદુગર તેમને નઝર બન્દી કરી દઇ મને તેમની નઝરે પડતી અટકાવે તો જોવાય ...... એવા એવા વિચિત્ર ખ્યાલો હું કરવા લાગી. નવી વાતો જાણવા સારૂ અમારી સ્ત્રીઓની જીજ્ઞાસા બહુ તીવ્ર થઇ જાય છે અને આવે પ્રસંગે જીજ્ઞાસા તૃપ્ત કરવાને માટે અમે બહુ અધીરી બની જઇએ છીએ. હરકોઇ રીતે સુન્દરને મુગ્ધા કાલે મળે તે પ્રસંગે પરોક્ષ રહીને તેમની વાતો હું સાંભળી લઉં તોજ મને ચેન પડે એમ લાગ્યું.

" બસ, કોઇ પણ રીતે મારે એ પ્રસંગ જોવોજ છે." મેં ગરદન નચાવીને કહ્યું.

" પણ એ કૈં નાટકના તખ્તાપર રજુ થવાનો સીન નથી કે પૈસા આપીનેય જોવાય." મારા વર મને નિરાશ કરતા લાગ્યા.

" હા. પણ કૈં યુક્તિ-પ્રયુક્તિથી કોઇ પણ રીતે એ જોવાય ખરૂં?"

" તને એટલી બધી આતુરતા શી છે?"

" નહિ-બસ તું ગમે તેમ કહે તોપણ હું તો એ જોયા વગર નથીજ રહેવાની."

વળી પાછી હું વિચાર કરવા લાગી. આખી ઘટના મારી જાણ બહાર કેવી અજબ રીતે ગોઠવાઇ ગઇ હતી! પણ હવે

ખરો પ્રસંગ કેવી રીતે જોવાય ? મને એક વિચાર સુઝ્યો. ખપ પડે તો જુઠું બોલવાને હું તૈયાર થઇ, બીજાઓને બનાવી જવાનેય તૈયાર થઇ, પણ મારી જિજ્ઞાસા તૃપ્ત કરવી એ તો નિશ્ચય કર્યો.

ઘડીઆળમાં સાડાઆઠ થયા હતા. સીનેમાનો ખેલ પોણાનવથી શરૂ થતો હતો. મેં મારા વરને કહ્યું, "આજે આપણે સીનેમા જોવા જઇએ."

તેણે હા પાડી. અમે ઘર બ્હાર નીકળ્યા અને ગાડીમાં બેસીને સીનેમા તરફ ગાડી ચલાવી. રસ્તામાં સુન્દરનું ઘર આવતું હતું, ત્યાં ગાડી ઉભી રખાવી, સુન્દરને સાથે લેવા મેં મારા વરને કહ્યું. ઉપર જઇ તે તેને બોલાવી લાવ્યા, અને અમે ત્રણે પછી સીનેમા જોવા ગયા. સાડાદસ વાગે ઘર તરફ પાછા ફર્યા. ચન્દ્રનો પ્રકાશ હતો એટલે મેં ચાલતાં જવા ઇચ્છા બતાવી. રસ્તામાં સુન્દરનું ઘર આવતાં એ અટક્યો. એ વખતે મેં કહ્યું, "સુન્દર ! મને થાક બહું લાગ્યો છે–તારે ઘેર તેડી જઇ અત્યારે અમને ચ્હા પાઇશ ?"

આ શબ્દોમાં કૈં નવું ન્હોતું. જે મિત્રમંડલમાં મિત્રો તે દરેકના મનથી પોતાનાજ ભિન્ન ભિન્ન સ્વરુપો થઇ રહેલાં હોય તેમને આવી માગણીમાં કૈં અજાયબી ન લાગે. પણ હું તો આજે બધા કામ હેતુ પુરસ્સર કરતી હતી એટલે મને બ્હીક રહ્યા કરતી હતી કે વખતે સુન્દર મારા મનનો ઇરાદો જાણી જશે. પણ એ બ્હીક ખોટીજ હતી. મારી મુરાદ બર આવી ત્યાં સુધી તે સુન્દરના કે બીજા કોઇના જાણવામાં ન આવી.

અમને સુન્દર ઉપર લઇ ગયો. તેનું ઘર પ્રમાણમાં ઘણું સગવડવાળું હતું. એક વિશાલ દિવાનખાનું અને તેની સામે ત્રણ મોટી ઓરડીઓ હતી. સુન્દરના મા, બાપ અને બીજા એક બે

કુટુમ્બીઓ સૌ અંહિજ રહેતાં. સામેની ત્રણ ઓરડીમાં છેલ્લી એની પોતાની હતી. એને બે બારણાં હતાં અને વચ્ચે પાર્ટિશન હતું. એમાં એ અભ્યાસ કરવાનું અને આવનારાઓને મળવાનું રાખતો.

મેં ત્યાંજ બેસવા ઇચ્છા બતાવી, પણ સુન્દરે કહ્યું. "આપણી વાતોથી મારી પાડોશણની ઉંઘમાં આપણે ખલેલ પહોંચાડશું. અંહિ દિવાનખાનામાંજ બેસીએ."

મને તેની પાડોશણ અમીલતા સાંભરી. મેં પુછ્યું, "સુન્દર! તારી એ અરધી ઓરડીમાં કોણ રહે છે?"

"કેમ પુછવું પડયું?"

"અમસ્તુંજ. હું જ્યારે આવું ત્યારે ત્યાં તાળુંજ જોઉં છું પણ તું તારી પાડોશણ કરીને કોઇકની વાત કરે છે એટલે પુછવાનું મન થયું."

"બરાબર. એમાં અમીલતા નામની એક દેશી ખ્રીસ્તી વિધવા હાલ થોડો વખત થયા રહેવા આવી છે. પહેલાં એ સુરત રહેતી હતી અને હમણાંજ અંહિ આવી છે. હાલ રહેવાની બીજે સગવડ ન હોવાથી તેને મેં આ પ્રમાણે સગવડ કરી આપેલી છે."

"તારે એની સાથે શી ઓળખાણ?"

"સુરતમાં મારો એક ઓળખીતો છે તેણે એને માટે મારા ઉપર ભલામણ લખેલી."

"પણ અંહિ એના રહેવાથી તને ને એને બેઉને અગવડ પડતી હશે." મેં જરા ટકોરમાં પુછ્યું.

"ના. એવું કંઈ નથી. એની કથા ઘણી દુઃખજનક છે અને સ્થિતિ ઘણી ગરીબ છે. શ્રીમંત પારસણો અને બીજી કોમની સ્ત્રીઓનાં

કપડાં સીવીને એ ગુજરાન ચલાવે છે. અંહિ તેની ઓળખાણવાળી એક બીજી ખ્રીસ્તી બાઇ છે તેના સંચાપર હમેશાં રાતના સાતથી દસ વાગતાં સુધી તે તેને સીવવા દે છે. આ માટે હમેશાં એ વખતે તેને ત્યાં જવું પડે છે. સવારમાં ઘણું ખરૂં કોઇ ચર્ચમાં, લાઇબ્રેરીમાં કે ધર્મનું શિક્ષણ લેવા કોઈ પાદરી પાસે જાય છે અને બપોરના ભાગમાં ખાનગી ટ્યુશનો આપવા જાય છે. આથી તેનું ઘર ઘણું ખરૂં બન્ધ રહે છે. મને મોટે અવાજે વાંચવાની ટેવ છે પણ દસ વાગ્યા પછી હું કદિ વાંચતો નથી અને મારા મિત્રો મને મળવા આવે તે વખતે એ કદિ ઘેર હોતી નથી. આમ પરસ્પર કોઇને ગડબડાટનું કારણ ન હોવાથી બેઉને અનુકૂલતા છે અને એ પણ અંહિ બહુ સન્તોષ પામીને રહી છે. બહુ મિલનસાર અને ભલી બાઇ છે. તું એની સાથે મૈત્રી કરે તો સારૂં. એની ઝિન્દગીની આગલી કેટલીક વાતો બહુ દયાજનક છે—એ હું પછી કોઇકવાર કહીશ, હમણાં ચ્હા પી લ્યો."

મારા હૃદયમાં ક્યારની ભાંજગડ થતી હતી તે કંઈક શાન્ત પડી. ચ્હા પીને અમે જવા ઉઠયા. જતાં જતાં મેં પુછ્યું. "સવારે એ બાઇ ક્યારે મળે છે?"

"આઠ વાગે એ બ્હાર જવા નીકળે છે. ત્યાર પહેલાં મળી શકશે."

"ઠીક. કોઇકવાર એને મળવા આવીશ. હવે અમે જઇએ."

મેં ગણતરી કરવા માંડી અને સમજાયું કે કાલનો મારો ધારેલો હેતુ પાર પડશે. પણ એ વાત મેં મારા વરને કહી નહિ. સુન્દરની કસોટીનો પ્રસંગ જોવાની તેની બહુ ઉત્કંઠા લાગતી ન્હોતી, એટલે મેં એકલીએજ એ જોવાની પેરવી કરવા માંડી.

ઘેર આવ્યા ત્યારે મોડી રાત થઇ હતી. મારા વરે મને પુછ્યું.

"પ્રમદા! તને અમીલતાની દોસ્તી કરવાનું મન થાયછે ?"

"હા. હું કાલે સવારેજ તેને મળવા જનાર છું"

"ભલે, જજે. આવે તો તેને અહિં પણ તેડી લાવજે. મને ધર્મ સમ્બન્ધી કેટલીક વાતો તેની સાથે કરવા ઇચ્છા છે. એણે બધા ધર્મોનો બહુ ઉંડો અભ્યાસ કર્યો છે એમ સુન્દર કહેતો હતો."

"સારૂ"

"પણ વ્હાલિ! તું આજે એટલી બધી મોહક કેમ દેખાય છે ?"

"છું તેજ છું વ્હાલા! કંઇ નવી નથી થઇ આવી. વારંવાર વળી નવું શું મારામાં દેખાયછે ? કે પછી ચુમીઓ કરવા માટે મારા વખાણ કરેછે ?"

"નહિ–પ્રમદા! તું તો મને રોજ નવી નવીજ લાગ્યા કરે છે. **क्षणे क्षणे यन्नवता मुपैति तदेव रुपं रमणीयतायाः।** * મારા રમણીયતાના ભંડાર! તને આમ ચુમીઓ માગી લેતાં શરમ નથી થતી ?"

હું હસી અને ઉઠીને તેમની પાસે ગઇ. તેના બે હાથમાં મારા બેઉ હાથ મુક્યા, અને ગુંઠણીએ પડી ઉંચે મ્હોંએ તેમના મ્હોં સામું જોઇ રહી. લગ્નની પહેલી રાતે આ સ્થિતિમાં જોયેલું રાધા કૃષ્ણનું સુન્દર ચિત્ર આજેય મારી આંખો સામે મોજૂદ હતું. તે દહાડે સ્વપ્નમાં જોયેલ સુન્દર અને પેલી કુમારિકાનું આ સ્થિતિનું ચિત્ર મારી કલ્પનામાં ખડું થયું હતું. આવી એકજ મીઠી ક્ષણ જગતના સુખ દુઃખથી ભરેલા જંજાળી જીવનના હજારો વરસ કરતાં વધારે મુલ્યવાન નથી ? હું બોલી.

"પ્રિયતમ! જેના પર મારો એકલીનોજ સમ્પૂર્ણ અધિકાર છે તે તારી પાસેથી માગી લેતાં મને શરમ શું કામ થાય ?"

---

* જે દરેકે દરેક ક્ષણે નવીનજ દેખાતું જાય તે રમણીયતાનું ખરૂં સ્વરૂપ (સુભાષિત)

૧૧.

બીજે દિવસે સવારે સાત વાગે હું અમીલતાને મળવા ગઇ.

સમાજના શિષ્ટાચાર મુજબ તેને આગળથી આવવાની ખબર આપ્યા વગર એકદમ તેના ઘરમાં દાખલ થતાં મને સંકોચ થયો. એકજ રાતમાં અચાનક મળવા જવાનો નિશ્ચય કરેલો હોવાથી અગાઉથી જણાવવું બને તેમ ન્હોતું. હું તેની ઓરડીના બારણા પાસે જઇને ઉભી રહી. બારણું અન્દરથી બન્ધ હતું. તેના પર ટકોરો મારવાની હિંમત ન ચાલી. અન્દરથી ધીમો ધીમો મધુર અવાઝ આવતો હતો. મેં એક વાક્ય સાંભળ્યું:

* Unto thee O Lord! do I lift up my soul.

એ પ્રાર્થના કરતી હશે એમ મને લાગ્યું. થોડીવાર એ પ્રાર્થના સાંભળવા હું ઉભી રહી પણ બહુજ ધીમો અવાઝ બ્હાર આવતો હતો. એટલે એકે આખું વાક્ય સ્પષ્ટ સમજાતું ન્હોતું. બાજુમાંજ સુન્દરની ઓરડી હતી, તે અન્દરથી બન્ધ હતી. સુન્દરને મેં હમણા બોલાવવાની જરૂર ન જોઇ. થોડીવારે અમીલતાનું બારણું ઉઘડ્યું, અને તે ઉમરા ઉપર આવીને ઉભી. અહા! કેવું એનું ખૂબસુરત વદન હતું! આંખો મળતાં મેં તરત એને પુછ્યું,

"હું અન્દર આવું?"

"ખુશીથી" સસ્મિત ઉત્તર મળ્યો, અને હું અન્દર ગઇ.

બાજુની સુન્દરની ઓરડીના જેવડીજ એ ઓરડી હતી અને બન્નેની વચ્ચે લાકડાનું અર્ધ "પાર્ટિશન" હતું.. ઓરડાની વચમાં એક

---

* Bible: Book of Psalms: Psalm 25.

"પ્રભુ! મારા આત્માને તારી તરફ પ્રેરું છું."

ગોળ ટેબલ તથા તેની ફરતી બે ખુરસીઓ હતી. એક ખુરસીપર મને બેસવા કહી, બીજી પર અમીલતા પોતે બેઠી. એક તરફની ભીંત પાસે એક ન્હાનું ચોરસ ટેબલ હતું અને તેની ઉપર ભીંત પર ભગવાન્ ક્રાઇસ્ટનું એક અતિ સુન્દર ચિત્ર દાંતની ફ્રેમમાં મઢેલું ટાંગ્યું હતું. ચિત્રની નીચે ચોંટાડેલ એક મોટા કાગળ પર રંગીન સુન્દર અક્ષરોમાં એક વાક્ય લખવામાં આવેલું હતું:

* Blessed are the pure in heart ; for they shall see God.

ટેબલપરની એક ન્હાનકડી ધુપદાનીમાં કંઇક અતિ સુન્દર ધુપ જલતો હતો અને તેની સુવાસ આખી ઓરડીમાં ફેલાતી હતી. પેલા ચોરસ ટેબલપર કેટલીક ચોપડીઓ, લખવાના સાહિત્યો અને એક સુન્દર તસ્બી વગેરે વસ્તુઓ સુવ્યવસ્થિત ગોઠવેલી દેખાતી હતી. આખી ઓરડી સ્વચ્છ અને સુન્દર દેખાતી હતી અને વાતાવરણમાં સર્વત્ર શાન્તિ પ્રસરેલી જણાતી હતી.

મેં વાત શરૂ કરી--

"શિષ્ટાચારના નિયમ પ્રમાણે તમને આગળથી કશી ખબર આપ્યા વિના અચાનક હું તમારે ઘેર આવી ચડી છું એ માટે મને માફ કરશો."

"મને શિષ્ટાચારના બધાજ નિયમો પસન્દ નથી. મને કોઇ મળવા આવતું નથી–માત્ર એકજ બ્હેન ક્વચિત્ આવે છે. આજ તમને આવ્યાં

---

* St. Matthew : V—8.

અંતરથી પવિત્ર છે તેઓ સુખી છે કેમકે તેઓ પ્રભુને નિરખશે.

જોઇને હું બહુ પ્રસન્ન થઉં છું. તમે ભલે આવ્યાં—સુખેથી બેસો અને જે કામ હોય તે કહો."

"હું તમારા પાડોશીની એક ગાઢ મિત્ર છું. મારૂં નામ પ્રમદા. તમારા પાડોશીએ તમારે વિષે મને કેટલીક વાત કાલેજ કહી એ સાંભળીને તમને મળવા ઇન્તિજાર થયેલી એટલે આજે આવી ચડી છું. તમને આવકાશ તો છે ને?

"મારા પાડોશી બહુજ ભલા માણસ છે. એના જેવો બીજો કોઇપણ સહૃદય માણસ મારા પરિચયમાં નથી આવ્યો. સમાજે અને સગાંવ્હાલાંઓએ મને ત્યજી દીધી ત્યાર પછી મારા તરફ આટલી બધી મમતા માત્ર તેમણેજ બતાવી છે. મને હિંદુ સ્ત્રીઓની મૈત્રી કરવાની તો બહુ હોંસ છે, પણ હું કોને શોધવા જઉં? એક બ્હેનની મૈત્રી થઇ છે. આજે તમે આવ્યાં એથી મને બહુ હર્ષ થાય છે.—પણ રહો, આપણી વાતોથી આપણા પાડોશીને કામમાં હરકત તો નહિ થતી હોય—હું રજા માગી લઉં."

એ સુન્દર પાસે જઇ તેને બોલાવી આવી. સુન્દર મને જોઇને હસ્યો અને પછી અમીરાતાએ તેને પુછતાં બોલ્યો, "તમે સુખેથી વાત કરો. મને કશી હરકત નથી."

મને બાજી હાથથી જતી લાગી. અમારી વચ્ચે થનાર વાતચિત હું સુન્દરને સંભળાવવા લેશમાત્ર ઇચ્છતી ન્હોતી. સુન્દર જતો રહે તો સારૂં એમ થયું. હજી થોડો વખત રાહ જોઉં—દરમીઆન એ જતો રહે તો પછી વાત શરુ કરીશ એમ નક્કી કર્યું

અંહિ એક જુઠું બોલવાની મેં હિંમત કરી.

"સુન્દર! આજે રાતે નવો નાટક જોવા અમે જવાના છીએ, તું આવીશ?"

"નહિ. આજે નહિ આવી શકું. મારે ઘેરથી સૌ જવાના છે, પણ મને કામ છે એટલે બનશે તો દસ વાગ્યા પછી છુટો થઇને હું આવીશ."

તેને શું કામ હતું એ મને ખબર હતી. એને ઘેરથી સૌ જવાના હતા માટેજ મુગ્ધા આજે રાતે ત્યાં આવવાની હતી. અમારી પાસેથી જઇને તે પોતાની ઓરડીમાં બેઠો.

એ ગયો પછી મેં વાત શરૂ કરી.

"અમીલતા બ્હેન! તમારૂં નામ તો હું જાણુતી હતી. સુન્દરના પાડોશમાં—તેનાજ ઘરમાં તમે આટલા વખતથી રહોછો, છતાં તમારી સાથે સુન્દરે મારી ઓળખાણ ન કરાવી આપી એથી મને તેના ઉપર બહુ ગુસ્સો થતો. આજે તો મારી મેળેજ હવે તમારી મૈત્રી કરવા આવી ચડી છું."

કેટલીક આ પ્રકારની વાતચિત થોડો વખત ચાલી, અને એટલા વખતમાં તો જાણે કેમ અમે જૂનાં સ્નેહીઓ હોઇએ તેમ એક બીજાની સાથે મળી ગયાં. વાંચનાર! તમે જરા વિચાર કરીને જોશો તો આવા પ્રસંગો તમારા જીવનમાંય ક્યારેક બન્યા હશે. એક કેવલ અજાણી વ્યક્તિને પહેલીજ વાર જોતાં તમને એનો ચ્હેરો ગમી જાય છે. જાણે આગળ ક્યાંક મળેલા હો એમ લાગેછે, એની સાથે દોસ્તી કરવાનું મન થઇ જાય છે, અને જો જરા ઓળખાણનો પ્રસંગ પ્રાપ્ત થાય તો ઝટ વારમાં જાણે વરસાનો સમ્બન્ધ હોય તેવી મજબુત મૈત્રી બંધાઇ જાય છે. એથી ઉલટું, એક કેવલ અજાણી વ્યક્તિને પહેલીજ વાર જોતાં એનો ચ્હેરો તમને નથી ગમતો—ગમે તેવો સુન્દર હોય તોયે નથી ગમતો. એના પરિચયથી દૂર ને દૂરજ રહેવાનું મન થયા કરે છે, જો સાથે રહેવાનો

પ્રસંગ પ્રાપ્ત થાય તો લાંબા સહવાસથી પણ કદિ મન મળતાં નથીઃ આ વસ્તુસ્થિતિ સૌના જીવનમાં સામાન્ય છે. એનું કારણ શું છે તે શોધવા જવા હું ઉંડી ઉતરવા માગતી નથી. મારી પોતાની બુદ્ધિ મુજબ તો પૂર્વ જન્મ કે જન્મોનો સમ્બન્ધ ફરી તાજો થવાના કારણથી આમ બનતું હોય તેમ સમજુ છું—પણ મારી એ માન્યતા આ પુસ્તક દ્વારા કોઇ વાંચનારના મનમાં ઠસાવવાનો આશય લેશ નથી.

પહેલીજ વાર મળ્યાં છતાં જાણે હું અને અમીલતા વરસોથી સાથે રહેતા હોઇએ તેમ વાતો કરવા મંડી ગયાં. વાતમાં તેણે મને કહ્યું કે, "મુગ્ધા બ્હેન નામનાં એક બાઇને હું સીવણ ગુંથણ શિખવવા જાઉં છું, અને મુગ્ધા બ્હેન વારંવાર અંહિ આવે છે, અને સુન્દરને પણ એ ઓળખે છે." મેં જ્યારે કહ્યું કે એ મુગ્ધા મારી પણ મિત્ર છે ત્યારે એ બહુ પ્રસન્ન થઇ.

એ પછી તેના જીવનને લગતી કેટલીક બાબતો વિષે મેં સવાલો કરવા માંડયા. તેણે એક બે સવાલના ટુંકાટુંકા જવાબ આપીને પછી કહ્યું;

"પ્રમદાબ્હેન ! મારા જીવનની આખી કથા ઘણી દુઃખદ છે. અત્યારે મને પરમેશ્વર સિવાય કોઇ આશ્વાસન કે આનન્દ આપનાર રહ્યું નથી. તમારી મૈત્રીથી મને એ બન્ને મળશે એમ હું આશા રાખું છું, તમને જો મારી ઝિંદગીનો વૃત્તાંત સાંભળવામા રસ પડે એમ હોય તો બીજે કોઇ પ્રસંગે હું તે કહી સંભળાવીશ, હમણાં તો મને જવાનો વખત થાય છે."

આમ કહીને તેણે બ્હાર જવાની તૈયારી કરવા માંડી. જે વાત હું તેને ખાસ કહેવા આવી હતી તે તો હજી થઇજ શકી ન્હોતી. સુન્દર હજી તેની ઓરડીમાંથી ગયો લાગતો ન્હોતો. છેવટે, મને એક તર્ક સુઝયો. મેં પુછયું, "તમે હમણાં કયાં જશો ?"

"ચર્ચમાં આજે અમારો પવિત્ર તહેવાર છે તેથી ત્યાં પ્રાર્થના કરવામાં આવશે."

"હું તમારી સાથે આવી શકું?"

"અલબત્ત, જો તમારી ઇચ્છા હોય તો. અમારા દેવળો પરમેશ્વરનાં દેવળો છે અને પરમેશ્વર સૌનો છે. અન્ય ધર્મોનાં કેટલાંક મન્દિરોની પેઠે પરમેશ્વરના કોઇપણ બાલકને અમારા દેવળમાં આવવા દેવાની બન્ધી નથી."

કંઇક નવું જાણવાનુંય મળશે અને સુન્દરના સાંભળી જવાની બ્હીકે જે વાત હું કહી શકી ન્હોતી તે વખતે એકાન્ત મળે તો કહી પે. શકાશે એમ માની હું ચર્ચમાં જવા તૈયાર થઇ, અને અમીલતાની સાથે ગઇ. અગાઉ કદિ કોઇ હિન્દુ મન્દિરમાં ન જોયેલ એવી શાન્તિ એ મન્દિરમાં જોઇ મારો આત્મા પ્રસન્ન થયો.

એમના ધર્મ નિયમો મુજબ થતી બધી ક્રિયા મેં બેઠાં બેઠાં જોયા કરી, અને એક હિંદુ મન્દિરમાં થતી ક્રિયાની સાથે સરખાવી. આપણા મન્દિરોમાં સ્ત્રીઓ પરમેશ્વરની પ્રાર્થના કરવાને બદલે ગામની નિન્દા કરવાને માટે એકઠી થાયછે અને પુરુષો ઇશ્વરના દર્શન કરવાને બદલે બીજાઓની રૂપાળી સ્ત્રીઓના મ્હોડાં જોવાને આવે છે. પુજારી ધર્મનો ઉપદેશ કે ઇશ્વરની મહત્તાના ગુણગાન કરવાને બદલે, આખી આલમને ખવરાવનાર પરમેશ્વરની પ્રતિમાને ભોજન સામગ્રી ધરવામાં અને જગતના હિતને માટે નિરન્તર જાગ્રત રહેનાર પરમેશ્વરને ટકોરી વગાડીને પોઢાડી દેવામાંજ ભક્તિ સમજે છે. આવા ઘણા ધતીંગો વાંચનારથી અજાણ્યા નહિ હોય. અંહિ તેવું કંઇ ન્હોતું. અંહિ પરમેશ્વરની એકે પ્રતિમા ન્હોતી, પરન્તુ બધાના હૃદયમાં અને જગતના પ્રત્યેક અણુ પરમાણુમાં વ્યાપક સચ્ચિદાનન્દ સ્વરૂપનું

સાનિધ્ય એ મન્દિરમાં જ્યાં નઝર પડે ત્યાં લાગતું હતું. અંહિ કોઇ વાત કરતું ન્હોતું. પુજારી, જેને આ લોકો બધા 'પિતા' કહીને બોલાવતા હતા તે તેમને ઇશ્વર સ્તુતિના ઉત્તમ કાવ્યો વાંચી સંભળાવતો હતો અને બધા એક ચિત્તથી એ સાંભળતા હતા.

વાંચનારાઓનું અંહિ એક બાબતમાં હું જરા લક્ષ ખેંચીશ. એકે ધર્મની નિન્દા કે સ્તુતિ કરવાનો મારો આશય નથી. ધર્મ સમ્બન્ધે કશીયે ચર્ચા હું આ સ્મરણોમાં કરવાની નથી. માત્ર બે ધર્મોના બાહ્ય અંગમાં જે તફાવત મને માલમ પડેલો તેજ અંહિ નોંધું છું.

એ વાચન પુરૂં થયા પછી બધાએ એકીસાથે ઉભા થઇને પોતપોતાની ખુરસીના પાછલા ભાગમાં મુકેલી એક ચોપડી ઉઘાડી. મારી ખુરસી પર પણ એ પ્રમાણે એક ચોપડી મુકવામાં આવેલી હતી. અમીલતાએ તે ચોપડી ઉઘાડીને મારા હાથમાં મુકી અને જે ભાગ વંચાતો હતો તેના પર આંગળી મુકીને મને કહ્યું, "અમે આ પ્રાર્થના બોલીએ છીએ."

બધા બોલવા લાગ્યા તે મેં સાંભળ્યા કર્યું. પ્રાર્થના પુરી થયેથી બધા મન્દિરમાંથી બ્હાર નીકળ્યા. હું અમીલતાની સાથે ઘર તરફ પાછી વળી.

થોડેક સુધી અમે બન્ને મુંગાં મુંગાં ચાલ્યાં. અમીલતાની સાથની મારી ઓળખાણ હજુ તો છેક તાજી હતી. એની સાથે મારે જે વાત કરવાની હતી તે માત્ર બહુ અંગત મિત્રો સાથેજ થઇ શકે તેવી હતી. એટલે એ વાત શરૂ કરતાં મને ઘણા સંકલ્પ વિકલ્પો થતા હતા. પણ જો એ વાત ન કરૂં તો મારા મનની એક મોટી મુરાદ બીજી કોઇ રીતે બર આવે તેમ ન્હોતું. છેવટે બધી હિંમત એકઠી કરીને મેં વાત શરૂ તો કરી.

"બ્હેન ! તમારી પાસે મારે એક બહુ વિચિત્ર માગણી કરવાની છે. પ્રથમ પરિચયેજ એવી માગણી કરનારને તમે કદાચ બેવકુફ ગણુશો. એ માગણીનો હેતુ હું તમને પછી કહીશ. તમને યોગ્ય લાગે તો મારી માગણી સ્વીકારજો અને નહિ તો ગુસ્સે થશો માં. તમે જવાબમાં ના પાડશો તેથી તમારી પ્રત્યે મને માન કે પ્રીતિ જરાય ઓછાં થશે નહિ."

"મારાથી તમારે માટે જે બની શકશે તે કરીશ." આવો જવાબ મળશે એમ તો મેં ન્હોતુંજ ધાર્યું.

"ત્યારે જુઓ. તમે રાતના સાતથી દસ વાગતાં સુધી કામ ઉપર જાઓછો એ હું જાણું છું. આજે રાતના તમે બ્હાર જાઓ ત્યારે તમારા ઘરમાં મને રાખી, બ્હારથી તાળું મારીને જાઓ અને આવો ત્યારે ઉઘાડજો. હું કબુલ કરું છું કે આપણી વચ્ચે થયેલી તાજીજ મૈત્રી જોતાં આ માગણી તમને ઘણી વિચિત્ર લાગશે, પણ જો એ માગણી કરવાનો મારો હેતુ તમે જાણુશો તો કદાચ એ પુરી પાડશો."

થોડીવાર એ મુંગી રહી. બહુજ વિચાર કરીને પછી બોલતી હોય એમ થોડીવાર પછી બોલી.

"એમ કરવાનો તમારો હેતુ હું હમણાંજ જાણી શકીશ?"

"જો તમને હમણાંજ જાણવાની ઇચ્છા હોય તો કહું. બાકી તાળું ઉઘાડતાં સુધી જો રાહ જુઓ તો એની મેળેજ એ હેતુ તમે જાણી શકશો. મારો ઇરાદો ખરાબ નથી એ હું તમને ખાતરી આપું છું. તમને જરા પણ હરકત ન હોય તોજ હા પાડજો. રાતે બધી વાત હું તમને જણાવીશ. હું માનું છું કે બધી વાત જાણીને તમે ખુશી થશો."

વળી પાછી એ થોડીવાર ચુપ રહી. એનાજ જવાબ ઉપર મારી આખી બાજીનો આધાર હતો. ઉંચે શ્વાસે હું જવાબ સાંભળવા તલપી રહી.

"તમને ત્રણ કલાક કેદ રહેવામાં મુઝવણ તો નહિ આવે?"

જવાબ કૈંક હકારમાં આવતો લાગ્યો એટલે હું હર્ષભેર બોલી ઉઠી.

"જે કારણથી હું કેદ રહેવા તૈયાર થઇ છું તે કારણ જોતાં મુઝવણનો વિચાર કરવાની મને જરૂર નથી લાગતી. હું ફક્ત ત્યાં બેસીજ રહીશ. તમારી એકે વસ્તુને ન અડકવાનું વચન આપું છું. મહેરબાની કરી, મને નિરાશ નહિ કરો એટલી પ્રાર્થના કરૂં છું."

આ નમ્રતાના શબ્દોથી તેના સુન્દર વદન પર હર્ષની લાગણી છવાઇ અને તેની આંખ ભીની થયેલી દેખાઇ.

"એવા નમ્ર શબ્દોની મને અપેક્ષા નથી. આટલી લાગણીથી મારી સાથે કદિ કોઇએ વાત કરી મને સાંભરતી નથી. તમે એટલી બધી આજીજી ન કરો. તમારી માગણી સ્વીકારવાની મને ઇચ્છા છે, તેને અંગે બીજી ઘણીક બાબતો પુછવાનું મન થાય છે. પ્રમદા બ્હેન! ઇશ્વર જાણે શાથી પણ પહેલાજ પરિચયે તમારા તરફ મારૂં દિલ કોઇક અજબ રીતે ખેંચાય છે અને તમે જે કહો તે કરવાનું મન થઇ જાય છે, એટલે તમારી ઇચ્છા પુરી કરવામાં મને કશોય વાંધો નથી. ભલે– તમે આજે ત્યાં રહેજો. હું સાત વાગે જઇશ અને દસ વાગે પાછી આવીશ. રાતે બધી વાત મને કહેજો–રાતે ખુશીથી આવજો. પરમેશ્વર તમને સુખી કરે."

અહિંથી અમારે જૂદાં પડવાનો રસ્તો આવ્યો. તેની ભલી લાગણીઓ માટે યોગ્ય શબ્દોમાં તેનો આભાર માની મેં તેને એક સૂચના કરી કે આજની અમારી વચ્ચે થયેલી વાત કોઇ રીતે ગુપ્ત કે

સુન્દરના કાન ઉપર ન જવી જોઇએ—અને આટલી સૂચનાથી તેને ગમે તે અનુમાનો બાંધવાના કારણો આપી દીધા. એક વાર મારે ઘેર આવવાનું તેને આગ્રહથી નિમન્ત્રણ આપી પરસ્પર આશિર્વાદના શબ્દો બોલી અમે જૂદાં પડયાં. રસ્તે જતાં મેં શું વિચારો કર્યા હતા તે મને સાંભરેછે—અમીલતાને શું વિચારો થયા હશે એ તો એ જાણે.

× × × ×

સ્વપ્નોમાં થતા અનુભવોની પેઠે ગઇકાલ રાતથી અત્યાર સુધીના બધા બનાવો બની ગયા લાગતા હતા. છેવટે હું મારી ધારેલી મુરાદ બર લાવવામાં ફાવી હતી એ માટે મેં પરમેશ્વરનો આભાર માન્યો. રાતના સાત વાગવાની રાહ જોવા લાગી. અમીલતાએ કહ્યું હતું કે ‘તમારો ઇરાદો પવિત્રજ હશે’ એ વાકય મને યાદ આવ્યું. મારો ઇરાદો ખરેખર પવિત્ર હતો? કોઇ બે મિત્રો ખાસ વ્હાઇનેજ એકાન્તમાં વાતો કરવા મળે એ વાતો સાંભળવાનો મને શો અધિકાર હતો? શું હું અયોગ્ય કામ કરવાની? ...... નહિ, હું એ વાતો કોઇ જાતના ખરાબ ઇરાદાથી સાંભળવા માગતી ન્હોતી, અને છેવટે તો મારી બધી હકીકત એ બન્નેથી હું છુપી રાખવાની ન્હોતી. આવો એક નિર્બલ ખુલાસો કરી, મેં મારા મનની મુઝવણ દૂર કરી.

બપોરે મારા વરે મને પુછ્યું.

“તું પેલી અમીલતાને ઘેર જઇ આવી?”

“હા, અને આજે રાતે પાછી ફરીથી જવાની છું.”

મને એમ થયું કે હું જુઠું બોલું છું—રાતે અમીલતાને ઘેર કૈં હું તેને મળવા જવાની ન્હોતી. તોપણ તેને ઘેર તો હું જવાનીજ છું એ વાત ખરી હતી. અનેક પ્રસંગોએ ઝિન્દગીમાં આવી રીતે અન્તઃકરણ અમુક વાત ન સ્વીકારતું હોય તોપણ આવી જાતના ખુલાસા કરી પોતાના મનને મનાવી લેવું પડેછે.

અમીલતાને વિષે બીજી કેટલીક વાતો કરીને મારા વર ગયા. હું હવે અધીરી બનીને સાંજ પડવાની રાહ જોઇ રહી. માંડ માંડ દિવસ પુરો થયો અને સાડા છ વાગે હું અમીલતાને ઘેર જવા નીકળી. ચાલીમાંથી ચાલતાં રસ્તે સુન્દરનું ઘર આવતું હતું. મને કોઇ ઓળખી ન જાય એ માટે હું લાજ કાઢીને ચાલી! પરણ્યા પછી પહેલીજ વાર મેં આજે લાજ કાઢી. સુન્દરની ઓરડી બ્હારથી બન્ધ જોઇને નિશ્ચિન્ત થઇ. રજા લીધા વિના તરતજ હું અમીલતાના ઘરમાં દાખલ થઇ ગઇ. સાત વાગવામાં પાંચ મીનીટની વાર હતી અને તે જવાને માટે તૈયાર થઇ રહી હતી.

"તમે જરાક મોડાં આવ્યાં હોત તો હું ચાલી જાત," એ બોલી, "હવે વાત કરવાનો સમય નથી. હું જાઉં છું અને ઓરડી બ્હારથી બન્ધ કરૂં છું. તમારાજ ઘરમાં હો તેમ રહેજો—હું દસ વાગે બારણું ઉઘાડીશ."

ફરીથી મેં તેનો ઉપકાર માન્યો. "રાતે ઘણી વાતો કહીશ" કહીને તેને જવાનું કહ્યું. તે ગઇ, અને ઓરડીને બ્હારથી તાળું દેવાતું મેં સાંભળ્યું. નિશ્ચિન્ત થઇને હું એક ખુરસી પર બેઠી, શરીરે થયેલો પરસેવો લુછી નાંખ્યો.

આખી દુનિયાનો દરીયો ડોળીને સર ફ્રાન્સિસ ડ્રેક વિલાયતના કીનારે આવ્યો ત્યારે તેને જે હર્ષ થયો હશે તે મને અત્યારે થતા હર્ષ પરથી કદાચ માપી શકાય એમ લાગ્યું. ફરીથી, ગઇ રાતે સીનેમા જોવા ગયા ત્યારથી અત્યાર સુધીના બધા બનાવો કલ્પનામાં ખડા થયા. ઘડીઆળમાં સાત થયા હતા.

૧૨.

મુગ્ધા નવ વાગે સુન્દરને ઘેર આવવાની હતી—એ કલાક હજી બાકી હતા. ઘણી ચોપડીઓ ટેબલપર પડી હતી અને મને તેની માલિકે તેનો ઉપયોગ કરવાની રજા આપેલી હતી, પરન્તુ અન્ધારામાં એકે અક્ષર વાંચી શકાય તેમ ન્હોતુ. બત્તી કરવાની મને પરવાનગી હતી પણ બત્તીનો પ્રકાશ 'પાર્ટિશન' ઉપર થઇને પડખેની ઓરડીમાં પડે તેમ હતું. એટલે, બે કલાક જેમ તેમ વીતાડવાને માટે મેં મારી રેડીયમ ઘડીઆળના અન્ધારામાંય દેખાતા સેકંડ કાંટાની ગતિ જોયા કરી!

માંડમાંડ સાડા આઠ વાગ્યા. એ વખતે સુન્દરની ઓરડી ઉઘડવાનો અવાઝ સંભળાયો. અન્દર કોઇક ગયું, અને બત્તી સળગી. મારી ઓરડીની ભીંતોના ઉપરના ભાગપર પ્રકાશ પડવા માંડયો અને એ પ્રકાશમાં ભીંત પર ટાંગેલું ભગવાન્ ક્રાઇસ્ટનું ચિત્ર મારી નઝરે પડયું. ઘણી વાર સુધી એ ચિત્ર સામે હું જોઇ રહી, અને એ જોતાં રામ અને કૃષ્ણ જેવા આપણા મહા પુરૂષોનાં ચિત્રો ચિતરનારની કલ્પનાશક્તિ ઉપર મને તિરસ્કાર છુટયો. એટલામાં પડખેના ઓરડામાંથી આવતો સ્વર સ્પષ્ટ સંભળાવા લાગ્યો—એ સ્વર સુન્દરનો હતો.

તે કોઇક પુસ્તક ટેવ મુજબ મોટેથી વાંચતો હોય તેમ લાગતું હતું. બધા શબ્દો હું બરાબર સાંભળતી હતી.

ॐ ॥ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते । *
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

---

* આ પૂર્ણ છે, આ પૂર્ણ છે. પૂર્ણમાં પૂર્ણ ઉમેરવાથી સમુચ્ચય પૂર્ણ થાય છે. પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેતાં પૂર્ણ અવશેષ રહે છે. (શ્રી વાજસનેય સંહિતોપનિષત્નો શાન્તિપાઠ.)

ॐ ॥ शान्तिः । शान्तिः शान्तिः ॥ એ શાન્તિપાઠ બોલીને તેણે વાંચવું શરૂ કર્યું, અને સંગીતના લયમાં નીચેનો શ્લોક બોલ્યો.

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् । †
तेन त्यक्तेन भुञ्जीथा मागृधः कस्यस्विद्धनम् ॥

સુન્દર ઉપનિષત્ વાંચતો હતો. આવનાર કસોટીમાં વિજયી નીવડવાનું બલ પ્રાપ્ત કરવા માટે, આસપાસનું વાતાવરણ પવિત્ર કરવા માટે અને પવિત્રતમ પુસ્તકના વાચનની પ્રબલ શક્તિ સિદ્ધ કરવા માટે એ શ્લોકો સુન્દર વાંચતો હશે એમ મેં અનુમાન કર્યું. થોડીવાર આ મધુર વાચન ચાલુ રહ્યું, અને પછી સુન્દરે આ શ્લોક વાંચ્યોઃ—

*** हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।**
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

શ્લોક પુરો થતાં સુન્દરનું દ્વાર બ્હારથી ખખડ્યું.

तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ એ વાક્ય ફરીથી બોલીને સુન્દરે દ્વાર ઉઘાડ્યું અને બોલ્યો, "આવો."

મારા શ્વાસોચ્છ્વાસ અનિયમિત ચાલવા લાગ્યા. બેઠી હતી ત્યાંજ હું સ્તબ્ધ થઇ ગઇ. આખા શરીરમાં વહેતું ચેતન જાણે મારા બે કાનમાંજ આવી સ્થિર થઇ ગયું હોય તેમ લાગ્યું. મેં ધાર્યું કે મુગ્ધા

---

† આ સર્વ જગત્ અને તેની અન્દર જે કૈં છે તે સર્વ ઈશ્વર વડે આચ્છાદન કરવા યોગ્ય છે. ત્યાગ વડે (તેનો) ઉપભોગ કર, પરાયું ધન હરણ કર નહિ. (ઇશોપનિષત્—૧)

* સુવર્ણના પાત્રેથી સત્યનું મુખ બન્ધ જે,
ઉઘાડી આપ તું પૂષન્ સત્ય ધર્મ દગર્થ તે.
(કાન્ત) ઈશોપનિષત્ ૧૮.

આવી, સુન્દરની કસોટી જોવાની ક્ષણુ આવી. 'એનું શું છેવટ આવશે?' એવો એક વિચાર મગજમાંથી અચાનક પસાર થઇ ગયો.

તેમની વચ્ચે વાતચિત શરૂ થઇ. એ બધી હું સ્પષ્ટ સાંભળી શકતી હતી, પરન્તુ બોલતી વખતે તેમના શરીરના હાવભાવ કે મ્હોંપર પ્રકટતી લાગણીઓ તો જોવાય તેમ ન્હોતુંજ.

પહેલી મુગ્ધા બોલી–એ અવાઝ મેં તરતજ ઓળખ્યો.

"સુન્દર! આપણી વાતો કોઇ સાંભળી શકે તેમ તો નથીને?"

"પરમેશ્વર સિવાય કોઇજ નહિ."

મુગ્ધા ઘડીકવાર ચુપ રહી.

હું સુન્દર પાસે મારો વિકાર પ્રકટ કરવા તૈયાર થઇ તે વેળા પરમેશ્વરનું સર્વવ્યાપિપણું ભુલી ગઇ હતી એ મને સાંભર્યું.

મુગ્ધા ફરીથી બોલી.

"પરમેશ્વર બધું જાણે છે. તેનાથી તો કશું હું છુપાવવા માગતી નથી કેમકે મને તેનો ભય નથી. સુન્દર! તમે જાણો છો કે તમે અત્યન્ત ખૂબસુરત છો?"

"સર્વથી અધિક ખૂબસુરત ગણાતા પુરુષનું સૌન્દર્ય સ્ત્રીની ખૂબસુરતીથી હું ઉતરતું ગણું છું–પણ તમે મારી કશી તારીફ શામાટે કરો છો?"

"કારણુ કે તમે તારીફને યોગ્ય છો. સુન્દર! તમે નહિ ધારી હોય એવી વાતો આજે તમને કહેવા હું આવી છું–એથી તમને ખોટું તો નહિ લાગે ને?"

એક ચિત્તથી હું બધું સાંભળ્યા કરતી હતી. ઘણીવાર લાંબા સમય સુધી શ્વાસ સરખો લઇ શકતી ન્હોતી.

સુન્દર બોલ્યો,

"ખરાબ વાતો સિવાય મને કશાથી ખોટું નહિ લાગે."

વળી પાછી થોડી ક્ષણો મુગ્ધા મુંગી રહી.

"સુન્દર! તમે મારા વરને ઓળખોછો?"

"પરિચય નથી."

"તમે એને જોયા છે તો ખરાને?"

"ક્વચિત્."

"સુન્દર! સ્પષ્ટ શબ્દોમાંજ એક પ્રશ્ન પુછું–તમે મારે માટે ગમે તે મત બાંધજો–તમને લાગે છે કે મારા જેવી પત્નીના સ્વામી થવાની યોગ્યતા તેમનામાં છે?"

"એ યોગ્યતાનો નિર્ણય કઇ દૃષ્ટિયે કરવાનો છે?"

"પ્રથમ વયની, પછી સૌન્દર્યની, પછી રસિકતાની."

"સ્વાભિમાન પ્રકટ કરવા ઉપરાંત તમે શું કહેવા માગોછો એ હું સમજતો નથી."

સુન્દરના ઉત્તરો સાંભળી હું દંગ થઇ જતી હતી. આટલા મક્કમ પુરૂષને કેવી રીતે ચલિત કરી શકાય? આવા સચોટ જવાબનો ઉત્તર બીચારી મુગ્ધા જેવીથી શી રીતે આપી શકાય? મુગ્ધા વળી થોડીવાર ચુપ રહી.

"સુન્દર! સુન્દર! ......" તેનો કંઠ રૂંધાઇ જતો હોય એમ તેના બોલવા ઉપરથી લાગ્યું ... "હું સ્પષ્ટ શબ્દોમાંજ કહું?—મને તમારી કરો."

સુન્દરની કસોટીની ખરેખરી ક્ષણ આ. એના જવાબ પર એના વિજય કે પરાજયનો તમામ આધાર હતો. એના મ્હોંમાંથી આ શબ્દો નીકળ્યા:—

"મને હક્ક નથી."

મારી જીભ પર "શાબાસ" શબ્દ આવી ગયો પણ સ્થિતિનું ભાન થતાં હું મુંગીજ રહી.

"સુન્દર! તમારા હૃદયમાં દયા નથી?" મુગ્ધા રડતી રડતી બોલતી હોય તેમ લાગ્યું.

"દયાનો અર્થ તમે શું કરો છો?"

"દુ:ખીયોનાં દુ:ખ ઓછાં કરવાને માટે પોતાની શક્તિથી બને તેટલો પ્રયત્ન કરવો એનું નામ દયા એમ હું માનું છું."

"એવી દયા તો મારામાં છે!"

"ત્યારે મારૂં દુ:ખ તમે ઓછું કરશો નહિ?"

"તમને શું દુ:ખ છે?"

"તમે આવા પ્રશ્નો કેમ કરો છો? હું મારા પતિથી અસન્તુષ્ટ છું."

"એ દુ:ખ ઓછું કરવાનું મારા હાથમાં નથી."

"છે."

"શી રીતે?"

"મને તમારી કરો."

"એથી તમારૂં દુ:ખ વધશે કે ઓછું થશે?"

"નષ્ટ થઇ જશે."

"ભુલ તો નથી થતી ને?"

"નહિજ."

"હજી વિચાર કરો."

"હવે કશો વિચાર કરવાનો છેજ નહિ."

વાંચનાર યુવાન્! તારી જાતને સુન્દરની સ્થિતિમાં કલ્પીજે. આ વખતે તું મુગ્ધાને શું જવાબ આપીશ એ તારા અન્તરને પુછીજે.

સુન્દરે પ્રશ્ન કર્યો:

"તમારા સ્વામીનાં નથી થઇ શકયાં તે તમે મારાં થશો?"

ફટકો સખ્ત હતો.

"હું તમને વફાદાર રહેવાના સોગન ખાઇશ."

"બેવફા થયેલી પત્નીને પરપુરુષને વફાદાર રહેવાના સોગન ખાવાનો શું હકક છે?"

આ પ્રશ્નનો જવાબ મુગ્ધાથી દેવાય તેમ ન્હોતું.

"તમે મને એવા મુઝવી નાખે તેવા સવાલો ન પુછો," મુગ્ધા બોલી, "મને ચોકખા શબ્દોમાં જવાબ આપો–તમે મારી વાસના તૃપ્ત નહિજ કરો?"

"અયોગ્ય વાસનાને તૃપ્ત કરવા કરતાં તેનો નાશ કરવો એજ ઉચિત છે."

મારા અન્તરમાં ઉદ્દગાર પ્રકટયો: "સુન્દર! તને ધન્ય છે."

મુગ્ધા બોલી.

"મને એવા જવાબ નથી જોઇતા. તમે મારી ઇચ્છા પુર્ણ નહિજ કરો?"

" તમને જે ઇચ્છા થાય તેની તૃપ્તિને અર્થે ઇશ્વરે તમને જે સ્વામી આપ્યો છે તેની પાસે પ્રાર્થના કરો."

" એ મારો સ્વેચ્છિત સ્વામી નથી–મારી ઇચ્છા વગર મારે માથે નાંખવામાં આવેલો પતિ છે. મારા દેહનો પતિ હોય તો પણ હૃદયનો તો નથીજ."

" છતાં એ તમારો માલિક છે. ઇચ્છાયે કે અનિચ્છાયે ગમે તેમ યોગ થાય તો પણ જન્મ જન્મોના સંબંધ અનુસાર ઇશ્વરે એ અગાઉથીજ નિર્માણ કરેલો હોયછે. દેહ અને હૃદયને માટે જૂદા જૂદા સ્વામી ન હોઇ શકે. એવું કર્મ ઇશ્વરના નિયમ વિરૂદ્ધનુંછે અને પાપ કર્મ છે."

મુગ્ધાએ પહેલાં કહ્યું હતું કે 'મને ઇશ્વરની શિક્ષાની બ્હીક નથી.' પણ હવે પછી તે જે વાકય બોલી એ ઉપરથી મને ચોક્કસ ખાતરી થઇ કે આર્યસ્ત્રી ગમે તેટલી ભ્રષ્ટ થઇ હોય, નિડરતાનો ગમે તેટલો ડોળ બતાવે તોપણ ઇશ્વર પરની આસ્થા અને પાપકર્મની શિક્ષાની બીતિ તેના ઉંડા અન્તરમાંથી કદિ ખસતી નથી. મુગ્ધા બોલી.

" એ પાપને માટે પરમેશ્વર શું શિક્ષા કરશે ?"

" પાપ કરનાર પોતેજ એ પાપની શિક્ષા વ્હોરી લે છે એટલે એમાં પરમેશ્વરને દૂષિત કરવા જેવું કૈં નથી. યુવાન વિધવાઓને જુઓ, પતિ અને પતિના સ્નેહની શોધમાં ફરતી હજારો યુરોપીઅન સ્ત્રીઓને જુઓ. એ બધી એવા પાપોની શિક્ષા ભોગવે છે એમ સમજો."

" હું પણ છતે પતિયે પતિના સ્નેહની ભુખી છું."

"બરાબર. અને માટેજ સમજો કે પૂર્વ જન્મમાં કરેલ કોઇક નાનકડા પાપની શિક્ષા તમે ભોગવો છો. એ ભોગવી લેશો એટલે બીજે જન્મે તમે એ સ્નેહ–કે વિલાસ જે ગણો તે–પામશો. એ શિક્ષાનો અવધિ વ્હેલો પુરો થવાનો હોય તો આ જન્મે પણ તમે એ સ્નેહ પામો. પણ આ જન્મે ફરીથી એવું પાપ વ્હોરી લઇ ખરાબ કર્મ બાંધી લ્યો માં."

"પણ એ શિક્ષામાંથી તમે મને છોડવી શકો નેમ છો."

"કર્મના નિયમોમાં પરમેશ્વર સિવાય કોઇ ફેરફાર કરી શકતું નથી. તમે એમ માનતાં હો કે હાલ તુરત તમે ઋણમાંથી મુક્ત થશો તો જન્માન્તરે પણ તમારે એ ઋણ ચુકવવાનુંજ છે એ ખાતરી રાખજો."

શુભ સંસ્કારો પામેલું એવું કયું આર્ય અબલાનું હૃદય છે કે જેનાપર આ શબ્દોની અસર ન થાય?

મુગ્ધાના મોટેથી રડવાનો અવાઝ મેં સાંભળ્યો. ઘણાં ડુસકાં ખાઇ રહ્યા પછી–અચકાતી–રડતી જતી–વળી ડુસકાં ખાતી જતી–બોલી.

"સુન્દર!–સુન્દર! તમે મનુષ્ય છો કે દેવ? તમે મને શું વાતો કહોછો? સુન્દર આવું કહેનાર મને કોઈ પહેલાંજ મળ્યું હોત તો હું અત્યાર સુધીમાં આવા અનેક પાપો કરતી અટકી હોત. અફસોસ! પવિત્ર સુન્દર! તમે નહિ જાણતા હો કે હું મારા પતિ તરફ બેવફા થઇ ચુકી છું. મેં ઘણી વાર પાપ કર્મો કર્યાં છે–મને શું શિક્ષા થશે?"

મને વિચાર પ્રકટયો, "ધન્ય છે, આર્ય અબલા! તારૂં હૃદય તો હજી આર્ય સ્ત્રીનુંજ હૃદય રહ્યું છે."

સુન્દર બોલ્યો.

"મુગ્ધા બ્હેન! પરમેશ્વર દયાનો સાગર છે. ગમે તેવાં અધમ પાપોની પણ એ ક્ષમા આપી શકે છે. તમે એની ક્ષમા માગો–ખરા અન્તઃકરણથી ક્ષમા માગો. પરમેશ્વરને શિક્ષા કરતાં ક્ષમા કરવાનું વધારે ગમે છે."

"સુન્દર! ––"

"મને એકવાર ભાઇ કહીને બોલાવો."

"ભાઇ! મારા ભાઇ! હું ક્ષમા માગીશ. પ્રભુ મનેય ક્ષમા આપશે?"

"જે પ્રભુએ જેસલનાં પાપ માફ કર્યાં તે તમારાં પાપ માફ નહિ કરે?"

"માફ કરશે. મારા ભાઇ! તમે મને પરમેશ્વરને ઓળખતાં શિખવ્યું. તમારી હવે કયા શબ્દોમાં તારીફ કરૂં?

"તમામ તારીફ એકલા ઇશ્વરનીજ કરવી ઘટે છે. મુગ્ધા બ્હેન! મારી પાસે બેસીને, પરમેશ્વરની અંહિ હાજરી માનીને તેની સમક્ષ પ્રતિજ્ઞા કરો કે હવેથી કદિ તમે તમારા પતિ તરફ બેવફાઇ નહિ કરો. થયેલ પાપો માટે પશ્ચાતાપ કરો. ઇશ્વર તમને માફ કરશે–સુખી કરશે."

"ભાઇ! પરમેશ્વરની પાસે હું તમારી સમક્ષ પ્રતિજ્ઞા કરૂં છું કે હું કદિ હવે મારા વર તરફ બેવફા નહિ થઉં. આ પ્રતિજ્ઞા પાળવાનું ઇશ્વર મને સામર્થ્ય આપો."

ધર્મનો ઢોંગ કરનારા લોકો કહે છે કે દુનિયામાં કલિયુગ આવ્યો છે અને મહાપુરુષો જગતમાંથી અદૃશ્ય થયા છે. પણ નહિ,

દુનિયાની નઝરે મહાપુરુષો ભલે ન દેખાતા હોય તોપણ મારી નઝરે તો સુન્દર જેવા મહાપુરુષો વારંવાર આવતા.

સ્વભાવથી શુદ્ધ પણ સંજોગોને લીધે ભ્રષ્ટ થયેલી આર્ય અબલાને સુધારવાને માટે સુન્દરના જેવા પુરૂષો હજી જગત્‌માંથી ગયા નથી. કોઇ પણ શિક્ષાથી ન સુધરે તેવાં ભ્રષ્ટ હૃદયોને સુધારવાને માટે સુન્દરના જેવાં ઉન્નત હૃદયો હજી સદ્‌ભાગ્યે આપણાથી દૂર થયા નથી.

દસ વાગવાને દસ મીનીટની વાર હતી.

મુગ્ધા બોલી.

" ભાઇ ! હવે હું મારે ઘેર જાઉં ? કેવી નીચ મુરાદથી હું અંહિ આવી હતી. અને કેવી ઉચ્ચ વાતો સાંભળીને જાઉંછું ! સુન્દર ! તમે મારૂં આખું જીવન આજે ફેરવી નાંખ્યું છે. કાલ સવારે આજની મુગ્ધા બદલાઇ ગઇ હશે. આજ મારા ઉત્કર્ષનો દહાડો. બસ ભાઇ ! મને જવા દો. વધું વખત હવે અંહી બેસવા મારી ઇચ્છા નથી."

સુન્દરનું દ્વાર મેં ખુલતું સાંભળ્યું. મુગ્ધા બોલી. " તમે કયાં જાઓ છો ? "

" મેં દસ વાગે નાટકમાં જવાનું સવારે પ્રમદાને કહી રાખ્યું હતુ એટલે હવે જાઉંછું."

બન્ને બ્હાર નિકળ્યાં, અને ઓરડીને તાળું દેવાતું મેં સાંભળ્યું.

મને એક પ્રસંગ યાદ આવ્યો. પદ્મિનીને ઘેર કામાવેશથી વિવ્હલ થઇ ને નન્દરાજા તક સાધીને ગયો હતો. થોડીવાર પદ્મિની સાથે

વાત કરી અને નન્દ બદલાઇ ગયો. બ્હાર નીકળ્યો ત્યારે પાદ્મનીને બ્હેન કહીને વીરપસલી આપતો ગયો હતો. આજનો બનાવ પણ કંઇક તેના જેવોજ હતો. અહિં ફર્ક એટલો હતો કે પરપુરૂષથી મોહાયલી અબલા કહેવાતી પ્રબલા મુગ્ધા તેની પાસે આવી હતી !

મેં બત્તી સળગાવી. થોડીવારમાં મારી ઓરડીનું બારણું ખુલ્યું અને અમીલતા અન્દર દાખલ થઇ.

" કેમ, કેદખાનાનો અનુભવ કર્યો ? "

" હા. હવે બેસો હું તમને 'અરજી દઇ કેદી થનાર' ના મનની બધી વાત કહું.

બનેલો ઇતિહાસ મેં તેને ટુંકામાં કહી બતાવ્યો. સાંભળીને એ આશ્ચર્યમાં ગરક થઇ ગઇ.

" આ બધું કોઇ નાટકના સીન જેવું નથી લાગતું પ્રમદા બ્હેન ? "

" ખરેખર તેવુંજ છે. કોઇને કહીએ તો કોઇ માને નહિ. પણ વાત ખરેખર બનેલી છે. "

" અજબ. પણ તમે કેવાં ચાલાક છો ! તમારા જેટલી બુદ્ધિ મને તો ન સુઝે."

બીજી થોડી વાતો કરીને હું જવા ઉઠી. જતાં જતાં કહ્યું, " અમીલતા ! કાલે સાંજે પાંચ વાગે જો મારે ઘેર આવો તો મારી ગાડી તેડવા મોકલું."

" પાંચ વાગે મારે મુગ્ધા બ્હેનને ઘેર જવુ જોઇએ."

" મુગ્ધાને કાલે ત્યાંજ બોલાવીશુ. "

"ભલે તો હું આવીશ."

હું ઘેર ગઇ, ત્યાં મારા વર ઘરની બ્હાર નિકળતા મને સામા મળ્યા. મને જોઇને કૃત્રિમ ગુસ્સો કરીને બોલ્યા. "બહુ મોડું થયું છે પ્રમદા! આટલી વાર સુધી બેસી રહેવાય? હું તને તેડવા આવતો હતો."

"માફ કરજે મહેરબાન! તું મને ઘણીવાર આથીયે મોડે સુધી રાહ જોવારાવ્યા કરે છે. પણ ચાલ—હવે એક બહુ સરસ વાત કહું."

સ્વસ્થ થઇને મેં બધી વાત તેને કહી. મેં કહ્યું, "સુન્દર મનુષ્ય નથી પણ દેવ છે." મારા વર બહુ પ્રસન્ન થયા. મને તેણે કહ્યું "તું જાસુસનું કામ સારી રીતે કરી શકે તેમ છો."

"એ અભિનન્દન મને નથી જોઇતું. મને તો બીજું કૈંક જોઇએ."

"શું જોઇએ, કહે."

"એકજ વસ્તુ હું તારી પાસે કદિ માગતી નથી, અને છતાં વગર માગ્યેજ તું મને આપ્યા કરે છે એ–"

વાકય પુરું થતાં પ્હેલાં હું તેમના હાથમાં સપડાઈ ગઇ અને અમારા ઓઠ ભેગા થયા.

૧૩.

બીજે દિવસે સ્હાંજે મને વચન આપ્યા પ્રમાણે અમીલતા પાંચ વાગે આવી પહોંચી. મેં સુન્દરને અને મુગ્ધાને પણ આવવા નિમંત્રણ કરેલું હતું, અને થોડીવારે તેઓ બન્ને પણ એક પછી એક આવી પહોંચ્યાં. મને આવી રીતે મિત્રમંડલ એકઠું કરીને કૈંક ઉપાહાર ચ્હા પાણી વગેરેથી તેનો સત્કાર કરી, કલાકો સુધી

મીઠી–નિર્દોષ વાતો કરવાનો બહુ શોખ છે, અને અવકાશ મળતાં કદિ એ શોખ પુરો કર્યા વગર નથી રહેતી. આજે મારા મિત્રમંડલમાં એક નવી વ્યક્તિ ભળી હતી–અમીલતા. મેં તેને મારા વર સાથે ઓળખાણ કરાવી, અને પછી અમે સૌ જુદા જુદા વિષય ઉપર વાતે વળગ્યાં.

સુન્દરે મને કહ્યું, " કાલે નાટકમાં તું ન્હોતી, અને મેં નકામો ધક્કો ખાધો."

" તમે તો ઘરનાં બધાં માણસો ગયાં હતાં ને ? "

" હા. "

" ત્યારે નકામો ધક્કો શેનો–તું ક્યાં એકલો હતો. ? "

" પણ મેં તો તારા કહેવા ઉપરથી તમારા બન્નેના આવવાની આશા રાખી હતી. "

" મારાથી ન અવાયું. મેં તો કાલે એક બીજું બહું સરસ નાટક જોયું. "

અમીલતાની સાથે દૃષ્ટિ મળતાં મારાથી હસી જવાયું–પણ એ મુગ્ધા કે સુન્દરના જોવામાં ન આવ્યું.

મુગ્ધા આજે ઝાઝું બોલતી ન્હોતી. તેનું શરીર મને કૈંક અસ્વસ્થ જણાતું હતું. આંખો ઉજાગરાથી લાલ બની ગયેલી લાગતી હતી અને અવાઝ ભારે બોલતો હતો. તેણે વાળ બહુ સંભાળ રાખીને ઓળ્યા હતા અને કપડાં પણ બહુ કાળજીથી–ફેશનથી પહેરેલાં હતાં, પણ તેના મ્હોંપર થાક અને ગમગીનીનાં ચિહ્નો દેખાતાં હતાં–એ સ્વસ્થ ન્હોતી.

પણ મારૂં ચિત્ત આજે બીજા કોઇના કરતાં અમીલતામાં વધારે પરોવાયલું હતું. અમીલતાના જીવનનો ઇતિહાસ કંઇક જાણવા જેવોછે એમ સુન્દરે મને કહ્યું હતું એટલે હું તે જાણવાને ઉત્સુક થઇ રહી હતી. પણ, એ વાત કેવી રીતે શરૂ કરાવવી તે સમજાતું ન્હોતું.

એટલામાં મારા વર અમીલતાની સાથે ધર્મ સંબંધી કંઇક વાતો કરવા લાગ્યા. એ વાતમાં અમીલતા બોલી કે "હું જન્મથી ખ્રીસ્તી નથી, પણ પાછળથી એ ધર્મનો મેં અંગીકાર કર્યો છે." આ ઉપરથી એમ કરવાનું મેં કારણ પુછયું, એટલે તેણે જવાબ આપ્યો કે "એ વાત બહુ લાંબી અને દુઃખભરી છે."

મેં કહ્યું, "તમને કહેવામાં હરકત નહોય તો અમે જાણવા ઉત્સુક છીએ."

થોડીવાર વિચાર કરીને અમીલતા બોલી "તમારી ઇચ્છા હોય તો મને કહેવામાં હરકત નથી."

ત્યાર પછી તેણે પોતાના જીવનનો વૃત્તાંત નીચે પ્રમાણે કહી બતાવ્યો, અને તેમાંથી મેં ઘણુંખરૂં આ પ્રમાણે લખી રાખેલું છે.

"મારો જન્મ કુલવાન અને શ્રીમન્ત ઉચ્ચ કોમના હિન્દુ કુટુંબમાં થયો હતો. મારા માતપિતાનું હું એકજ સન્તાન હતી, એટલે બહુ લાડથી ઉછરી હતી, અને મ્હોંયે ચડાવેલી થઇ ગઇ હતી. મારી ઇચ્છાને હુકમ માનીને મારી આસપાસનાં સૌ માણસો તાબે થતાં અને મારૂંજ ધાર્યું બધું થતું. આ છુટ મને બહુ ગમતી પણ પછીથી એનું બહુ કડવું પરિણામ મારે ભોગવવું પડયું છે.

હું બાલપણમાં ભણી નહિ, કે કામ કરતાં શિખી નહિ. મારાં માતપિતાએ એ વિષે બહુ દરકાર ન કરી. મને એ વખતે ભવિષ્યના વિચારો કરવા જેટલી બુધ્ધિ ન્હોતી. સર્વ તરફનું સુખ હતું એટલે હું તો સ્વચ્છન્દથી મને ફાવે તેમ રહેતી અને કોઇ મને આડે આવતું નહિ.

હું હિન્દુ કુટુમ્બમા જન્મી હતી, પણ હિન્દુ ધર્મ કે નીતિનું શિક્ષણ મને કદિ મળ્યું નથી. મારા મતાપિતા વૈષ્ણવનો ધર્મ પાળતા, પણ ઘરમાં લાલજી મહારાજની પુજા કરવી અને મન્દિરે દર્શન કરવા જવું એ સિવાય ધર્મનું કં વિશેષ સ્વરૂપ તેમના જાણ-વામાં ન્હોતું. મને કોઇ કોઇવાર મારાં બા મન્દિરે લઇ જતાં પણ ત્યાં હું ઇશ્વરનાં દર્શન કરવા જતી એમ મને હજુ કદિ લાગતુ નથી. માત્ર ઘણા માણસો એકઠા થયા હોય તેમને જોવા જવું એજ મને મન્દિરે જવાનો હેતુ લાગતો. આનું પરિણામ એ આવ્યું કે હિન્દુ ધર્મનો એક પણ સિદ્ધાંત હું મોટી વય સુધી જાણી શકી નહિ.

મને બહુ નાની ઉમરે પરણાવવામાં આવી હતી—કયારે એ તો મને નથી સાંભરતું. જ્યારે હું બાર તેર વરસની થઇ ત્યારે મને સાસરે મોકલવામાં આવી. પરણ્યા વગર સાસરે ન જવાય એટલું તો હું સમજતાં શિખી હતી પણ જ્યારે મેં એ સવાલ મારા માતપિ-તાને પુછયો ત્યારે મને કહેવામાં આવ્યું કે "તને તો ઘણા વરસથી પરણાવી છે!" મેં એ વાત માની નહિ, પણ છતાં મારે સાસરે ગયા વિના છુટકો ન્હોતો.

મારાં સાસરીયાં અસલથી શ્રીમન્ત હતા, પણ વેપારમાં એચાર મોટા ધકકા વાગ્યાથી હું સાસરે ગઇ તે વખતે સારી

રીતે ઘસાઇ ગયા હતા. અને કુટુમ્બની આબરૂ નભાવી રાખવાને માટે જે ખર્ચ કરવું પડતું તે મહામુશ્કેલીએ પુરૂં ન થતું અને દેવું વધ્યા કરતું. આવી બધી વાતો હિંદુ બાલાઓને ૧૩-૧૪ વરસની કુમળી વયમાં જાણવી પડે છે. એટલી ઉમરે જ્યારે તન અને મનનો સારી રીતે વિકાસ થવાનાં સાધનો મળવાં જોઇએ ત્યારે ઉલટું આવા ઉપાધિથી બન્ને નબળાં પડતાં જાય છે. મારૂં લગ્ન થયા પછીથી મારા સાસરાની પડતી સ્થિતિ આવવા માંડી હતી એટલે ઘરમાં આવતાંજ હું ખરાબ પગલાંની ગણાઇ હતી અને વળી પિયરથી હું કશા સારા સંસ્કાર ન્હોતી લાવી કે જેથી સાસરામાં સૌને પ્રસન્ન કરી શકું એટલે મારા તરફ હું કોઇનું દિલ ખેંચી શકી નહિ. મારા પતિને મારા ઉપર પ્રેમ હતો એવું મને કદિ લાગ્યું નથી. તે પોતે ભોળા દિલના પણ કંઈ શક્તિ વગરના માણસ હતા અને મારી પેઠેજ શ્રીમંતાઇના લાડમાં ઉછરેલા હોવાથી અભણ અને સ્વચ્છન્દી રહી ગયા હતા. તેમની કેટલીક બહુ ખરચાળ ટેવો કુટુંબની પડતી દશામાં નભી શકે તેમ ન્હોતું, એટલે વારંવાર મારી મારફત મારા પિતા પાસેથી તે નાણાં કઢાવતા અને એવે વખતે મારા ઉપર બહુ સ્નેહ બતાવતા. મને થોડા વખત પછી ખબર પડી કે એ પૈસાનો મોટો ભાગ દુરાચારી સ્ત્રીઓમાં ચાલ્યો જતો, એટલે મને બહુ દુઃખ થયું અને મેં ફરી એવી રીતે પૈસા લાવી આપવા ના પાડી. અમારો સંસાર ઝાઝો વખત ટક્યો નહિ અને જે ટુંકો વખત હતો તેમાં પણ આ રીતે કલહ ઉત્પન્ન થયો. વાત લંબાવવા મારી ઇચ્છા નથી. થોડે વખતે પરિણામ એ આવ્યું કે તેમને માથે ઘણું દેવું થયું, અને એમાંથી છુટવા માટે તેણે પોતાનેજ હાથે જીવનનો અન્ત આણ્યો.

સોળ વરસની ભરજુવાન વયે હું વિધવા થઇ! મારા જેવી વિધવાઓની સંખ્યા હિન્દુસ્તાનમાં લાખોથી ગણાય છે એટલે મારું દુઃખ જેટલું મને પોતાને લાગતું તેટલું બીજા કોઇને ન લાગ્યું. પરણેલી ઝિન્દગીને મને વસ્તુતઃ કશો અનુભવ થયો ન્હોતો, મારા પતિની સાથે કદિ મારું દિલ મળ્યું ન્હોતું. બેત્રણ વરસનો પરણેલી ઝિન્દગીનો ઇતિહાસ હું બેત્રણ માસમાં ભુલી ગઇ, અને એ વખતે હું બરાબર પરણવા યોગ્ય ઉમરે પહોંચી હતી. મને જો ફરીથી પરણાવવામાં આવી હોત તો હું બહુ રાજી થઇ હોત, પણ સરકારનો કાયદો ભલે વિધવાવિવાહની છુટ આપે તોપણ ન્યાતના કાયદા હજુ એ છુટ આપતા નથી. મારા ફરીથી પરણવાનો સવાલજ અસ્થાને હતો—આખો ભવ મારે વિધવાવસ્થામાંજ ગાળવાનો હતો.

" એ પછીનો મારા જીવનનો ઇતિહાસ કાળા પાનાંઓથી ભરેલો છે, અને ફરીથી યાદ કરવાનું કે કોઇને કહી બતાવવાનું મને મન નથી થતું. ટુંકામાં એટલુંજ કહું છું કે કેટલાક સંજોગો વચ્ચે મેં મારી પવિત્રતા ગુમાવી, અને પછી જીવનનો અન્ત આણવાનો યત્ન કર્યો, પણ તેમ કરવા જતાં મને એક પરોપકારી સજ્જને બચાવી અને ત્યારથી મારો ઉદ્ધાર થયો અને બાકીની ઝિન્દગી સુધરવા લાગી.

" એ પરોપકારી સજ્જન મુક્તિફોજના એક સભાસદ હતા. આપણા દેશમાં અનેક દુઃખી, નિરાશ્રિત, નિરાધાર અને કંગાલ માણસોના ઉદ્ધાર કાજે આ મુક્તિફોજ જેટલું રૂડું કાર્ય કરેછે એટલું હિન્દુ ધર્મની કોઇ સંસ્થા કરતી હોય એમ મારા જાણવામાં નથી. મને ખબર છે કે કેટલાયે ધર્માચાર્યો પાસે, અને કેટલાયે મન્દિરોમાં લાખો, કરોડો રૂપીઆ છે, પણ તેનો શું ઉપયોગ થાયછે તે મને કદિ ખબર પડી નથી. પરમહંસ પારિવ્રાજકાચાર્યના નામથી પોતાને

ઓળખાવનારા સંન્યસ્ત ગ્રહણ કરેલા શંકરાચાર્યો રાજાઓના જેવા ઠાઠથી રહે છે, પણ એમની લાખોની આવકમાંથી શું પરોપકાર કરવામાં આવે છે તે ઇશ્વર જાણે.

"પણ એ બધી વાતો મારે કહેવાની બહુ જરૂર નથી. હું તો મુક્તિફોજ વિષે થોડુંક કહીશ. એ સંસ્થાનું નામજ એનો હેતુ સૂચવે છે. ખ્રિસ્તી ધર્મમાં એક માન્યતા છે કે જે મનુષ્ય ભગવાન્ જીસસ ક્રાઇસ્ટના શરણમાં આશ્રય લે છે તેનો આત્મા મોક્ષ મેળવી શકે છે. આ રીતે મોક્ષ અથવા મુક્તિ અપાવવાનો પ્રયત્ન કરનાર એ મંડલ બની શકે તેટલા માણસોને ખ્રિસ્તી ધર્મમાં દાખલ કરવાનું કાર્ય કરે છે, અને તેથી એ મુક્તિફોજ કહેવાય છે. માત્ર ક્રાઇસ્ટનો આશરો લેવાથીજ મુકિત મળી શકે છે, અને બીજી કોઇ રીતે નથી મળતી એવો મારો પોતાનો સિદ્ધાન્ત નથી. ગીતામાં પણ કૃષ્ણનો એવો ઉપદેશ છે કે "સઘળા ધર્મોને ત્યજીને મારે શરણે આવ તો હું તને બધાં પાપોથી મુકત કરીશ." કૃષ્ણના જેટલોજ સમર્થ આત્મા જીસસનો પણ હતો અને કૃષ્ણને શરણે મુકિત મળી શકે તેજ રીતે જીસસને શરણે પણ મળી શકે એમાં મને શંકા નથી.

"પણ એ આડી વાત થઇ. આ મુકિતફોજ દુઃખીયોનાં દુઃખ ઓછા કરવાને માટે મહાભારત પ્રયત્નો કરે છે. કામ ધંધા વગરના હોઇને જે લોકો ગુન્હાઓ કરે છે, અને જેલમાં જાય છે, તેમને જેલમાંથી છુટા થયા પછી સારે રસ્તે ચડાવવાનું, સારૂં શિક્ષણ આપવાનું અને ધંધે લગાડવાનું કાર્ય જે બીજી કોઇ સંસ્થા અંહિ કરતી નથી તે આ મુકિત ફોજ કરે છે. તે સિવાય અનેક હુન્નર ઉદ્યોગોનો વિસ્તાર વધારવાનું, રોગીઓની સારવાર કરવાનું, અને બીજું ઘણું પરોપકારનું કાર્ય એ સંસ્થા કરે છે. તેના તરફથી કેટલાંયે દવાખાનાંઓ, બ્હેરા મુંગાની

નિશાળો, અન્ધશાળાઓ અને અનાથાશ્રમો નભે છે. આ પવિત્ર સંસ્થાના પરિચયમાં હું આવી ત્યારથી મારૂં જીવન સારે માર્ગે ચડી ગયું છે.

"એ સંસ્થાનો મૂલ ઉદ્દેશ ખ્રિસ્તી ધર્મનો જેમ બને તેમ ઝાઝો પ્રચાર કરવાનો હોઇને તેને આશરે જે આવે તેને ઘણે ભાગે ખ્રિસ્તી ધર્મની દિક્ષા એ સંસ્થા અપાવે છે. અને તે મુજબ મેં પણ એ ધર્મની દીક્ષા લીધેલી છે. આ બાબતની સામે ઘણા હિન્દુઓને વિરોધ છે, પણ હું તો એમાં ઝાઝો વાંધો જોતી નથી. હિન્દુ કોમમાં અંત્યજોનો પુષ્કળ તિરસ્કાર થાયછે. આ અંત્યજો ખ્રિસ્તી થાય એટલે સારૂં શિક્ષણ પામેછે અને સારે ધંધે લાગે છે, અને જીવન સુધારી શકેછે. એ પછી હિન્દુ કોમ તેમનો તિરસ્કાર નથી કરતી. કૃષ્ણની કે ક્રાઇસ્ટની ભક્તિમાં કંઈ ફર્ક મને દિસતો નથી અને એ બન્નેને અળગા રાખીએ તોય હિંદુઓ અને ખ્રિસ્તીઓ જે પરમેશ્વરને પૂજેછે તે તો એકજ છે. અનેક હિન્દુઓને પોતાના ધર્મ સમ્બન્ધી કશું જ્ઞાન હોતું નથી. એવા લોકો કંઈ સમજ્યા વગર પોતાને હિંદુ કહેવડાવે તેના કરતાં ખ્રિસ્તી ધર્મ સમજી, સ્વીકારીને પોતાને ખ્રિસ્તી કહેવડાવે તેમાં હું તો તેમના આત્માનું વિશેષ શ્રેય જોઉંછું. હિન્દુઓને વટલીને ખ્રિસ્તી થઇ જતા અટકાવવા માટે અને હિન્દુ ધર્મનું શિક્ષણ ,વધારે ફેલાવવાને માટે આર્યસમાજ અને થિઓસોફીકલ સોસાયટી જેવી સંસ્થાઓ ઘણા પ્રયાસો કરેછે, પણ જે લોકો પોતાનું જીવન નભાવી શકવા અસમર્થ હોય તેઓને કેવલ ધર્મનો ઉપદેશજ પુરતો નથી થઈ પડતો. નિરાધાર અને દુઃખીઓને આશ્રય અને સાહાય્ય આપવાનું કાર્ય ધર્મના ઉપદેશની સાથે સાથેજ થતું હોય તો એવા માણસો ધર્મ સમજે અને સ્વધર્મને વળગી રહે. આ સંસ્થાઓ આવું કાર્ય કરવામાં મુક્તિફોજના કરતાં ઘણી પછાત છે, એટલે

ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરવાથી ઘણા માણસોને તે બચાવી શકતી નથી. જેઓ ધર્મનાં રહસ્યો સારી રીતે સમજતા હોય તેઓ સ્હેલાઇથી ખ્રિસ્તી થઇ જતા નથી, અને જેઓ બિલકુલ સમજતાજ નહોય તેઓ ખ્રિસ્તી થાય તો બહુ વાંધો નથી કેમકે ગમે તે ધર્મદ્વારા છેવટે ઇશ્વરને પમાય છે એતો ચોકકસ છે.

"પાપ કરીને જીવનનો અન્ત આણવા જતી હતી તેવામાં મને આ મુક્તિફોજે આશ્રય આપ્યો, અને પછી તરત મેં ખ્રિસ્તી ધર્મ ગ્રહણ કર્યો. મારા ઘરબારનો મેં ત્યાગ કરી દીધો હતો અને મારી પાછળ મારી શોધ ખોળ થઇ હતી પણ જ્યારે છેવટે મેં પરધર્મ અંગીકાર કર્યાની વાત ઝાહેર થઇ ત્યારે જ્ઞાતિ અને સમાજમાંથી બહિષ્કાર પામવાની બ્હીકે મારાં માતપિતા કે સાસરીઆંએ મારો ફરી સ્વીકાર કરવા ઇચ્છા ન કરી અને મને તો જ્ઞાતિએ, સંગાંવ્હાલાંઓએ અને સમાજે સૌએ અળગી કરી. પણ મને મુક્તિફોજે સારો આશ્રય આપ્યો હતો. ત્યાં રહીને મેં ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓનો સારો અભ્યાસ કર્યો. સ્ત્રીઓને છાજતી ભરત, ગુંથણ, સીવણ, વગેરે અનેક કલાઓ શિખી. ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ મેળવ્યું અને પછી મારા ખાસ શોખથી બીજા ધર્માનો પણ થોડો ઘણો અભ્યાસ કર્યો. થોડા વરસમાંજ હું આબરૂદાર રીતે જાત મહેનતથીજ મારૂં ગુજરાન ચલાવી શકું તેટલી શક્તિ પ્રાપ્ત કરી અને પછી મુક્તિફોજની શાળાનો આશ્રય તજીને મારી મેળેજ મહેનત કરી મારૂં ગુજરાન મેળવી લેવા હું બહાર નીકળી. પણ હું લોકોની આંગળી ચીંધવાનું પાત્ર થઇ પડી હતી, કારણકે શહેર નાનું અને ત્યાં અમારી કોમની વસતિ ઝાઝી છે એટલે મને ઘણા ઓળખતા. એની મને ઝાઝી પરવા ન્હોતી, પણ એથી મને કામ મળતું નહિ એટલે મને મુમ્બઇ આવવા ઇચ્છા થઇ. મુમ્બઈ સમુદ્ર જેવડું મોટું શહેર છે અને લાખો

માણસોની વસતિમાં કોઇ મને ઓળખતું ન્હોતું, પણ હું મુમ્બઇથી તદ્દન અજાણી હતી એટલે અંહિ આવતાં મને બહુ બ્હીક રહેતી હતી—અને ઘણો વખત સમાજનો તિરસ્કાર ખમીને સુરત આવી. ત્યાં એક સહૃદય વૃદ્ધ સજ્જન મારા ઓળખીતા હતા. તેઓ પહેલાં મારી નિશાળમાં શિક્ષક હતા અને પછી નિવૃત્ત થઇને સુરત રહેતા હતા. તેમને આશરે હું ગઇ અને તેમણે મને સુન્દર ઉપર ભલામણ લખી આપી અંહિ મોકલી. અહિં આવી ત્યારથી સુન્દરના ઘરમાં રહું છુ. બે ત્રણ ઠેકાણે ભરત ગુંથણ શિખવવા અને એક બે નાની છોકરીઓને ભણાવવા જઉં છું અને એ આવકપર મારૂં ગુજરાન ચાલે છે. નવરાસના વખતમાં જુદા જુદા ધર્મોનો અભ્યાસ કરૂં છું અગર કોઇ પાદરી પાસે જઇ ખ્રિસ્તી ધર્મનાં ઉંડાં તત્ત્વો સમજવા પ્રયત્ન કરૂં છું—અને હાલ તો સુખી છું—ભવિષ્ય ઇશ્વરને હાથ.”

અંહિ અમીલતા અટકી. થોડીવાર કં ન બોલી એટલે મેં પુછ્યું,

“ત્યારે, તમારા માતપિતા કે સાસરીઆં તમારી કશી શોધ કરાવતા નથી ?”

“માતપિતા હવે રહ્યા નથી. સાસરીયાંને મારે માટે કાળજી હોય એમ હું માનતી નથી—એટલે હવે તો જગતમાં મારૂં કોઇ નથી. પહેલાંના જે સ્નેહી સંબંધીઓ હતા તેમણે ખ્રિસ્તીધર્મ ગ્રહણ કર્યા પછી મારો સર્વત્ર તિરસ્કાર કર્યો છે, અને હવે એ કોઇ મને કોઇ રીતે મદદ કરે તેમ નથી. આ સ્થિતિમાં ખરો ઉદાર આશ્રય એક સુન્દરે આપ્યો. એણે મને ન ધિક્કારી. સમાજની ટીકાનો ભય ન ગણકાર્યો અને પોતાનાજ ઘરમાં રહેવાની જાતે અગવડ વેઠીને પણ મને સગવડ કરી આપી. એ પછી મુગ્ધા બ્હેનની મને ઓળખાણ

થઇ અને તેમને હું શિખવવા લાગી અને તેમની મૈત્રી થઇ. ત્યાર પછી આજે તમે દમ્પતીની ઓળખાણ થઇ. હવે બસ. વધુ મિત્રો કરવા મારી મરજી નથી. તમો સૌ મને આનન્દ અને આશ્વાસન આપી શકો તેમ છો, અને મને બીજી કશી અપેક્ષા નથી." *

બીજા કેટલાક નોખા નોખા વિષયો પર સૌએ વાત કરી. થોડે વખતે મુગ્ધાની અસ્વસ્થતા કંઇક ઘટતી ગઇ, અને આનન્દમાં એ પણ ભાગ લેવા લાગી. પછી વખત થતાં મારાં મ્હેમાનો મારે ઘેરથી વિદાય થયા.

જતાં જતાં મુગ્ધા ન દેખે તેમ સુન્દરે એક પરબીડીયું મારા વરના હાથમાં મુકી દીધું.

બધા ગયા પછી એ ખોલી, અન્દરનો પત્ર તેમણે વાંચ્યો–પછી મને વાંચવા આપ્યો.

---

* [આ સિવાય પોતાના જીવનની બીજી કેટલીક વાતો અમીલતાએ એ વખતે કહી–તે બધી પુસ્તકમાં મૂકવા જેવી નથી. આ સ્મરણોની સંકલના સાચવવા માટે અમીલતાનો આટલો ઈતિહાસ પુરતો છે. મને તેની સાથે પરિચય વધતો ગયો તેમ તેમ તેના ઉપર વધુને વધુ પ્રીતિ બન્ધાતી ગઈ, અને તેની પાસેથી મેં ઘણી વાતો જાણી. ધર્મ અને ફીલસુફી વિષે હું ઘણું શિખી પણ એ બધી બાબતોને અંહિ સ્થાન આપવા મારી ઈચ્છા નથી. મુક્તિફોજ શું છે અને એ શું કામ કરે છે એ પણ મેં તેજ દહાડે અમીલતા પાસેથી જાણ્યું હતું અને એટલો ભાગ મેં પ્રકટ કર્યો છે. તેની "જિન્દગીના ઈતિહાસનાં કાળાં પાનાં" જે તેણે તે દહાડે ઉઘાડવા ના કહી હતી જે પણ પછી તો મેં બધાં વાંચ્યા–પણ એ જાહેર નહિ કરૂં.]

૧૪.

એ પત્રમાં નીચે પ્રમાણે લખેલું હતું:

× ×

સ્હવારના ૧૧.

" મારા વ્હાલા ભાઇ સુન્દર !

ગઇ રાત્રે તમારે ઘેરથી નીકળીને હું મારે ત્યાં આવી ત્યારે માર ઘરનું વાતાવરણ જાણે કંઇક નવું નવું લાગવા માંડયું. મારા હૃદયપરથી જાણે એક મોટો ભાર ખાલી થઇ ગયો હોય તેમ લાગ્યું. મારા અન્ત રમાંથી અમાનુષી વાણીથી કોઇક આ શબ્દો બોલતું લાગ્યું: 'મુગ્ધા તું પરમેશ્વરની નજીક આવી છે-પરમેશ્વરના તારા પર આશિર્વાદ છે,

" ઘડીઆળમાં એ વખતે અગીઆર વાગવા આવ્યા હતા છત મને ઉંઘ આવતી ન્હોતી. મારે માટે બિછાનું તૈયાર હતું, પણ આજે તેમાં સુવાનું મને મન ન થયુ. એ બિછાનું આજે મારા વર વગર મને ખાલી લાગવા માંડયું અને હમેશ રાત્રે જે વ્યકિત મારાથી દૂર રહે એમ ઇચ્છતી તેની ગેરહાજરી આજે મને સાલવા લાગી. જેનાપર મને ક્દિ સ્નેહ ઉપજ્યો ન્હોતો તે મારા વરની આકૃતિ મારી કલ્પનામાં દેખાઇ અને તેમનાથી દૂર રહેવા ઇચ્છતી તે આજે એ આકૃતિ મને ભેટી શકે એવુ ઇચ્છવા લાગી. બીજી ક્ષણે મારી કલ્પનામાં મારી દુષ્ટ વાસના તૃપ્ત કરનારા અનેક પુરૂષો દેખાયા અને તેમની સાથ તેમનામાં રહેલ અનેક દુર્ગુણો અને દુર્વ્યસનો મારી કલ્પનાસૃષ્ટિમાં તરી આવ્યા. તે બધાની આકૃતિયો મારી સામેથી અદૃશ્ય થઇ જાય તેવું હું ઇચ્છવા લાગી.

" સિનેમેટોગ્રાફની ફીલ્મ જોતી હોઉં તે પ્રમાણે મારી કલ્પનાના પડદાપર ચિત્રોની પરંપરા ચાલવા લાગી. પ્રમદાને ત્યાં આપણે પહેલાં

મળ્યાં હતાં તે પ્રસંગ યાદ આવ્યો. તમારે ઘેર હું પહેલીવાર આવી હતી તે પ્રસંગ યાદ આવ્યો. ચિત્રો એમ ને એમ ખડાં થતાં ગયાં અને છેવટે, છેલ્લાં આપણે મળ્યાં તે વખતે, 'બ્હેન ! મારી પાસે બેસીને, પરમેશ્વરની અંહિ હાજરી માનીને તેની સમક્ષ પ્રતિજ્ઞા કરો કે હવેથી કદિ તમે તમારા પતિ તરફ બેવફા નહિ થાઓ', એ શબ્દો બોલ્યા તે વખતનું તમારૂં સુન્દર વદન દેખાયું. શિલ્પકારો પરમેશ્વરની મૂર્તિ તમારા જેવી ઘડવાને બદલે કુબડા મ્હોંવાળી અને ઠુંઠા હાથ પગ વાળી શામાટે ઘડતા હશે ?

"મારા વર ફરીથી યાદ આવ્યા. અત્યારે એ પાસે હોય તો તેની પાસે મારા બધા પાપની માફી માંગી લઉં અને મારા ભ્રષ્ટ ચારિત્ર્યને સુધારનાર સુન્દરનાં એની પાસે વખાણ કરી મનનો ભાર હળવો કરૂં એમ થયું. 'મેં તેની જાણબ્હાર, તેને છેતરીને અનેક વાર બેવફાઇનું પાપ કર્યું છે, એવું ફરીથી ભાન થયું. જેનામાં સૌન્દર્ય નથી એમ હું માનતી તે મને આજે ખુબસુરતીના ભંડાર-રૂપ લાગ્યા. જેમની વાતો સાંભળીને હું રોજ કંટાળતી તે વાતો સાંભળવાને આતૂર થઇ ગઇ.

"પણ અત્યારે એ કશું બની શકે તેમ ન્હોતું. મને રડવું આવ્યું–શામાટે રડું છું એ ખબર પડી નહિ પણ હું ડુસકા મુકીને મોટે અવાજે રડવા લાગી. રડી શકી ત્યાં સુધી રડી, પછી, જેની પ્રાર્થના કરતાં હું કદિ શિખી ન્હોતી તે પરમેશ્વરને સંબોધી, ઝમીનપર ગુંઠણીએ પડીને હાથ જોડી, ઉંચે મ્હોંયે કહેવા લાગી;

"'ઓ પિતા ! હું અપરાધી છું અને તારી પ્રાર્થના કરવાને લાયક નથી, પણ સુન્દર કહેછે કે પરમેશ્વર ગમે તેવાં અધમ પાપો માફ કરી શકે છે અને શિક્ષા કરતાં ક્ષમા કરવાનું પ્રભુને વધારે ગમેછે. ઓ પ્રભુ ! મારાં પાપ તું માફ કરીશ ?'"

" ઘડીઆળમાં બારના ટકોરા થયા. ક્યાંક દૂરથી એકતારાનો રણકો મારા કાનમાં અથડાયો. સાથે કોઇ જાડા અવાઝથી ગાતું હતું.

' પાપ તારાં પરકાશ જાડેજા!
ધરમ તારા સંભાળ,
તારી બેડલી હું બુડવા નહિ દઉં......'

' મારી બેડલી હું તારે હાથ મુકું છું પ્યારા પ્રભુ! બુડવા દઇશ નહિ. પાપી તોયે તારૂં બાલક છું અને તારી ક્ષમાનું પાત્ર છું–બાપ! મને માફ કર ' આ શબ્દો હું બોલી અને ઝમીનપર પડી ગઇ........ત્યાર પછી શું થયું તેનું મને સ્મરણ રહ્યું નથી.

" હું જાગી ત્યારે મારી આસપાસ કેટલાક માણસો મારી સારવાર કરતા ઉભેલા હતા. મારા મ્હોંપર છંટાયેલ ગુલાબજળની મને સુગન્ધ આવવા લાગી. આંખો ચોળીને જરા સ્વસ્થ થઇ જોયું તો મારા ઓરડાનાં દ્વાર ખુલ્લાં હતાં–અન્દર સૂર્યનો પ્રકાશ આવતો હતો. ધીમે ધીમે બધું યાદ કરતાં કાલ રાતે બાર વાગે હું બેફામ થઇ ગઇ હતી ત્યાં સુધીના બનાવો યાદ આવ્યા. ઘડીઆળના કાંટાઓ સાડા આઠ વાગ્યાનો વખત સૂચવતા હતા.

હું ભડકીને ઉભી થઇ, મન સ્વસ્થ કર્યું. બધી વસ્તુસ્થિતિ તરત મારા સમજવામાં આવી ગઇ. મારી પાસેના માણસો એમ સમજતા જણાતા હતા કે મને કંઇક દર્દ થયું છે, પણ કંઇ પુછવાની હિંમત કરતા ન્હોતા. મને સૌ આરામ લેવાની સૂચના કરવા લાગ્યા, પણ મેં સૌને કહ્યું કે મને કંઇ દર્દ નથી—અને થોડીવારે સ્વસ્થ થઇને મેં કામમાં ચિત્ત પરોવ્યું.

" મારા ભાઇ! મારૂં અન્તઃકરણ મને કહે છે કે હું પરમેશ્વરની માફી મેળવી શકી છું. મારૂ દિલ શુદ્ધ થઇ ગયું છે એમ મને લાગે છે.

"બધી હકીકતથી મારા સ્વામીને વાકેફ કરવા પહેલાં મારી ઇચ્છા હતી, પણ તેનું શું પરિણામ આવશે એ મને ચોક્કસ નથી સમજાતું એટલે હમણાં તો તેમને એકે વાત કહીશ નહિ. આ પણ એક પાપ તો ગણાશે પણ મારૂં અન્તર હવે શુદ્ધ થયેલું છે. એટલે તેમની મને માફીજ મળશે એમ ખાતરી થતાં સુધી આ વાત છુપાવી રાખવીજ મને ઉચિત લાગે છે.

"હૃદયની લાગણીઓ મહા પ્રયત્નેય શબ્દો વડે બતાવી શકાતી નથી, એટલે હૃદયમાં ઘણુંય કહેવાનું ભરી રાખ્યું છે પણ હાલ તો લખતી અટકું છું.

લિ૦ તને સદા, સર્વથા સુખી ઇચ્છનાર,
તારી બ્હેન મુગ્ધાની આશિસ."

૧૫.

એ બધા બનાવો પછી થોડાક મહીના વધુ પસાર થઇ ગયા.

વખતો વખત મને એ વાતો યાદ આવ્યા કરતી હતી. હું ભણી ગણી હતી, પણ દુનિયાનો મને ઝાઝો અનુભવ થયો ન્હોતો–તે પરણ્યા પછી થોડા વખતમાંજ ઘણો થઇ ગયો. મુગ્ધાનો આખો વૃત્તાન્ત યાદ કરતાં મને કેટલાયે વિચારો આવ્યા કરતા. અમીલતાની વાતો સાંભરતાં મને દરેક વખતે દુનિયાની રચના વધુને વધુ વિચિત્ર લાગ્યા કરતી. બીચારી બન્ને અબલાઓ–પૂર્વના પાપને લીધે, સમાજનાં બંધનોને લીધે અથવા પોતાનીજ ભૂલોને લીધે–ગમે તે રીતે–ઘણું દુઃખ ભોગવી રહી હતી. પણ પછી એમાંથી છુટી અને સુખી થતી જતી હતી. એકવાર ભૂલ કર્યા પછી જે માણુસ અંતરથી પસ્તાવો કરીને સીધે માર્ગે ચડે છે તે ત્યાંથી ભાગ્યેજ પાછું વળે છે.

અમીલતા તો લાંબા પરિચયે મને સગી બ્હેન જેટલી પ્રિય થઇ પડી હતી, અને અમે આખા દિવસમાં એક બીજાને ન મળીએ તો ચેન ન પડતું.

મુગ્ધાનું પણ જીવન સદંતર ફરી ગયું હતું. પતિના શુષ્ક હૃદયને પ્રેમનું પાણી સીંચીને તેણે આર્દ્ર બનાવી દીધું હતું અને ઘણે ભાગે તો પેલો સુન્દરવાળો ઇતિહાસ તેણે તેના વરને કહી બતાવ્યો હતો–પણ મને એ વાતની ખાતરી નથી. મેં એ બધી વાત જાણી છે એવું મુગ્ધાને મેં કદિ જાણવા દીધું નથી. પણ એ દિવસ પછીની મુગ્ધા તેણે પોતે કહ્યું હતું તેમ ખરેખર બદલાઇ ગઇ હતી અને તેના સુખમાં જે એકજ ખામી હતી તે દૂર કરી શકી હતી.

આથી વધારે મારી એ બન્ને સખીઓના સંબંધમાં વિશેષ નોંધવા જેવાં કોઇ સ્મરણો નથી.

× × × ×

થોડા વખત પછી એક દિવસ મારા વરે મને એક બહુ હર્ષદ બનાવની વધામણી આપી. સુન્દરનું વેવિશાળ કરવામાં આવ્યું અને થોડા દિવસો પછીજ લગ્ન નક્કી ઠર્યું.

સુન્દરને માટે જે કન્યા પસંદ કરવામાં આવી હતી તેને મેં પહેલીજ વાર જોઇ ત્યારે મને એમ થયું કે મેં એને આગળ ક્યાંક જોઇ છે. તેની ખુબસુરતી અજબ હતી. પહેલીજ વાર તેને જોઇ ત્યારે મને તેના ઉપર એટલું બધું વ્હાલ ઉપજયું કે સૌની હાજરીમાં પણ તેને એક ચુમી કરવાની ઇચ્છાને હું રોકી શકી નહિ. એના મ્હોં ઉપર નિર્દોષ સ્મિત, આંખમાં પ્રેમ અને આખા ચ્હેરા પર સર્વત્ર પવિત્રતાનું તેજ ઝળહળતું હતું. ઘણી ઘણી વાર કલ્પના કરી જોઇ પણ આગળ એ કુમારિકાને કયાં જોઇ હતી તે ન

સાંભર્યું. છેવટે ઘણી વારે યાદ આવ્યું કે તે દિવસે સુન્દર મને મળવા આવ્યો તે વખતે ઉંઘમાં સ્વપ્નમાં મેં જે કુમારિકા જોઇ હતી તેનો ચ્હેરો આના જેવો હતો. પછી કદાચ આ મારા મનનીજ કલ્પના હોય. મારૂં હૃદય પોતાના તરફ ખેંચી લેવાને માટે માત્ર એનું સૌન્દર્યજ બસ હતું, છતાં સૌન્દર્ય ઉપરાંત તેના બીજા સદ્દગુણો મને જેમ જેમ વધારે માલમ પડતા ગયા તેમ તેમ મારા અન્તરમાં મારી એ ભાભીને માટે વધુ વધુ પ્રીતિ ઉત્પન્ન થતી ગઇ.

સુન્દરનું લગ્ન ઠર્યું, ત્યારથીજ લગ્નોત્સવની મોજ માણવાને હું આતૂર બની રહી. લગ્ન પ્રસંગે સુન્દર અને તેની પત્નીને જોઇને કામ અને રતિનું યુગલ કેવું દેખાતું હશે તેનો મને માનુષી દૃષ્ટિએ કંઇક ખ્યાલ આવ્યો.

સુન્દર પરણી ચુકયો—અને અમે તે નવા પરણેલા દમ્પતિની મશ્કરીયો કરીને આનન્દ મેળવતાં હતાં. લગ્ન થયા પછી વર–કન્યા પહેલીજ રાતે મળે તે વખતે બન્નેના હૃદયમાં જે લાગણીઓ અને અને ઉર્મિયો ઉભરાઇ જતી હોય તેનો અનુભવ વિના ખ્યાલ આવી શકે તેવું નથી. સુન્દરે તે રાત્રે પોતાના બધા મિત્રોને તથા તેમની પત્નીયોને પોતાને ઘેર નોતરીને એક મોટી મીજબાની આપી હતી.

૧૬.

એ મીજબાનીમાં ભાગ લેવાને હું અને મારા વર બેઉ ગયા હતા. ઘરની ઉપરની વિશાલ અગાસીના એક ભાગમાં કેટલીક મદોન્મત્ત સુન્દરીઓ રાસ ગાતી ફરતી હતી અને બીજા ભાગમાં સુન્દરના મિત્રો તેની ફરતા બેસીને વિવિધ વિનોદ કરી રહ્યા હતા.

થોડીવાર ઉભા રહીને મેં બધું જોયા કર્યું. નાટક, ચાંદની, સંગીતના જલસા અને આવા રાસ વગેરે જોઇ હું કંઇક નશો કર્યો હોય એવી ઉન્મત્ત દશામાં આવી જઉં છું અને એવે વખતે મ્હારા જીવનની ક્ષણો મને બહુ મીઠી લાગે છે. મને ઉભેલી જોઇને એક સખી રાસમાંથી દોડી આવીને ખેંચી ગઇ—હું સૌની સાથે રાસ ગાવામાં ભળી ગઇ.

ઘણીઓએ નવા નવા રાસ ગવરાવ્યા. છેવટે સહુએ સાથે મળીને મને પણ એક રાસ ગવરાવવાનું કહ્યું.

સુન્દરની પત્ની અમારી સાથેજ રાસ ગાતી હતી. ત્હેને મેં અમારા વર્તુલમાં મારી સામેજ રહે તેવી રીતે રાખી રાસ કરતો કર્યો, અને ગવરાવવા લાગી.

* "અજબ સલુણી પ્યારી મૃગલા નયણી,
તેં મોહન વશ કીનો રે."

સુન્દરની પત્નીની સાથે મારી દૃષ્ટિ મળી—એ શરમાઇને નીચું જોઈ ગઇ.

ઝીલનારીઓ બોલી:—

* "અજબ સલુણી પ્યારી મૃગલા નયણી,
તેં મોહન વશ કીનો રે."
"ઉતારા ઓરડા અતિરે ઘણેરા."

---

* પ્રાચીન સ્ત્રીગીતોમાંથી.

ઝીલનારીઓએ એ લીટી ફરીથી ગાઇ.

"ઉતારા મેં કછુ કીનો રે.

અજબ સલુણી પ્યારી મૃગલા નયણી

તેં મોહન વશ કીનો રે."

ફરીથી અમારી નઝર મળી-ફરીથી તે શરમાઇ ગઇ.

રાસ આગળ ચાલ્યો.

× × × ×

"મુખવાસ એલચી અતિરે ઘણેરા,

મુખવાસમેં કછુ કીનો રે;

અજબ સલુણી પ્યારી મૃગલા નયણી

તેં મોહન વશ કીનો રે."

× × × ×

"પોઢણુ ઢોલીયા અતિરે ઘણેરા,

પોઢણુ મેં કછુ કીનો રે.

આ લીટી બોલતાં બોલતાં પેલીની સામુ જોઇને મને ખડખડાટ હસવું આવી ગયું. તે બીચારી બહુજ શરમાઇને આડું જોઇ ગઇ.

એક સુન્દરી બોલી ઉઠી.

"પ્રમદા તું તો આજ કૈં અજબ રંગમાં આવી ગઇ લાગેછે."

શરમાતી શરમાતી પેલી નાજુકડી નવોઢા બોલી.

"તમે મારી આટલી બધી મશ્કરી કરોછો તે મને નથી ગમતું, પ્રમદા બ્હેન!"

વળી બધી સુન્દરીઓ હસી પડી. "એને બીચારીને જવા દે પ્રમદા! હજી તો આજેજ 'પોઢણુમાં જાદું' કરવાનું કામ બાકી છે." એક બોલી.

"એક રાસ ગવરાવ્યા વગર એમ જાય ક્યાં ?" બીજીએ કહ્યું.

હજી કોઇ વધુ આગ્રહ કરે ત્યાર પહેલાં તો એ બધી શરમ કોરે મૂકી દઇને, ચીડાઇ ગઇ હોય તેમ બોલી.

"હું બહુ થાકી ગઇછું–મારાથી હવે રાસ ગવરાવો નહિ અને–મને તો ઉંઘ આવેછે."

એ અમારી સાથે બોલતી હતી પણ તેની આંખો પુરૂષ વર્ગ બેઠો હતો તે તરફ ફરતી હતી. એની દૃષ્ટો દૃષ્ટ કોની સાથે મળેછે તે જોવા જતાં સૌની નઝર સુન્દર પર પડી. વળી બધી સુન્દરીઓ હસી પડી.

"સુઇજા, બ્હેન! જા. સુઇજા. તને ઉંઘ આવતી હશે ખરી." મેં કહ્યું.

રાસ વિખરાયો અને આવેલા મહેમાનો કંઇક ઉપાહાર લઇ પોત પોતાને ઘેર ગયા.

કોઇક માનેછે કે પરમેશ્વરની ભકિત જેવો આનન્દ કશામાં નથી. ખરૂં. કોઇક માનેછે કે બ્રહ્માનન્દ એક અવર્ણ્ય આનન્દ છે. તેય ખરૂં. એ અને એવી બીજી વાતોમાં સૌ સૌની બુદ્ધિ પ્રમાણે સૌને આનન્દ લાગે એમાં કંઇ ખોટું નથી. સૌને ઠીક પડે તેમ સૌ ભલે માને–હું એમ માનુંછું કે સુન્દર, યુવાન અને રસિક પતિના પ્રથમ સમાગમની રાત્રિયે સ્ત્રીને જે આનન્દ મળેછે તેવો ઝિન્દગીમાં પહેલાં કે પછી કદિ મળતો નથી.

મોડી રાતે ઘેર આવીને અમે દમ્પતિ અમારા શયનખંડમાં બેઠાં. મને આનન્દનો નશો હજી ઉતર્યો ન્હોતો.

"વ્હાલા ! તેં સુન્દરને એના લગ્નની શું ભેટ આપી તે મને ખબર પડી નહિ."

"સુન્દરને અને તેની પત્નીને આપણે બન્નેએ હજી હવે ભેટો આપવાની છે—શું આપવું તે આપણે વિચાર કરી નક્કી કરશું."

"વારૂ હું જે માગું તે તો મને હમણાં આપીશને ?"

"શું ?"

"તારી પાસે ઝિન્દગીમાં પહેલીજ વખત જે યાચના કરી હતી તેજ આજે ફરીથી કરૂંછું."

"પહેલાં તેં શું માગ્યું હતું તે મને યાદ નથી."

"પ્રભુ મને પલકે વિસરશો માં."

ખતમ.